પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FRIDAY, 28 AUGUST, 2025 Vol. 23, No. 33 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news




જમ્મુ-કાશ્મીરમાં આભ ફાટતા ભૂસ્ખલન, 41નાં મોત

PAGE NO. 15



US ટેરિફ સામે ભારત 40 દેશો સાથે ડીલનો પ્લાન ઘડશે

PAGE NO. 18

### હાવર્ડ, સ્ટેફોર્ડ, કોલોરાડો, પ્રિન્સ્ટન જેવી યુનિવર્સિટીઓમાં અમેરિકન વિદ્યાર્થીઓ દ્વારા જ નવી નીતિનો વિરોધ

# સ્ટુડન્ટ-વીઝા પોલિસી : 7 બિલિયન ડોલર્સની રેવન્યુ જશે

### 60,000 લોકો રોજગારી ગુમાવશે, 2025-26માં ભારતથી યુએસ જતા વિદ્યાર્થિની સંખ્યામાં 46 ટકાનો ઘટાડો થયો છે

**ન્યૂયોર્ક**

ટ્રમ્પ સ્ટુડન્ટસ વીઝા રૂલ્સ કડક કરી રહ્યા છે. ગેરકાયદે વસાહતીઓ સામેનાં કઠોર પગલાના ભાગ રૂપે તે થાય છે. પરંતુ તેથી અમેરિકાનાં અર્થતંત્ર પર પણ અસર થવાની છે. બીજી તરફ હાવર્ડ, સ્ટેફોર્ડ, કોલોરાડો, પ્રિન્સ્ટન જેવી યુનિવર્સિટીઓમાં અમેરિકન વિદ્યાર્થીઓ જ તેનો વિરોધ કરી રહ્યા છે. હાવર્ડના વિદ્યાર્થીઓ પ્લેકાર્ડઝ દર્શાવી રહ્યા છે કે વિદેશી વિદ્યાર્થીઓ વિના હાવર્ડ હાવર્ડ નહીં રહે. ટ્રમ્પની નવી વિદ્યાર્થી વીઝા નીતિને લીધે વિદેશોમાંથી આવતા વિદ્યાર્થીઓમાં ૩૦થી ૪૦ ટકાનો ઘટાડો થઈ ગયો છે. તેના પરિણામે તે વિદ્યાર્થીઓની મૂળભૂત સવલતો સાચવનારા જેવી કે કપડાં ધોવાં, ઈસ્ત્રી કરવી, વિદ્યાર્થીઓ માટે નાસ્તા, ભોજનની વ્યવસ્થા કરવી વગેરે કામમાં જોડાયેલા ઓછામાં ઓછી ૬૦,૦૦૦ જેટલાની રોજગારી છીનવાઈ જશે. તે ઉપરાંત વિદ્યાર્થીઓની ફી પુસ્તકો તથા રોજીંદી સવલતોનો ખર્ચ ઘટી જતાં અમેરિકાનાં અર્થતંત્રને ૭ બિલિયન ડોલર્સની ઘટ પડવા સંભવ છે.

આ માહિતી આપતાં એક સ્વૈચ્છિક સંસ્થા નેશનલ એસોસિયેશન ફોર ફોરેન સ્ટુડન્ટસ ઈન અમેરિકા (એન.એ.એફ.એસ.એ.) દ્વારા કહેવામાં આવ્યું છે કે, ૨૦૨૩'૨૪માં અમેરિકાની યુનિવર્સિટીઓએ ૧૧,૨૬,૬૯૦ વિદ્યાર્થીઓને એડમિટ કર્યા હતા. તેથી ૪૩.૮૩ બિલિયનની રેવન્યુ મળી હતી. અને ૩,૭૮,૧૭૫ નવી રોજગારી ઉભી થઈ હતી. ૨૦૨૪'૨૫માં તે આંક વધીને ડોલર ૪૬.૧૩ બિલિયન રેવન્યુ અને ૩,૯૮,૦૨૯ નવા જોબ્સ સર્જાયા હતા. જો કે, ૨૦૨૫-૨૬માં તેમાં ૧૫ ટકા ઘટાડો થયો હતો. એકંદરે ૧૦,૦૭,૯૬૫ વિદ્યાર્થીઓએ ૩૯.૨૧ બિલિયન ડોલર્સ આપ્યા અને ૩,૩૮,૩૨૫ રોજગારી ઊભી કરી હતી. આમ એકંદર ૬૦,૦૦૦ રોજગારી અને ૭ બિલિયન ડોલર્સની રેવન્યુ ઘટવા સંભવ છે. અમેરિકામાં સૌથી વધુ ભારતમાંથી વિદ્યાર્થીઓ આવે છે. પરંતુ નવી નીતિને લીધે તેમાં ૪૬ ટકાનો ઘટાડો થયો છે જ્યારે ચીની વિદ્યાર્થીઓની સંખ્યામાં ૨૬ ટકાનો ઘટાડો થયો છે. આ શૈક્ષણિક સત્રનાં (સપ્ટેમ્બર) પ્રારંભે ૧,૫૦,૦૦૦ જેટલા ઓછા વિદ્યાર્થીઓ આવશે. અમેરિકામાં ભારત, ચીન, નાઈજીરિયા અને જાપાન વગેરે દેશોમાંથી વિદ્યાર્થીઓ આવે છે. તે પૈકી ભારતીય વિદ્યાર્થીઓમાં ૪૬% અને ચીની વિદ્યાર્થીઓમાં ૨૬ ટકાનો ઘટાડો નોંધાયો છે. જેથી અમેરિકામાં રોજગારી તથા રેવન્યુ બંનેમાં થોડી ખોટ આવશે.

# રશિયાનો યુક્રેન પર 629 મિસાઇલો અને ડ્રોનથી હુમલો, 14થી વધુ લોકોના મોત

### હુમલામાં અનેક રહેણાંક ઇમારતો અને ઑફિસો ધરાવતા કેન્દ્રને નુકસાન





**મોસ્કો**

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને લગભગ ચાર વર્ષ થઈ ગયા છે, છતાં કોઈ પક્ષ પીછેહઠ કરવા તૈયાર નથી. તાજેતરમાં, રશિયાએ યુક્રેનની રાજધાની કિવ પર મોટો હુમલો કર્યો છે. યુક્રેનનો દાવો છે કે આ હુમલામાં ઓછામાં ઓછા 14 લોકોના મોત થયા છે અને 48 લોકો ઘાયલ થયા છે, જેમાં ત્રણ બાળકોનો પણ સમાવેશ થાય છે. આ હુમલામાં અનેક રહેણાંક ઈમારતો અને ઑફિસ સેન્ટર્સને નુકસાન થયું છે, જેમાં યુક્રેનમાં યુરોપિયન યુનિયન(EU)ના પ્રતિનિધિમંડળની ઈમારત પણ સામેલ છે.

આ હુમલાની યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સ્કી એ સખત નિંદા કરી છે. તેમણે કહ્યું કે આ હુમલા માટે માત્ર યુરોપીયન યુનિયન જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ દ્વારા નિંદા થવી જોઈએ. તેમણે રશિયા પર નવા અને કડક પ્રતિબંધો લાદવાની પણ માંગ કરી. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનએ પણ આ હુમલાની નિંદા કરતાં કહ્યું કે રશિયાએ એક જ રાતમાં 629 મિસાઈલો અને ડ્રોન છોડ્યા, જે આતંક અને બર્બરતા દર્શાવે છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો છે કે, અમે અમારા તમામ લક્ષ્યો હાંસલ કરી લીધા છે. અમે હુમલો કરવા માટે હાઈપરસોનિક કિંજલ મિસાઈલ, ડ્રોનનો ઉપયોગ કર્યો છે. રશિયા યુક્રેન પર હુમલા કરવાનું ચાલુ રાખશે કારણ કે યુક્રેન પણ રશિયાના રહેણાંક વિસ્તારોને ટાર્ગેટ કરી રહ્યું છે.' જોકે, રશિયાએ એ પણ કહ્યું કે તે રાજકારણ અને કૂટનીતિ દ્વારા પોતાના લક્ષ્યો હાંસલ કરવા માટે હજુ પણ વાતચીત માટે તૈયાર છે.

# બ્રિટનમાં પાકિસ્તાની દુષ્કર્મીઓની ગેંગ સક્રિય, સાંસદના રિપોર્ટથી ખળભળાટ

### ગેંગ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં નિષ્ફળતા મળ્યાનો એકરાર, અસામાજિકોને ડિપોર્ટ કરવા સૂચન અપાયું

**લંડન**

બ્રિટનના સાંસદે પાકિસ્તાની દુષ્કર્મીઓની ગેંગ મામલે ચોંકાવનારો ખુલાસો કરતા ખળભળાટ મચી ગયો છે. અપક્ષ સાંસદ રૂપર્ટ લોવે તપાસ કર્યા બાદ રિપોર્ટમાં કહ્યું છે કે, દેશના 85 વિસ્તારોમાં પાકિસ્તાની દુષ્કર્મીઓની ગેંગ સક્રિય છે, જેઓ નિર્દોષ છોકરીઓને શિકાર બનાવી રહ્યા છે. આ દુષ્કર્મીઓની ગેંગમાં મુખ્યરૂપે પાકિસ્તાની પુરુષ સામેલ છે અને તેઓ દાયકાઓથી આવા ઘૃણાસ્પદ કૃત્યોને અંજામ આપી રહ્યા છે.

રૂપર્ટ લોવએ સોશિયલ મીડિયા પર શેર કરેલ 'ગેંગ-આધારિત બાળ જાતીય શોષણ' રિપોર્ટમાં કહેવાયું છે કે, 'અમે ગેંગના બીભત્સ પરાક્રમો વિશે જેટલું જાણતા હતા, તેનાથી પણ વધુ તેઓ ભયાનક છે. પાકિસ્તાનના પુરુષોની કૃત્ય કરવાની પેટર્ન ઓળખવામાં સરકારી સંસ્થાઓ નિષ્ફળ ગઈ છે. બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટારમરે સરકારનું સમર્થન મેળવ્યા બાદ જૂનમાં પાકિસ્તાન દુષ્કર્મીગેંગ વિરુદ્ધ તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. જોકે સાંસદ રૂપર્ટે પહેલેથી જ તપાસ શરુ કરાવી દીધી હતી. રિપોર્ટ મુજબ, આ ગેંગમાંથી કેટલીક ગેંગો 1960થી બ્રિટનમાં સક્રિય છે. આવા લોકોને ડિપોર્ટ કરવાનું પણ રિપોર્ટમાં સૂચન અપાયું છે.તપાસ ટીમે કહ્યું કે, અમે અસંખ્ય પીડિતો, સંબંધીઓ અને બાતમીદારોની જુબાનીઓ તેમજ અધિકાર હેઠળ મળેલી હજારો અરજીના આધારે રિપોર્ટ તૈયાર કર્યો છે.










# હિંદુ હિતોની રક્ષા સાથે રાજકીય ભાગીદારી મજબૂત કરવી, એ આપણો ઉદ્દેશ્ય : CNCH

## કેનેડામાં મંદિર સંચાલકો સાથે CNCHની બેઠક, વર્તમાન પડકારો, સમુદાયને થતી કાયદાકીય અસર અને સુરક્ષા અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરાઈ

**ટોરોન્ટો**

ઑગસ્ટ ૨૦૨૫માં કેનેડાના હિંદુ સમુદાય માટે એક ઐતિહાસિક પળે, ઓન્ટેરિયોના મુખ્ય મંદિરો અને ધાર્મિક સંસ્થાઓ કેનેડિયન નૅશનલ કાઉન્સિલ ઑફ્ હિન્દુઝ (CNCH) ના બેનર હેઠળ ભેગા થયા છે. આ ઐતિહાસિક ચર્ચા નાગરિક ભાગીદારીને મજબૂત કરવાની, જાહેર નીતિમાં હિંદુ અવાજને ઉંચો બનાવવાની અને મંદિરો અને વ્યાપક હિંદુ નેતૃત્વ વચ્ચે સહકારની સંયુક્ત દ્રષ્ટિ નિર્માણ કરવાની શરૂઆત દર્શાવે છે.

કેનેડામાં એક મિલિયનથી વધુ હિન્દુ વસે છે અને તેઓ દેશના સાંસ્કૃતિક, આર્થિક અને સામાજિક જીવનમાં મહત્વપૂર્ણ ફળો આપે છે, તેમ છતાં સરકાર, નીતિ નિર્માણ અને રાષ્ટ્રીય ચર્ચામાં હિન્દુઓનું પૂરતું પ્રતિનિધિત્વ નથી.

આથી કાયદાકીય અસર, સમુદાયની સુરક્ષા અને રાજકીય અવાજના અભાવ અંગે વધતી ચિંતાઓ વચ્ચે CNCH એ આ બેઠક બોલાવી હતી. જેમાં મંદિર સંચાલકો તરફથી ભારે પ્રતિસાદ મળ્યો હતો. BAPS, ISKCON, સનાતન મંદિર સાંસ્કૃતિક કેન્દ્ર, ટોરોન્ટો દુર્ગાબારી, શ્રી વારસિદ્ધી વિનાયાગર હિંદુ મંદિર ટોરોન્ટો, શ્રીદુરકા હિંદુ મંદિર, શૃંગેરી વિદ્યા ભારતી ફઉન્ડેશન, લક્ષ્મી નારાયણ મંદિર, વૈષ્ણો દેવી મંદિર, બ્રામ્પટન ત્રિવેણી મંદિર, દેવીપૂજક સોસાયટી, અરવિંદ મંદિર, દેવીપૂજક મંદિર, શ્રીનાથજી હવેલી, રાધા કૃષ્ણ મંદિર અને કોમ્યુનિટી સેન્ટર, કાર્ય સિદ્ધિ હનુમાન મંદિર અને દત્ત યોગ કેન્દ્ર, શ્રી રાધા માધવ હેરિટેજ એન્ડ કલ્ચર સેન્ટર, અને હિન્દુ ફૂડ બેંકના પ્રતિનિધિઓ સામેલ હતાં. આ તકે, CNCHએ ભાર મૂક્યો કે આ માત્ર ચર્ચા માટે નહીં, પરંતુ નિર્ણાયક પગલાં માટેનો સમય છે. અમે ફક્ત તહેવાર અને આધ્યાત્મિકતા સુધી સીમિત ન રહી શકીએ. અમારા મંદિરો આપણા સમુદાયનું હૃદય છે. હવે સમય આવી ગયો છે કે આપણે એક થવું જોઈએ.

બેઠકનો ધ્યય કેનેડાના હિન્દુઓના હિતોને સુરક્ષિત કરવું, રાજકીય ભાગીદારી મજબૂત કરવી, હિન્દુઓના યોગદાન માટે જાગૃતિ લાવવી અને વસુધૈવ કુટુંબકના શાશ્વત હિંદુ સિદ્ધાંતથી પ્રેરિત થઈ બહુવાદને પ્રોત્સાહિત કરવું. આ તકે મંદિરોના પ્રતિનિધિઓ તરફથી ખુલ્લેઆમ પડકારો રજૂ કરાયા હતા. જેમાં ઝોનિંગ બાય-લૉ અને ભેદભાવભરી કાયદાકીય મર્યાદાઓ, સમુદાય સુરક્ષાના ખતરા અને દ્વેષજન્ય ઘટનાઓ તથા ગ્રાન્ટ, ફંડિંગ અને સંસ્થાકીય સ્ત્રોતોની મુશ્કેલી અંગે ચર્ચા કરાઈ હતી. જે બાદ CNCHએ તેના આયોજન રજૂ કર્યા હતા. જેમાં કાનૂની સહાય, સંચાલન માર્ગદર્શન, જાહેર સ્તરે દૃશ્યતા અને સમુદાયના અગત્યના મુદ્દાઓ પર એકતા સાથેનો અવાજ સામેલ હતો. આ બેઠકને અંતે સંગઠનને વધુ મજબૂત બનાવવાની લાગણી વ્યક્ત થઈ હતી. પ્રથમ વખત મંદિરો અલગ અલગ સંસ્થા તરીકે નહીં, પરંતુ એક મજબૂત અવાજ તરીકે કેનેડાના હિન્દુઓનું પ્રતિનિધિત્વ કરવા તૈયાર થઈ રહ્યાં છે.

# ટોરોન્ટોના નિર્માતા ખતામીની ફિલ્મ ઓસ્કારમાં કેનેડાનું પ્રતિવિધિત્વ કરશે

**વર્ષની શરૂઆતમાં ફિલ્મનું પ્રીમિયર થતા વર્લ્ડ સિનેમા ડ્રામેટિક ડિરેક્ટરિંગ એવોર્ડ જીત્યો હતો**



ઓન્ટેરિયો : ઈરાની કેનેડિયન ફિલ્મ નિર્માતા અલીરેઝા ખતામીની મનોવૈજ્ઞાનિક થ્રિલર, જે તેમના પોતાના પરિવારના આઘાતથી પ્રેરિત છે, તે એકેડેમી એવોર્ડ્સમાં વિચારણા માટે કેનેડાની રજૂઆત છે. તેમને ફક્ત આશા છે કે, તેમના સંબંધીઓ આ ફિલ્મ જોશે નહીં. ટેલિફિલ્મ કેનેડાએ મંગળવારે જાહેરાત કરી હતી કે "ધ થિંગ્સ યુ કિલ" શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ફીચર ફિલ્મ માટે કેનેડાની એન્ટ્રી તરીકે રજૂ કરવામાં આવશે. આ વર્ષની શરૂઆતમાં ફિલ્મનું પ્રીમિયર સનડાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં થયું હતું, જ્યાં તેણે વર્લ્ડ સિનેમા ડ્રામેટિક ડિરેક્ટરિંગ એવોર્ડ જીત્યો હતો, અને તે આવતા મહિને થિયેટરમાં રિલીઝ થવાની છે.

આ તુર્કી ભાષાની ફિલ્મ યુનિવર્સિટીના પ્રોફેસર અલીની વાર્તા પર આધારિત છે, જેમને તેમના પરિવારમાં પોતાની ભૂમિકા સાથે ઝઝૂમતી વખતે તેમની માતાના શંકાસ્પદ મૃત્યુનો સામનો કરવો પડે છે. જોકે, આ થ્રિલરમાં અતિવાસ્તવવાદી તત્વો છે, ખતામીએ કહ્યું કે, તે લાંબા સમયથી દટાયેલા કૌટુંબિક આઘાતમાંથી લેવામાં આવ્યું છે. જેનો સામનો કરવામાં અને કાલ્પનિક રૂપમાં આકાર આપવામાં તેમણે વર્ષો વિતાવ્યા હતા. "મારા માટે ઓટોફિક્શન તમારા અનુભવને સિનેમાના રૂપેરી પડદામાં ફિટ થવા માટે તાલીમ આપવાનું છે,

ખાતામીએ કહ્યું કે તેમણે કલાત્મક પ્રક્રિયાને સંતુલિત કરવી પડી છે અને તેમના પરિવારને વધુ પડતા એક્સપોઝરથી બચાવવાની જરૂર છે. તેમણે તેમની સાથે ચર્ચા કર્યા વિના આ કર્યું છે, ઈરાનના સ્વદેશી ખામસેહ જાતિમાં જન્મેલા ખતામીએ કહ્યું કે તેમના પરિવારને ખબર નથી કે ફિલ્મમાં શું છે- અને તેઓ તેમને તે જોવા માટે કહેશે નહીં. આ ફિલ્મ તુર્કી, ફ્રાન્સ, પોલેન્ડ અને કેનેડાનું સહ-નિર્માણ છે. ખાતામી ટોરોન્ટો મેટ્રોપોલિટન યુનિવર્સિટીમાં ઈમેજ આર્ટ્સ વિભાગમાં એસોસિયેટ પ્રોફેસર છે. તેમની પહેલી ફિચર ફિલ્મ, ઓબ્લિવિયન વર્સીસ, 2017 માં વેનિસ ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રીમિયર થઈ હતી, જ્યાં તેને શ્રેષ્ઠ પટકથા મળી હતી.

# નાયગ્રા ધોધથી પરત ન્યૂયોર્ક જતી બસને અકસ્માત, ભારતીય સહિત પાંચના મોત

## ડ્રાઈવરે કાબૂ ગુમાવતાં બસ હાઈવેની સાઈડ પર ઉતરી ગઈ

**નાયગ્રા**

કેનેડાના નાયગ્રા ધોધથી પરત ન્યૂયોર્ક ફરી રહેલી ટૂર બસનો અકસ્માત થતાં એક ભારતીય સહિત પાંચ લોકોના મોત થયા હતા. ન્યૂયોર્ક પરત જઈ રહેલી 54 મુસાફરોથી ભરેલી ટૂર બસને બફેલો નજીક પેમ્બ્રોકમાં ઈન્ટરસ્ટેટ 90 હાઈવે પર અકસ્માત નડ્યો હતો. શુક્રવારે સર્જાયેલા આ અકસ્માતમાં પાંચ જણના ઘટના સ્થળે મોત થયા હતા, જ્યારે અન્ય તમામ મુસાફરને નાની-મોટી ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. મૃતકોમાં બિહારમાંથી 65 વર્ષીય શંકર કુમાર ઝા, ન્યૂ જર્સીના પિંકી ચાંગરાની (ઉ.વ.60), ચીનના ઝી હોંગઝુઓ (ઉ.વ.22), ન્યૂ જર્સીના જર્સી સિટીના રહેવાસી ઝાંગ ઝિયાઓલાન (ઉ.વ. 55) અને જિયાન મિંગલી (ઉ.વ. 56) તરીકે થઈ છે. આ ટૂર બસમાં મોટાભાગના મુસાફરો ભારતીય, ચીન અને ફિલિપિનોના હોવાનું ન્યૂયોર્ક પોલીસ કર્મી જેમ્સ ઓ'કેલાઘને જણાવ્યું હતું.

ઘટના સમયે બસમાં 54 લોકો સવાર હતા, જેમાં બસ કંપનીના બે કર્મચારી પણ હતા. બસ ડ્રાઈવરે કાબૂ ગુમાવતાં બસ હાઈવેની સાઈડ પર ઉતરી ગઈ હતી અને બસ સીધી ખાડામાં પડી હતી. અકસ્માતના કારણે હાઈવે બંધ કરવાની ફરજ પડી હતી.

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
"Proper Insurance Coverage is Peace of Mind"
Super Visa Insurance
&
Visitor to Canada Medical Insurance
CALL FOR FREE QUOTE
- Monthly / Annual Plans Available
- Partial Refund if Parents Leave Early
- Full Refund if No Visa Issued
- Upto 45% Discount Available

JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca


રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)

સ્વદેશ
Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news

# કેનેડા પોસ્ટે એક જ ક્વાર્ટરમાં સૌથી મોટું $ 407 મિલિયનનું નુકસાન

## એક વર્ષ પહેલાના સમાન સમયગાળામાં કેનેડા પોસ્ટે $46 મિલિયનનો કર પહેલાંનો નફો નોંધાવ્યો હતો

**ટોરોન્ટો**

કેનેડા પોસ્ટે હમણાં જ એક જ ક્વાર્ટરમાં અત્યાર સુધીનું "સૌથી મોટું નુકસાન" નોંધાવ્યું છે. ક્રાઉન કોર્પોરેશન માટે ચાલી રહેલી મજૂર અશાંતિ વચ્ચે આ સમાચાર આવ્યા છે. કારણ કે, કેનેડિયન યુનિયન ઓફ પોસ્ટલ વર્કર્સ (CUPW) હજુ પણ અપડેટેડ કોન્ટ્રાક્ટ વિના છે અને તેના ઓવરટાઈમ પ્રતિબંધને જાળવી રાખી રહી છે. મંગળવારે કેનેડા પોસ્ટે 2025ના બીજા ક્વાર્ટર (એપ્રિલથી જૂન) દરમિયાન અહેવાલ આપ્યો હતો કે, તેને એક વર્ષ પહેલાની સરખામણીમાં $407 મિલિયનનું કર પહેલાં નુકસાન થયું છે, અને નોંધ્યું છે કે, મીડિયાને ઈમેઈલ કરાયેલા એક સમાચાર પ્રકાશન અનુસાર "શ્રમ અનિશ્ચિતતાને કારણે પાર્સલ પરિણામોમાં તીવ્ર ઘટાડો થયો છે.

ક્રાઉન કોર્પોરેશને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, બીજા ક્વાર્ટરમાં $407 મિલિયનનું નુકસાન કોર્પોરેશનનું એક જ ક્વાર્ટરમાં કર પહેલાંનું સૌથી મોટું નુકસાન હતું. એક વર્ષ પહેલાના



સમાન સમયગાળામાં કેનેડા પોસ્ટે $46 મિલિયનનો કર પહેલાં નફો જોયો હતો. આ નુકસાન કંપની માટે એક જ ક્વાર્ટર અથવા ત્રણ મહિનાના સમયગાળામાં અત્યાર સુધીનો સૌથી મોટો નુકસાન હતો, અને આ વર્ષે અત્યાર સુધી થયેલા તમામ નુકસાનમાંથી 50 ટકા જૂન મહિનામાં થયું હતું, જે કેનેડા પોસ્ટ કહે છે કે તે સમય "જ્યારે મજૂર અનિશ્ચિતતા તેની ટોચ પર હતી". કંપની ગયા વસંતથી ચેતવણીઓનો સામનો કરી રહી છે કે તે "બ્લોકબસ્ટરના માર્ગે" જઈ શકે છે અને "અટકાઉ" નાણાકીય બાબતો સાથે "નિર્ણાયક વળાંક"નો સામનો કરી રહી છે. ક્રાઉન કોર્પોરેશન ઈ-કોમર્સ પ્લેટફોર્મ સામે સ્પર્ધા કરવા માટે સંઘર્ષ કરી રહ્યું છે અને ગ્રાહકો તરફથી માંગમાં ઘટાડો થઈ રહ્યો છે. વર્તમાન મજૂર ઉથલપાથલ નવેમ્બર 2024માં શરૂ થઈ હતી, જ્યારે કેનેડા પોસ્ટના યુનિયનાઈઝ્ડ પોસ્ટલ કામદારો કંપની સાથે કરાર કરવામાં અસમર્થ રહ્યા પછી ઘણા અઠવાડિયા સુધી હડતાળ પર ગયા હતા. તત્કાલીન શ્રમપ્રધાન સ્ટીવન મેકકિનને ડિસેમ્બર 2025માં વ્યસ્ત રજાઓની મોસમ વચ્ચે CIRBને હડતાળની કાર્યવાહીને સમાપ્ત કરવા અને કામદારોને ફરીથી કામ પર મૂકવા વિનંતી કરી હતી.

# કેલગરીમાં વિસ્ફોટક રસાયણ મળી આવ્યા બાદ એરસ્પેસ બંધ, વ્યવસાયિક જગ્યા ખાલી કરાવાઈ

## પોલીસ અને બોમ્બ સ્ક્વોડને તેડાવાઈ, પેકેટ ખોટા સરનામે પહોંચી ગયાની આશંકા

**કેલગેરી**

બુધવારે બપોરે કેલગરીના માન્ચેસ્ટર ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં શંકાસ્પદ પેકેટનો સામનો કરવા માટે પોલીસ અને બોમ્બ સ્ક્વોડને બોલાવવામાં આવ્યા બાદ ઘણા વિસ્ફોટો સંભળાયા અને કાંકરી બર્મ પાછળથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. કેલગરીના શહેર ઈમરજન્સી ઓપરેશન્સ સેન્ટર ખાતે એક બ્રીફિંગમાં, ડેપ્યુટી પોલીસ ચીફ ક્લિફ ઓ'બ્રાયને ચેતવણી આપી હતી કે, વધુ વિસ્ફોટ થશે. કારણ કે ઈમરજન્સી ક્રૂએ સામગ્રીનો નાશ કરવા માટે શ્રેણીબદ્ધ નિયંત્રિત વિસ્ફોટો કર્યા હતા. જેને તેમણે પિક્રિક એસિડ તરીકે ઓળખાવ્યું હતું. આ ચોક્કસ એસિડનો ઉપયોગ સામાન્ય રીતે પ્રયોગશાળાઓમાં થાય છે અને તેના માટે ઘણા કાયદેસર કારણો છે. જો તે યોગ્ય રીતે પેક કરવામાં આવે, તો તે પરિવહન માટે સલામત છે અને તેમાં કોઈ સમસ્યા નથી, પરંતુ જો તે ખોટી રીતે લેબલ થયેલ હોય અને જો તે યોગ્ય રીતે સંગ્રહિત ન હોય, તો તે ખૂબ જ ખતરનાક બની જાય છે. ટ્રાન્સપોર્ટ કેનેડા તેની વેબસાઈટ પર જણાવે છે કે, તેના તીવ્ર તેજસ્વી પીળા રંગને કારણે, પિક્રિક એસિડનો ઉપયોગ સામાન્ય રીતે રસાયણશાસ્ત્ર પ્રયોગશાળાઓમાં રંગો અને વિસ્ફોટકો બનાવવા માટે થાય છે. ફર્સ્ટ સ્ટ્રીટના 4700 બ્લોક દક્ષિણ પશ્ચિમમાં એક વ્યવસાયની બહાર પેકેજ મળી આવ્યા બાદ મંગળવારે બપોરની આસપાસ તપાસકર્તાઓને બોલાવવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે, પેકેજ ખોટા સરનામે પહોંચાડવામાં આવ્યું હોવાની શક્યતા છે.

# ટોરોન્ટોમાં 13 સપ્ટે. સુધી વાહનોના સલામત સંચાલન માટે ખાસ ઝુંબેશ

## ખોટી લેનમાં વાહનો ચલાવતા કે પાર્ક કરનારાઓ સામે કાર્યવાહી સંભવ

**ટોરન્ટો**

ટોરોન્ટો પોલીસ કહે છે કે તેઓ સોમવારથી 13 સપ્ટેમ્બર સુધી માઈક્રોમોબિલિટી વાહનોના સલામત સંચાલનને ધ્યાનમાં રાખીને એક અમલીકરણ ઝુંબેશ ચલાવશે. પોલીસ સેવા આવા વાહનોને "નાના, કોમ્પેક્ટ, ઓછી ગતિવાળા વાહનો" તરીકે વર્ણવે છે, જેમાં ઈ-બાઈક, ઈ-સ્કૂટર અને નિયમિત પેડલ-સંચાલિત સાયકલનો સમાવેશ થાય છે. પોલીસ ઈન્સ્પેક્ટર મેટ મોયરે જણાવ્યું હતું કે, ખરેખર અમે ફક્ત જ્યાં જરૂર હોય ત્યાં શિક્ષણ આપવાનો અને જ્યાં જરૂર હોય ત્યાં અમલ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. "તમે કયા પ્રકારના ઓપરેટર છો, તેનાથી કોઈ ફરક પડતો નથી. રસ્તાના કાયદા બધાને લાગુ પડે છે. ત્રણ અઠવાડિયા લાંબા આ પ્રયાસ ટોરોન્ટો શહેરના જાહેર જાગૃતિ અભિયાનમાં જોડાય છે જેનો હેતુ સાયકલ સવારો, રાહદારીઓ અને કારચાલકો વચ્ચેના સંઘર્ષોને ઘટાડવાનો છે. પોલીસના જણાવ્યા મુજબ, તેમના ઝુંબેશના પ્રયાસો ખાસ કરીને શાળા સલામતી ઝોન પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# કેનેડામાં બનેલી મોડર્નાની નવી COVID-19 રસીને માન્યતા અપાઈ

**ઓન્ટેરિયો**

હેલ્થ કેનેડાએ મોડર્નાની નવી અપડેટ કરેલી COVID-19 રસીને મંજૂરી આપી છે. આ રસીઓ કેનેડામાં બનેલી" હશે. કંપની કહે છે કે, સ્થાનિક ઉત્પાદકો અને સપ્લાયર્સ પાસેથી રસી ઉપલબ્ધ કરાવવા કેનેડા તૈયાર છે. આ મંજૂરી સાથે પહેલી વાર કેનેડિયનો માટે mRNA COVID-19 રસીના ડોઝ કેનેડામાં બનાવવામાં આવશે. તે એક નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે. આ બાબત કેનેડિયનો માટે મહત્વની છે. કારણ કે, COVIDએ અમને શીખવ્યું હતું કે જ્યારે વાયરસ સરહદોનો આદર કરતા નથી, ત્યારે તેમની પ્રતિક્રિયા આપવાની અમારી ક્ષમતા ઘણીવાર તેમના દ્વારા પ્રભાવિત થઈ શકે છે. મોર્ડર્નાએ જાહેરાત કરી કે, ફેડરલ રેગ્યુલેટરે સ્પાઈકવેક્સ તરીકે ઓળખાતી તેની mRNA રસીને અધિકૃત કરી છે, જે ફાર્માસ્યુટિકલ કંપની કહે છે કે પાનખર રસીકરણ માટે ફરતા SARS-CoV-2 LP.8.1 પ્રકારને લક્ષ્ય બનાવે છે. મોડર્ના એમ પણ કહે છે કે અપડેટેડ રસી આગામી રસીકરણ સીઝન માટે સમયસર ઉપલબ્ધ થવાના માર્ગ પર છે. આ રસીઓ કેમ્બ્રિજ, ઓન્ટેરિયો અને લાવલ, ક્વિનમાં સુવિધાઓ દ્વારા કેનેડામાં બનાવવામાં આવશે. આ વર્ષે, કેનેડા માટે અમારા બધા પૂર્વ-ભરેલા સિરીંજ COVID-19 રસીના ડોઝ સંપૂર્ણપણે દેશમાં જ ઉત્પન્ન થવાના માર્ગ પર છે, જે ક્યુબેકના લાવલ ખાતે અમારી નવી mRNA ઉત્પાદન સુવિધાથી શરૂ થશે.


travel SERVICES
VACATIONS WE OFFER
ALL INCLUSIVE PACKAGES
EUROPE TOURS

Guaranteed Lowest Fare for:
INDIA EUROPE
FAR EAST NORTH AMERICA
MIDDLE EAST AUSTRALIA
AFRICA CARIBBEAN
Call Us Today For Special Packages
AIR TICKET
CRUISE
VACATION PACKAGES
Travel INSURANCE
DIPTESH PATEL +1 647-409-2976
+1 905-790-8989 | 905-790-8686
res@travel-services.ca | www.travel-services.ca
2565 Steels Ave. E. Unit #20, Brampton, ON, L6T 4L6
tico.ca IATA

Visa Services
• India
• Nepal
• Dubai
• Europe
• UK-ETA
VOYAGES InterSky TRAVELS

• OCI • PASSPORT RENEWAL • SURRENDER CITIZENSHIP & PR APPLICATIONS
Wholesale Tour Operation
• India-North & South • Nepal - Bhutan -Sri Lanka. • Dubai. NRI-Europe( Veg & Jain Meals) • All kinds of Travel
• Air Canada • Air India • Qatar • Emirates • Air Farnce/ KLM • British Airways • United -Delta • Turkish & many more.............

Divyesh (Dev) Patel : 514 -513 9191
Permis du Quebec
514-389-7070-toll free:1855-389-7070

તંત્રી સ્થાનેથી

# ક્લાઈમેટ ચેન્જને કારણે ભારતમાં અણધારી કુદરતી આફતોની ભરમાર



તંત્રી - સ્વદેશ

ભારતમાં છેલ્લાં દોઢ વર્ષમાં કુદરતી આફતની ઘટનાઓ વધી છે. ખાસ કરીને ચોમાસામાં લોકોને ભયાનક સ્થિતિનો સામનો કરવો પડ્યો છે. ખાસ કરીને પર્વતીય વિસ્તારોમાં આવી ઘટના ઘટી રહી છે. થોડા દિવસો પહેલાં ઉત્તરકાશી જિલ્લાનું એક ગામ ધરાલી પાસે ટ્રેકિંગ માટે જાણીતા ખીરગંગા વિસ્તારમાં મંગળવાર સવારે વાદળ ફાટયું અને સ્થળ ત્યાં જળની સ્થિતિ થઈ હતી. માત્ર ૩૪ સેકન્ડમાં તો પાણીનો ધમસમતો પ્રવાહ આવ્યો જે સમગ્ર વિસ્તારને તાણીને ખીરગંગા નદી સુધી ઢસડી ગયો. મકાનો, બજાર, વસતી, માણસો, પ્રાણીઓ, સાધનો, વાહનો બધું જ પત્તાના મહેલ અને તણખલાની જેમ પાણીમાં તણાઈ ગયા. ત્યારબાદ એક સૈન્ય કેમ્પ તણાઈ ગયો અને બપોરે ત્રણ વાગ્યે અન્ય એક સ્થળે વાદળ ફાટયું અને તારાજી સર્જાઈ.

પર્વતીય વિસ્તારોમાં ચોમાસા દરમિયાન વાદળ ફાટવાની ઘટના બનતી હોય છે. દર વર્ષે આવી ઘટના બને છે. પણ છેલ્લાં કેટલાક સમયથી આવી ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ઉત્તરાખંડમાં કેદારનાથમાં વાદળ ફાટવાની અને પૂરની જે તારાજી સર્જાઈ હતી, મોટી ઘટનાઓની વાત કરીએ તો ૨૦૧૨માં અસીગંગાની ઘટનામાં ૩૫ લોકો, તે જ વર્ષે રુદ્રપ્રયાગની ઘટનામાં ૬૯ લોકો અને ત્યારબાદ ૨૦૧૩માં કેદારનાથની ઘટનામાં ૪૦૦૦થી વધારે લોકોનાં મોત થયા હતા.પવર્તીય વિસ્તારમાં નદીઓમાં પૂર, વાદળ ફાટવું અને લેન્ડસ્લાઈડ જેવી ૩ આફત મુખ્ય છે. કાશ્મીરમાં તાજેતરમાં ભુસ્ખલન થતાં ૬૦ લોકોનાં મોત થયા અને ૨૦૦થી વધુ લોકો લાપતા થઈ ગયા. ઓગષ્ટની શરૂઆતથી અત્યાર સુધીમાં કાશ્મીર, ઉત્તરાખંડ અને હિમચાલમાં સમયાંતરે વાદળ ફાટવાની ઘટના બનતા લોકોના જીવ જવાની સાથે સાથે માલસામાન અને મિલકતોને મોટા પાયે નુકસાન થયું હતું. જેથી આચાનક આવતી આપત્તી હવે માનવસર્જીત હોવાનો તર્ક પણ વહેતો થયો છે. તાજેતરમાં મંગળવારે જમ્મુ-કાશ્મીરમાં ધોધમાર વરસાદ અને પૂરના કારણે લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. જમ્મુમાં પડેલા ભારે વરસાદ અને ભયાનક પૂરના કારણે વૈષ્ણોદેવી ધામ પાસે વ્યાપક નુકસાન થયું હતું. માતાના ધામ પાસે અર્ધકુંવારી ખાતે એક મોટો શેડ અને પગથિયાં નીચેની જમીન ધસી ગઈ. આ લેન્ડસ્લાઈડમાં વ્યાપક નુકસાન ગયું હતું. તે ઉપરાંત શેડ નીચે વરસાદથી બચવા ઉભેલા લોકો પણ તેનો ભોગ બન્યા હતા. આ લેન્ડ સ્લાઈડમાં પાંચ લોકોનાં મોત થયા હતા તો ૧૪ લોકોને ઈજા થઈ હતી. આ ઉપરાંત જમ્મુમાં જ અન્ય સ્થળે ભારે વરસાદને કારણે મકાન પડી જતા અને નદીના પાણી મકાનો તાણી જતાં અન્ય ચાર લોકોનાં મોત થયા હતા. વૈષ્ણોદેવી જતી ૧૮ ટ્રેનો રદ કરવામાં આવી છે જ્યારે ૭ ટ્રેનોનો અધવચ્ચે જ રોકી દેવામાં આવી છે. હાલમાં માતા વૈષ્ણોદેવીની યાત્રા સ્થગિત કરી દેવાઈ છે.

જાણકારો માને છે કે, દેશમાં ભારે વરસાદ અને ફ્લેશ ફ્લડની સ્થિતિ વધતી જાય છે. તેમાંય પર્વતીય પ્રદેશોમાં તેનું પ્રમાણ છેલ્લાં કેટલાક વર્ષોમાં વધી ગયું છે. અચાનક જ ભારે વરસાદ થાય છે અથવા તો વાદળ ફાટે છે અને મુશળધાર પાણી વહીને આવે છે, નદીઓ છલકાઈ જાય છે અને કિનારાના ગામો અને શહેરોને વ્યાપક નુકસાન પહોંચાડે છે. આ ઉપરાંત ભુસ્ખલનની ઘટનાઓ પણ સતત અને સખત રીતે વધી રહી છે. વૈજ્ઞાનિકોના મતે ગ્લોબલ વોર્મિંગના કારણે ક્લાઈમેટ ચેન્જની સ્થિતિ એટલી બધી વણસી રહી છે કે, તેનો અંદાજ માંડવો મુશ્કેલ બની રહ્યો છે. મેદાની વિસ્તારોમાં પૂર અને પર્વતીય વિસ્તારોમાં ક્લાઉડ બર્સ્ટ તથા લેન્ડ સ્લાઈડની ઘટનાઓ સતત વધી રહી છે.  આ ઘટનાઓ હવે માત્ર કુદરતી જ છે તેવું કહી શકાય નહીં. માનવસર્જિત પ્રવૃત્તિઓને પગલે વધતા પ્રદુષણ, અતિક્રમણ અને અન્ય કામગીરીને કારણે ગ્લોબલ વોર્મિંગ વકરી રહ્યું છે. તેના પગલે ક્લાઈમેટ ચેન્જની ભયાનક અસરો જોવા મળી રહી છે. સમુદ્રના તાપમાનમાં વધારો થઈ રહ્યો છે, તો ક્યાંક મોનસુનની પેટર્ન બદલાઈ રહી છે, ક્યાંક અતિવૃષ્ટિ થઈ રહી છે તો ક્યાંક દુકાળ પડી રહ્યો છે. હવે આ હવાની પેટર્ન બદલાવા લાગી છે અને ગમે ત્યારે વરસાદ અને ગમે ત્યારે દુકાળની સ્થિતિ થવા લાગી છે.

પર્વતીય વિસ્તારોમાં પણ તેની અશર થાય છે. ભેજવાળા ગરમ પવનો જ્યારે પર્વતો સાથે ટકરાય છે ત્યારે તે ઉપર ચડવા લાગે છે. ઉપર ઠંડી હવા સાથે આ નીચેથી આવતી ગરમ હવાનું મિલન થાય છે અને પર્વતો ઉપર મોટા વાદળા રચાય છે. ઘણી વખત એવું થાય છે કે, વાદળમાં પાણીનો ભાર વધી જાય છે અને પવન તેને આગળ ગતી કરાવી શકતો નથી. આ સંજોગોમાં તે પવર્તના કોઈ એક વિસ્તાર સાથે ટકરાઈને કે કુદરતી રીતે જ વરસી જાય છે. તેને ક્લાઉડ બર્સ્ટ પણ કહેવામાં આવે છે. હવામાન ખાતાના જાણકારોના મતે જ્યારે વાદળ ફાટે છે ત્યારે કલાકમાં ૪ ઈંચની ઝડપે વરસાદ પડે છે. હિમલાય, કારાકોરમ અને હિંદુકુષ પર્વતમાળાઓની પોતાની ધારદાર ટેકરીઓ, ઉચા શિખરો, નીચેના ભાગ નબળી પડી રહેલી જમીન, અવ્યવસ્થિત ઢોળાવોના કારણે તોફાની વરસાદમાં વિનાશકારી ઘટનાઓ વધતી જાય છે. સંશોધકો માને છે કે, વિકાસના નામે કોંક્રિટના જંગલો વધી રહ્યા છે. ખેતરો, જમીન, જંગલ, માટી અને વૃક્ષોના સ્થાને કોંક્રિટના મકાનો, ટાવરો, દીવાલો, ઈમારતો જ જોવા મળે છે. તેના કારણે જમીન નબળી પડી રહી છે, શહેરો વિસ્તરતા જાય છે અને આયોજન થતા નથી તેના પગલે જમીનને તો નુકસાન થાય જ છે. સાથે સાથે માનવવસાહતોને પણ વ્યાપક નુકસાન થાય છે. જંગલોનું અને વૃક્ષોનું નિકંદન નીકળતુ હોવાથી જમીન પોચી થઈ ચુકી છે. તેના પગલે પહાડી વિસ્તારોમાં ભુસ્ખલનનું જોખમ વધી ગયું છે. માણસો દ્વારા છેલ્લી એક સદીમાં જે કામગીરી કરવામાં આવી તેના પગલે વાતાવરણની સ્થિતિ અત્યંત ખરાબ થઈ ગઈ છે. લોકો દ્વારા વિવિધ રીતે ફેલાવવામાં આવેલુ પ્રદુષણ હવે લોકો માટે જ જીવલણે બની રહ્યું છે.  ગ્લોબલ વોર્મિંગની સ્થિતિ એટલી વકરવા માંડી છે કે, સમુદ્રની સપાટીનું તાપમાન વધવા લાગ્યું છે અને તેના કારણે પવનોમાં ભેજનું પ્રમાણ વધવા લાગ્યું છે. હિમાયલની વિશાળ પર્વતમાળાઓમાં હજારો ગ્લેશિયર છે જે દુનિયાના અન્ય ગ્લેશિયર્સની જેમ વધતા જતા તપામાનને કારણે ઝડપથી પીગળી રહ્યા છે. બરફ પીગળવાના કારણે હિમનદીઓનો પ્રવાહ વધી જાય છે અને તે પર્વતોમાં બનેલા કુદરતી તળાવ અને સરોવરોની સપાટી વધારીને તેને અસ્થિર અને નબળા બનાવી દે છે. ભૂકુંપ, સુનામી કે વાવાઝોડાની સચોટ આગાહી કરી શકાય છે, પણ વાદળ ફાટવું પરિસ્થિતિજન્ય હોવાથી તેની આગાહી કરવી મુશ્કેલ પડે છે. એક વિસ્તારમાં 20થી 30 વર્ગ કિ.મીના ઘેરાવમાં એક જ કલાકમાં 100 મીમી વરસાદ પડે તેને વાદળ ફાટવું કહેવાય છે. સૌથી મોટી વિડંબણા એ છે કે, ભારત પાસેના સંશોધનો, ટેક્નોલોજી, રડાર અને અન્ય બાબતો સિમિત છે અને તે વાદળ ફાટવાની આપત્તીની આગાહી કરી શકે તેમ જ નથી.  તેને કારણે નુકસાનનું પ્રમાણ પણ વધી ગયું છે.

manoj1968@yahoo. ca

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL MAJOR INSURANCE COMPANIES OF CANADA
SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance
VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)
Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)



MADHUSUDAN LAMA 647-833-4477
HETAL SHAH 416 -522-1676
ANIRUDH LAMA 416-822-2570
EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1, Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com


DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Adult Yoga Class
Yoga Class Every Saturday and Sunday 8:30-9:30 AM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual and Therapeutic
Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

# રાંધેજાના વૃદ્ધને ડિજિટલ એરેસ્ટ કરી 37.50 લાખ પડાવાયા

## 'તમારા નામે ખૂલેલા એકાઉન્ટમાં 6 કરોડના વ્યવહારો થયા છે', સીબીઆઇ ઓફિસરની ઓળખ આપીને ખાતામાંથી રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા

ગાંધીનગર

ગાંધીનગર શહેર નજીક આવેલા રાંધેજામાં રહેતા વૃદ્ધને તેમના આધારકાર્ડ મારફતે બેન્ક એકાઉન્ટ ખોલીને ૬ કરોડ રૂપિયાના વ્યવહાર થયા હોવાનું કહીને સીબીઆઈની ઓળખ આપી સાયબર ગઠિયાઓ દ્વારા ડિજિટલ એરેસ્ટ કરીને ૩૭.૫૦ લાખ રૂપિયા પડાવી લેવામાં આવ્યા છે. જે ઘટના સંદર્ભે હાલ ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

રાજ્ય જ નહીં પરંતુ સમગ્ર દેશમાં હાલ સાયબર ગઠિયાઓનો તરખાટ યથાવત છે અને પોલીસ પણ લોકોને જાગૃત રહેવા માટે અપીલ કરી રહી છે તેમ છતાં ખાસ કરીને વૃદ્ધોને ટાર્ગેટ કરતી આ સાયબર ટોળકી વધુ એક વાર સફળ થઈ ગઈ છે. આ વખતે ગાંધીનગર શહેર નજીક આવેલા રાંધેજામાં રહેતા અને મૂળ પર પ્રાંતના વૃદ્ધ ખાનગી કંપની માંથી નિવૃત્ત થયા છે. ગત ૨૧ મેના રોજ તેમને એક અજાણ્યા નંબર ઉપરથી ફોન આવ્યો હતો અને ફોન કરનાર મહિલાએ પોતે ટ્રાય વિભાગમાંથી વાત કરતી હોવાનું જણાવ્યું હતું અને કહ્યું હતું કે બે કલાકમાં તમારો ફોન બંધ થઈ જશે ત્યારબાદ અન્ય મહિલાએ વોટ્સએપ ઓડિયો કોલ કર્યો હતો અને કહ્યું હતું કે પોતે કોલાબા પોલીસ સ્ટેશનમાંથી ઓફિસર તરીકે બોલે છે અને ત્યારબાદ અન્ય નંબર ઉપરથી સીબીઆઈ ઓફિસર તરીકે ઓળખ આપીને સમાધાન પવાર નામની વ્યક્તિએ વિડીયો કોલ કર્યો હતો. આ વૃદ્ધને કહેવામાં આવ્યું હતું કે તમારા આધાર કાર્ડનો ઉપયોગ કરીને કેનેરા બેન્કમાં એક એકાઉન્ટ ખોલવામાં આવ્યું છે અને તેમાં ૬ કરોડ રૂપિયાના નાણાકીય વ્યવહારો થયા છે. જે બેંક ખાતાનો ઉપયોગ નરેશ ગોયલ નામના વ્યક્તિએ મની લોન્ડરિંગ અને ફ્રોડમાં કર્યો છે. જો તમે સહયોગ નહીં આપો તો બે કલાકમાં તમારી ધરપકડ કરવામાં આવશે અને ત્યારબાદ આ વૃદ્ધને મુંબઈ પોલીસ અને ભારત સરકારના સિક્કા વાળા એરેસ્ટ ઓર્ડરની પીડીએફ મોકલવામાં આવી હતી. ગભરાઈ ગયેલા વૃદ્ધને તેમના તમામ બેંક ખાતાઓની વિગતો આપવા માટે કહેવામાં આવ્યું હતું અને તેમણે વિગતો આપતા આ રૂપિયા ટ્રાન્સફર કરવા કહ્યું હતું અને ત્યારબાદ કેસ પત્યા પછી તે રૂપિયા પરત કરી દેવાની પણ વાત કરવામાં આવી હતી. જેના પગલે તેમણે તબક્કાવાર ૩૭.૫૦ લાખ રૂપિયા જેટલી માતબર રકમ આ સાઈબર ગઠિયાઓને ટ્રાન્સફર કરી દીધી હતી. જોકે સાઈબર ગઠિયાઓએ તેમને નજીકના પોલીસ સ્ટેશનમાં પહોંચીને એનઓસી મેળવી લેવા માટે કહ્યું અને વૃદ્ધ પોલીસ સ્ટેશન પહોંચ્યા ત્યારે તેમની સાથે છેતરપિંડી થઈ હોવાનું બહાર આવ્યું હતું.

# લુણાવાડા-માલપુર હાઈવે ઉપર અંબાજી જતા પદયાત્રીને અકસ્માત, બેનાં મોત

## પદયાત્રીઓને અડફેટે લઈ વાહનચાલક ભાગી છૂટ્યો

અરવલ્લી

અરવલ્લી જિલ્લાના લુણાવાડા-માલપુર સ્ટેટ હાઈવે પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં અંબાજી તરફ જઈ રહેલા બે પદયાત્રીઓના ઘટનાસ્થળે જ કરુણ મોત થયા છે. આ દુર્ઘટના માલપુર પાસે આવેલા પ્લાઝા નજીક બની હતી. દાહોદના વતની કેટલાક પદયાત્રીઓ અંબાજી દર્શને જઈ રહ્યા હતા. ત્યારે લુણાવાડા-માલપુર સ્ટેટ હાઈવે પર એક અજાણ્યા વાહન ચાલકે તેમને અડફેટમાં લીધા હતા. આ અકસ્માતમાં ત્રણ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા, જેમાંથી બે વ્યક્તિના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. અકસ્માતની જાણ થતાં જ આસપાસના લોકો અને સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક માલપુર સીએસસી (કોમ્યુનિટી હેલ્થ સેન્ટર) ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. પોલીસે મૃતદેહોનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે અને અજાણ્યા વાહન ચાલકને ઝડપી પાડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# અપક્ષમાં લડવા ઈચ્છૂક ઉમરેઠ ભાજપના ધારાસભ્યએ 24 કલાકમાં મેદાન છોડયું

## કાંતિભાઈ સોઢા પરમાર વિરૂદ્ધ ભ્રષ્ટાચારનો આક્ષેપ કરનાર ગોવિંદભાઇ જ હવે ટેકો આપશે

આણંદ

અમૂલ ડેરીની ૧૨ બેઠકો માટે તા. ૧૦મી સપ્ટેમ્બરે યોજાનારી ચૂંટણીમાં ઉમરેઠના ભાજપના ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારે ભાજપ મેન્ડેટ નહીં આપે તો અપક્ષ ઉમેદવારી નોંધાવવાની જાહેરાત કર્યાના ૨૪ કલાકમાં જ ફેરવી તોળ્યું છે. આજે પક્ષના હિતને આગળ ધરી ચૂંટણી નહીં લડવાની જાહેરાત કરી છે.

ભાજપના ઉમરેઠના ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારે મંગળવારે પત્રકાર પરિષદમાં પશુપાલકોના હિતમાં અને અમૂલમાં ચાલતા ભ્રષ્ટાચારને ઉજાગર કરવા ભાજપ મેન્ડેટ નહીં આપે તો પણ અપક્ષમાં ફોર્મ ભરશે તેવી જાહેરાત કરી હતી. અમૂલની ચૂંટણી કોઈ પક્ષની નથી સહકાર ક્ષેત્રની ચૂંટણી હોવાથી પશુપાલકોના હિતમાં તા. ૨૮મીએ ચૂંટણીનું ફોર્મ ભરશે તેમ કહ્યું હતું. મોવડી મંડળની મધ્યસ્થીથી ગણતરીના કલાકોમાં જ ઉમરેઠના ધારાસભ્ય ગોવિંદ પરમારે નમતું જોખ્યું હતું. બુધવારે પક્ષનું હિત આગળ રાખી ઉમેદવારી નહીં નોંધાવવાની જાહેરાત કરી છે. અમૂલના ભ્રષ્ટાચારને ઉજાગર કરવાની વાત કરતા ભાજપના ધારાસભ્ય એક જ રાતમાં એવું તે શું બન્યું કે પક્ષના હિત માટે ચૂંટણી નહીં લડે તેવું કહી રહ્યા છે તેવા સવાલો પશુપાલકો કરી રહ્યા છે. અમૂલની ચૂંટણી માટે આણંદ બેઠક માટે કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા કાંતિભાઈ સોઢા પરમારના નામનું ગઈકાલ મોડી રાતે મેન્ડેટ જાહેર કરાયું હતું.

# ઈડરના ભાજપ ધારાસભ્ય રમણ વોરાની મુશ્કેલી વધી, હાજર થવા તાલુકા મામલતદારની નોટિસ

## ખેડૂત ખાતેદારના પુરાવા ઉપરાંત જમીનના દસ્તાવેજો રજૂ કરવા આદેશ કરાયો

ઇડર

ખોટા ખેડૂત ખાતેદાર બની રમણ વોરાએ ગાંધીનગરના પાલેજ ખાતે લાખો રૂપિયામાં ખેતીની જમીનો ખરીદી હતી. આ જ ખેડૂત ખરાઈના દાખલા આધારે ધારાસભ્ય રમણ વોરાએ મત વિસ્તાર ઇડર નજીક આવેલાં દાવડ ગામમાં પણ પત્ની કુસુમબેન વોરા, પુત્ર સુહાગ વોરા અને ભૂષણ વોરાના નામે ખેતીની જમીનો ખરીદી હતી.

જોકે, રમણ વોરા અને તેમના પત્ની-પુત્રોએ ગાંધીનગર-પાલેજના રહીશ



દર્શાવી વિરપુર અને જાદરના એક વ્યક્તિને આ ખેતીની જમીનો વેચી દેવાઈ છે. આ મામલે જેતપુર વડાલી કંપાના રહીશ રાજેન્દ્ર પટેલે ઇડર મામલતદારને ફરિયાદ કરી ભાજપના ધારાસભ્યની જમીનના પુરાવા માંગ્યા હતા. આમ છતાંય રાજકીય દબાણને પગલે મામલતદાર એ.એ.રાવલે પુરાવા આપ્યા ન હતા. જેના પગલે રાજ્ય મહેસૂલ વિભાગે મામલતદાર સામે તપાસ હાથ ધરીને બદલી કરી દીધી હતી. આખરે અરજદારે ઇડર મામલતદાર કચેરીએ આત્મવિલોપન કરવા ચિમકી આપી હતી જેથી કલેક્ટરે તપાસના આદેશ આપ્યા હતા. ગાંધીનગરથી આદેશ છૂટતા ઇડર મામલતદારે ધારાસભ્ય વિરુધ્ધ કાર્યવાહી કરી છે. ઇડર મામલતદાર કચેરીએ ધારાસભ્ય રમણ વોરાને નોટીસ ફટકારી ખેડૂત ખાતેદારના પુરાવા ઉપરાંત જમીનના દસ્તાવેજો રજૂ કરવા આદેશ કર્યો છે.

# વાસદ તારાપુર હાઈવે ઉપર ત્રિપલ અકસ્માતમાં મામા-ભાણેજના મોત

## સુદણ ફાટક પાસે ટ્રક, બસ વચ્ચે રિક્ષાનો કચ્ચરઘાણ

આણંદ

પેટલાદની મલાવ ભાગોળે રહેતા શંકરભાઈ મફતભાઈ તળપદા તથા તેમના મોટાભાઈ મહેન્દ્રભાઈ તળપદા સાથે ફૂટની લારી ચલાવે છે. તેમનો ભાણો દિલીપભાઈ જસભાઈ તળપદા રીક્ષા ચલાવે છે. ગઈકાલ રાતે દિલીપ તળપદા અને મામા મહેન્દ્રભાઈ રિક્ષામાં પેટલાદથી વડોદરા ફ્રૂટ જવા નીકળ્યા હતા. મોડી રાતે ત્રણેક વાગ્યાની આસપાસ તેઓની રીક્ષા તારાપુર વાસદ હાઈવે ઉપર આવેલા સુદણ ફાટક નજીકથી પસાર થઈ રહી હતી. ત્યારે પાછળથી પુરઝડપે ટ્રકના ચાલકે રિક્ષાને ટક્કર મારતા રીક્ષા આગળ જઈ રહેલી લક્ઝરી બસના પાછળના ભાગે અથડાઈ હતી. ટ્રકની ગતિ વધુ હોવાથી બસ અને ટ્રકની વચ્ચે રિક્ષા લોચો વળી ગઈ હતી. રિક્ષામાં સવાર મહેન્દ્રભાઈ તથા તેમના ભાણેજ દિલીપભાઈ ગંભીર ઈજાગ્રસ્ત થયા હતા. ગંભીર ઈજાગ્રસ્ત મામા, ભાણેજના અકસ્માતમાં મોત થયા હતા. આ બનાવ અંગે વાસદ પોલીસે ટ્રક ચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય, યાત્રાળુઓ માટે 10 કરોડનો વીમો લેવાયો

વડોદરા

શ્રદ્ધાળુઓની સુરક્ષા અને સલામતી માટે અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. આ વર્ષે ટ્રસ્ટે યાત્રાળુઓ માટે રૂપિયા 10 કરોડનો વીમો લીધો છે. જે ગત વર્ષના વીમા કવરેજ કરતાં ત્રણ ગણો વધુ છે. આ વીમા અંતર્ગત કોઈ પણ શ્રદ્ધાળુનો માર્ગ અકસ્માત થાય અથવા દુર્ઘટનામાં મૃત્યુ થાય તો તેમને આર્થિક સહાય મળી રહેશે. આ વીમાની સૌથી મોટી વિશેષતા એ છે કે શક્તિપીઠ અંબાજીના 50 કિલોમીટરના વિસ્તારમાં થતા અકસ્માતોને આવરી લેવામાં આવ્યા છે. આ કવરેજમાં ગુજરાત અને રાજસ્થાનની સરહદ નજીકના 7 જિલ્લાઓનો સમાવેશ થાય છે.

# બાળક સાથે દંપતીનો સામૂહિક આપઘાતનો પ્રયાસ : પતિનું મોત

અરવલ્લી

અરવલ્લીમાંથી સામૂહિક આપઘાતના પ્રયાસની ઘટના સામે આવી છે. જેમાં દંપતીએ બાળક સાથે નદીમાં ઝંપલાવી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આ ઘટનામાં પતિનું મોત નિપજ્યું છે અને પત્ની તેમજ બાળક હાલ સારવાર હેઠળ છે. બુધવારે વહેલી સવારે અરવલ્લીમાંથી પરિવાર દ્વારા સામૂહિક આપઘાતના પ્રયાસની ઘટના સામે આવી હતી. પતિ-પત્નીએ બાળક સાથે માલુપર પાસેની વાત્રક નદીમાં ઝંપલાવ્યું હતું. જોકે, સ્થાનિકોને આ વિશે જાણ થતા તુરંત પોલીસને સંપર્ક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મોડાસા નગર પાલિકાની રેસ્ક્યુ ટીમે બચાવ કામગીરી હાથ ધરી અને ત્રણેયને નદીની બહાર કાઢવામાં આવ્યા. જોકે, આ દરમિયાન પતિનું મોત નિપજ્યુ હતું પરંતુ પત્ની તેમજ બાળકના શ્વાસ શરૂ હતા. પોલીસ અને રેસ્ક્યુ ટીમ દ્વારા પત્ની અને બાળકને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

આ મામલે પોલીસે આપઘાતનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. પોલીસે હાલ પતિના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યો છે. આ મામલે પ્રાથમિક તપાસમાં ઘરકંકાસના કારણે આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.

# કેનેડામાં લાઈસન્સ રદ થતાં પરત આવેલો આણંદનો યુવક ચોરીના કેસમાં પકડાયો

વડોદરા

કેનેડામાં ડ્રાઈવિંગ લાઈસન્સ રદ થઈ જતાં નોકરી છૂટી જવાથી ભારત પરત ફરેલો યુવક ચોરીઓ કરતાં પકડાઈ જતાં રિમાન્ડ દરમિયાન વધુ એક ચોરીનો ભેદ ખૂલ્યો છે. સારાભાઈ કેમ્પસમાં ડ્રાયફ્રૂટ્સની દુકાનનું શટર તોડી રૂ.૧.૯૦ લાખની રોકડ ચોરી કરવાના બનાવમાં ગોરવા પોલીસે એમએસસી થયેલા ક્રિયેશ પ્રવિણભાઈ પટેલ (રહે. આણંદ)ને ઝડપી પાડયો હતો. આ જ કેમ્પસમાં એક રેસ્ટોરાંમાંથી રૂ.૨૩ હજારની ચોરી થઈ હતી. પોલીસે પૂછપરછ કરતાં ઉપરોક્ત બંને ચોરી ઉપરાંત ઈનઓરબિટ મોલ પાસેથી એક બાઈકની ચોરી અને ભરૂચના ઓરિયેન આર્કેડ ખાતે પણ એક મેડિકલ સ્ટોરમાંથી રોકડા રૂ.૪૭ હજારની ચોરી કર્યાની વિગતો કબૂલી છે.

# નવસારીના કરાડીમાં ગણેશ મૂર્તિ લાવતી વખતે સાત લોકોને કરંટ લાગ્યો, બેના કરૂણ મોત

## લોખંડના પાઈપથી હાઈટેન્શન લાઈન ઊંચી કરવા જતાં દુર્ઘટના સર્જાઇ

**નવસારી**

નવસારીના જલાલપોર તાલુકાના કરાડી ગામમાં સોમવારે (25મી ઓગસ્ટ) ગણપતિ મહોત્સવને લઈને મૂર્તિ લઈને આવતી વખતે મોટી દુર્ઘટના સર્જાઈ હતી. ગણેશ મૂર્તિ લઈ જતી વખતે લોખંડના પાઈપથી હાઈટેન્શન લાઈન ઊંચી કરતા 7 લોકોને કરંટ લાગ્યો હતો. જેમાં બેના ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં છે જ્યારે 5 લોકો ઈજાગ્રસ્ત થયા છે.



જલાલપોરના કરાડી ગામે ગણપતિની મૂર્તિ લઈ જતી વખતે લોખંડના પાઈપથી હાઈટેન્શન લાઈન ઊંચી

મળતી માહિતી અનુસાર, કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન વાયર જોઈન્ટ થઈ જતાં 7 લોકોને કરંટ લાગ્યો હતો. જેમાં પ્રિતેશ પટેલ અને મિતુલ પટેલનું મોત નિપજ્યું છે. જ્યારે કેયુર પટેલ, નિશાંત પટેલ, વિજય પટેલ, કરીશ પટેલ અને નિલેશ પટેલને ગંભીર ઈજાઓ થતાં તેમને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. હાલ જલાલપોર પોલીસે આ ઘટના અંગે તપાસ શરૂ કરી છે.

# અંકલેશ્વરમાં બાપ્પાના આગમન ટાણે બે દુર્ઘટનામાં એકનું મોત, 12 લોકો ઇજાગ્રસ્ત

**અંકલેશ્વર**

અંકલેશ્વરના ગડખોલ ગામ પાસે આવેલા હરિકૃપા સોસાયટીમાં ગણેશ સ્થાપના પહેલાં આગમન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં ડીજેના ટેમ્પાની પાછળ પાછળ બાળકો નાચી રહ્યા હતા. આ દરમિયાન ડીજેનો ટેમ્પો અચાનક રિવર્સ આવતા પાંચ વર્ષની બાળકી નવ્યા પ્રવિણસિંગ સહિત અન્ય બાળકોને અડફેટે લીધા હતા. ગંભીર ઈજાઓને કારણે નવ્યાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે દિયાન, જનક અને ક્રિષ્ના નામના બાળકોને ઈજા પહોંચતા તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ ટેમ્પોના ડ્રાઈવર રાકેશે પોતાનું વાહન સોસાયટીના રહેવાસી ચિરાગ વ્યાસને ચલાવવા આપ્યું હતું. ચિરાગ વ્યાસે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા આ દુર્ઘટના સર્જાઈ હતી. ઘટનાની જાણ થતા પોલીસે તપાસ હાથ ધરી છે. અંકલેશ્વરમાં બનેલી બીજી ઘટનામાં જીઆઈડીસીના સીઓપી 7 ગ્રુપની શ્રીજીની આગમન યાત્રા ચાલી રહી હતી. આ દરમિયાન એક આખલો યાત્રામાં ઘૂસી આવ્યો હતો. ડીજેના મોટા અવાજને કારણે ભડકેલા આખલાએ આતંક મચાવતા 8 થી 10 લોકોને અડફેટે લીધા હતા.

# કઠોરમાં એમડી ડ્રગ્સ બનાવતી ગેંગ ઝડપાઈ, ભાવનગર કનેક્શન ખુલ્યું

## 5.51 લાખનું ડ્રગ્સ, બાઇક, મળી 5.93 લાખનો મુદ્દામાલ કબ્જે

**સુરત**

કતારગામ પોલીસ મથકનો સ્ટાફ અમરોલી જૂના જકાતનાકા ચેકપોસ્ટ ખાતે પેટ્રોલિંગમાં હતો ત્યારે બાકિ પર જતા બે યુવકો પોલીસને જોઇ ગભરાયા હતા. બંને ભાગવાની કોશિશમાં હતા કે પોલીસે દોડીને બંનેને અટકાયતમાં લઇ તલાશી લેતા તેઓ પાસેથી 51.1 ગ્રામ વજનનું મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતુ. પોલીસે એફએસએલને સ્થળ બોલાવી તપાસ કરાવતા માદક પદાર્થ હોવાની પુષ્ટિ થઈ હતી. કતારગામ પોલીસે આ મામલે એનડીપીએસ એક્ટ અન્વયે ગુનો નોંધી મોહમંદ આસીફ અબુલ ખાલીક ગુલીધારા (ઉ.વ.30, રહે-કઠોર, મુસ્લિમ સ્ટ્રીટ) અને આકીબ જુનેદ શેખ (રહે કઠોરગામ,)ની ધરપકડ કરી હતી. પોલીસે 5.51 લાખનું ડ્રગ્સ, બાઈક, મોબાઈલ મળી કુલ્લે રૂ. 5.93 લાખનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. પોલીસ પૂછપરછમાં તેઓએ આ ડ્રગ્સ રાંદેર-કોઝવે પાસે રહેતા ભીમ નેપાળી પાસેથી ખરીદ્યુ હતુ અને વેચવા માટે કે નશો કરવા ડ્રગ્સ ખરીદ્યુ તે અંગે તેઓ ગોળ-ગોળ વાતો કરતા હતા. પોલીસે ભીમ નેપાળીને વોન્ટેડ જાહેર કર્યો હતો.

# મુનસાડમાં લિવ-ઈનમાં રહેતા પ્રેમી-પ્રેમીકા વચ્ચેના ખટરાગનો કરૂણ અંજામ : હત્યા બાદ આત્મહત્યા

## મહિલાના શરીર પર ચપ્પુના અનેક ઘા જોવા મળ્યા, પ્રેમીની લાશ ખેતરમાંથી મળી

**નવસારી**

નવસારીના મુનસાડ ગામે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા એક પ્રેમીએ પોતાની પ્રેમિકાની ચપ્પુના અનેક ઘા ઝીંકી નિર્મમ હત્યા કર્યા બાદ ખેતરમાં ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી

મુનસાડ ગામે રહેતા આ દંપતી છેલ્લા ત્રણ વર્ષથી લિવ-ઈન રિલેશનશિપમાં સાથે રહેતું હતું. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ, પ્રેમીની આગલી પત્નીને લઈને બંને વચ્ચે નિયમિત તકરાર ચાલતી હતી, જે આ ઘટનાનું મુખ્ય કારણ હોવાનું મનાય છે. આ વિવાદે એટલું ઉગ્ર સ્વરૂપ લીધું કે પ્રેમીએ પોતાની પ્રેમિકા પર ચપ્પુ વડે અનેક ઘા ઝીંકી તેની હત્યા કરી નાખી. ત્યારબાદ આરોપીએ ગામના ખેતરમાં જઈને ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

નવસારી ગ્રામ્ય પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મહિલાનો મૃતદેહ અને પ્રેમીની આત્મહત્યા કરેલી લાશને કબજે કરી છે. મહિલાના શરીર પર ચપ્પુના અનેક ઘા જોવા મળ્યા હતા, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પોલીસે આરોપીનો મૃતદેહ ખેતરમાં ઝાડ સાથે લટકતી હાલતમાં રીકવર કર્યો છે. બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે, અને પોલીસે હત્યાનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

# દમણ ક્રાઈમ બ્રાન્ચના 9 પોલીસકર્મી 10 લાખનો તોડ કરવા ગયા ને ભેરવાઈ ગયા

**દમણ**

બારડોલી મોતા ગામમાં રહેતા અજેશ રમેશભાઈ પટેલે કડૈયા પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ 25મી ઓગસ્ટે ઈનોવા કારમાં તેમના 2 મિત્ર સાથે દમણ ફરવા અને પાર્ટી કરવા આવ્યા હતા. બપોરે કડૈયાની એક વાઈન શોપમાંથી દારૂ લઈને તેઓ વાસુકીનાથ મંદિર તરફ ગયા ત્યારે 2થી 3 મોટર સાયકલ પર આવેલા લોકોએ તેમની કારની તપાસ કરી હતી. દારૂ મળતા જ તેઓ પોલીસ વિભાગ તરફથી આવ્યા હોવાનું જણાવી પોલીસ મુખ્યાલય પર લઈ ગયા હતા, જ્યાં દારૂના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી 25 લાખની માંગ કરી હતી, જો કે અંતે 10 લાખ રૂપિયામાં પતાવટ કરી હતી.

બીજા દિવસે કોલેજ રોડ પર ફરિયાદીના મિત્રએ દમણ આવી 7 લાખ રોકડા આપ્યા હતા. બાકીના 3 લાખ માટે મિત્રએ તેમના એક વકીલ મિત્રને ફોન કરતા તેમણે પોલીસ ફરિયાદ કરવાનું જણાવતા આખરે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે, આ કામ ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું છે. પોલીસે ફરિયાદના આધારે આ મામલે ક્રાઈમ બ્રાન્ચના 9 પોલીસકર્મી સામે ગુનો દાખલ કર્યો છે.

બનાવ બાદ દમણ પોલીસ વિભાગના એસ.પી. કેતન બંસલ દ્વારા કડૈયા પોલીસ મથકે આવી મોડી રાત સુધી ગુનામાં સંડોવાયેલા પોલીસકર્મીઓની પૂછપરછ કરી હતી.

**FIRમાં ક્રાઈમ બ્રાન્ચના આ પોલીસકર્મીના નામનો ઉલ્લેખ** : જતીન પટેલ, અંકુશ સિંઘ, રામદેવસિંહ જાડેજા, વિશાલ મીર, વિકાસ રાજપૂત, ક્રિષ્ન વિજય ગોહિલ, ધનજી દુબરિયા સહિત સહિત અન્ય એક અજાણી વ્યક્તિ

# વસાવાનો પાર્ટીના નેતાઓ પર પ્રહાર કહ્યું, ચૈતર સામે કેમ બોલતા નથી?

**નર્મદા**

ભાજપના સાંસદ મનસુખ વસાવાએ ફરી પાર્ટીના નેતાઓને આડેહાથ લીધા હતા. તેમણે પ્રાદેશિક નેતાઓને ચૈતર વસાવા સામે કેમ બોલતા નથી તેમણે કહ્યું કે, આપના નેતાઓ તથા ધારાસભ્ય ચૈતર વસાવા લોકોને ગેરમાર્ગે દોરે છે અને આપણા બધાની તથા આપણી સરકાર વિરુદ્ધ ઉશ્કેરે છે.

પ્રજાની વચ્ચે જઈને આપણે સાચી વાત મુકવી પડશે. મનસુખ વસાવાએ નર્મદાના નાંદોદના ધારાસભ્ય દર્શનાબેન દેશમુખ, ઝઘડિયાના ધારાસભ્ય રિતેશ વસાવા, દેડિયાપાડાના પૂર્વ ધારાસભ્ય મોતીસિંહ વસાવા, ગુજરાત પ્રદેશ આદિજાતિ વિભાગના ઉપપ્રમુખ શંકર વસાવા, નર્મદા ભાજપના પ્રમુખ નીલ રાવ અને ગુજરાત પ્રદેશના નેતાઓને સીધો સવાલ પૂછ્યો કે, ચૈતર વસાવા સામે કોઈ કેમ બોલતું નથી?

મનસુખ વસાવાએ જણાવ્યું કે તેઓ આ ગુંડાઓ સામે પહેલેથી લડતા આવ્યા છે. પહેલા છોટુ વસાવા સામે બોલતા હતા અને હવે ચૈતર વસાવા અને આમ આદમી પાર્ટી (આપ) સામે લડી રહ્યા છે. તેમણે સ્પષ્ટતા કરી કે આદિવાસી હિન્દુ છે અને રહેવાનો છે, પરંતુ આ વાતને પ્રદેશના નેતાઓ સમર્થન આપતા નથી.

# નવસારી અને સુરતમાં લીફ્ટમાં ફસાઈ જતાં માસુમ બાળક તથા મહિલાના મોત

**નવસારી**

વિજલપોર નિરવ એપાર્ટમેન્ટમાં પાંચ વર્ષના બાળકનું લિફ્ટમાં ફસાઈ જવાથી કરૂણ મૃત્યુ થયું છે. મૃતક બાળકનું નામ સાર્થક વિપુલ બારીયા હતું અને તેની ઉંમર માત્ર પાંચ વર્ષ હતી. સાર્થક એપાર્ટમેન્ટના બીજા માળે લિફ્ટમાંથી નીચે ઉતરતી વખતે લિફ્ટ અને દીવાલ વચ્ચે ફસાઈ ગયો હતો. કટર વડે લિફ્ટનો દરવાજો કાપીને બાળકને બહાર કાઢવામાં આવ્યો હતો. આ સમગ્ર રેસ્ક્યુ ઓપરેશનમાં લગભગ એક કલાકનો સમય લાગ્યો હતો. બાળકને લિફ્ટમાંથી બહાર કાઢ્યા બાદ તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

બીજી ઘટનામાં ઉધના વિસ્તારમાં ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં મૂળ બિહારના નાલંદા જિલ્લાના વતની પિંકીકુમારી વિરેન્દ્ર પ્રસાદ જરીની ફેક્ટરીમાં કામ કરતા હતા. હાલ પિંકીકુમારી સુરતના નવાગામ ડીંડોલી વિસ્તારમાં રહેતા હતા. જરીની ફેક્ટરીની લિફ્ટનો ઉપયોગ કરીને પિંકીકુમારી ઉપરના માળે જઈ રહ્યા હતા, ત્યારે અચાનક મહિલાનો સાડીનો છેડો લિફ્ટમાં ફસાયો હતો. જેમાં મહિલાનું માથુ લિફ્ટના દરવાજા અને ફ્લોર વચ્ચે દબાઈ જતાં મોત નીપજ્યું હતું.



# વડોદરામાં શ્રીજીની પ્રતિમા પર ઈંડા ફેંકનાર બે યુવકોનું સરઘસ કઢાયું

## વર્ષો પછી ગણેશોત્સવમાં કોમી શાંતિ ડહોળાવાનો પ્રયાસ

**વડોદરા**

વડોદરાના પાણીગેટ વિસ્તારમાં ગણેશજીની પ્રતિમા પર ઈંડા ફેંકવાના બનેલા બનાવ બાદ પોલીસે બે આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢ્યું હતું અને તેમને માફી પણ મંગાવી હતી. આ ઘટના માંજલપુરના ગણેશ મંડળની શ્રીજીની પ્રતિમાની સ્થાપના વેળાએ બની હતી. મોડી રાત્રે અંદાજે ૨:૩૦ વાગ્યાની આસપાસ પાણીગેટ પાસેના મદાર માર્કેટ નજીક કોઈ અજાણ્યા શખ્સોએ પ્રતિમા પર ઈંડા ફેંક્યા હતા. આ ઘટનાને કારણે ગણેશ મંડળોમાં ભારે રોષ ફેલાયો હતો.

આ ઘટના બાદ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. ગણતરીના કલાકોમાં જ પોલીસે એક સગીર સહિત ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા અને નવી પ્રતિમાની વ્યવસ્થા પણ કરી હતી. આરોપીઓની ઓળખ સુફિયાન મન્સૂરી અને શાહ નવાઝ ઉર્ફે બડબડ કુરેશી તરીકે થઈ હતી.

પોલીસે આજે આ બે આરોપીઓને તેમના જ વિસ્તારમાં, વાડીના ખાનગાહ મોહલ્લામાં, જાહેરમાં ફેરવ્યા હતા. તેમના હાથ દોરડા વડે બાંધેલા હતા. આ સરઘસ દરમિયાન બંને આરોપીઓએ પોતે કરેલા કૃત્ય બદલ હાથ જોડીને માફી માંગી હતી.

આ ઘટના બાદ ગણેશ મંડળોમાં અને સ્થાનિક ભાજપના કાર્યકરોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. પરંતુ પોલીસે તાત્કાલિક આરોપીઓને શોધી કાઢીને કડક કાર્યવાહી કરવાની ખાતરી આપતાં મામલો થાળે પડ્યો હતો અને કોઈ અનિચ્છનીય ઘટના બની નહોતી.

છેલ્લા ઘણા વર્ષોથી વડોદરામાં ગણેશોત્સવ શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉજવાય છે.વિસર્જન યાત્રામાં પણ શાંતિ જળવાઈ રહે છે. તેમજ કેટલાક સ્થળોએ કોમી એકતાના પણ દ્રશ્યો જોવા મળે છે. તેવા સમયે અચાનક થયેલી આ ઘટનાના કારણે પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ છે.

# નિવૃત ડીવાયએસપી મેવાડાની 300 કરોડની સંપત્તિ જપ્ત કરવા આદેશ

**મોડાસા**

ભ્રષ્ટાચારના કેસમાં ફસાયેલા નિવૃત્ત ડીવાયએસપી જયંતીલાલ જેઠાભાઈ મેવાડાને મોડાસા કોર્ટે મોટો ઝટકો આપ્યો હતો. કોર્ટે તેમની 300 કરોડની સંપત્તિ જપ્ત કરવાનો આદેશ કર્યો હતો. આ કાર્યવાહી વર્ષ 2022માં તેમની સામે દાખલ થયેલી ફરિયાદના આધારે કરવામાં આવી હતી. તે સમયે તેઓ આમ આદમી પાર્ટીના નેતા હતા.

આ મામલો 2022નો છે. તે સમયે જયંતીલાલ મેવાડા અમદાવાદ શહેર આપના પ્રમુખ હતા. કલોલના રહેવાસી વિરલગીરી ગોસ્વામીએ અરવલ્લી જિલ્લા સેશન્સ કોર્ટમાં જયંતીલાલ મેવાડા અને તેમના પરિવારના 6 સભ્યો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી હતી. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે મેવાડાએ તેમની ફરજ દરમિયાન 300 કરોડથી વધુની અપ્રમાણસર મિલકતો ગેરકાયદેસર રીતે ખરીદી હતી. આ કેસ નોંધાયા બાદ જયંતીલાલ મેવાડા ભાજપમાં જોડાયા હતા, છતાં તેમને કાયદાકીય કાર્યવાહીમાંથી મુક્તિ મળી નથી.

# પાદરામાં ભાજપના MLAએ કોંગ્રેસના સભ્યને રાક્ષસ-અભણ કહેતાં વિવાદ

## જવાબમાં કોંગ્રેસે ધારાસભ્યને જુઠ્ઠાસિંહ બિરૂદ આપ્યું

**વડોદરા**

વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં એપીએમસીના પૂર્વ ચેરમેન લેડી ડોક્ટરના ક્લિનિકમાંથી મધરાતે ધાબળો ઓઢીને બહાર નીકળ્યા હોવાના વિવાદ વચ્ચે હવે ભાજપના ધારાસભ્ય અને કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય વચ્ચે જુબાની જંગ જામતાં રાજકીય માહોલ ગરમાયો છે.

પાદરા તાલુકાના સરસવણી ગામે તા.૨૧મીએ પંચાયત ઘરના ખાતમુહૂર્ત પ્રસંગે ભાજપના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ કોંગ્રેસ દ્વારા વિકાસના કામોમાં હવનમાં હાડકાં નાંખવામાં આવતા હોવાનું કહી તેમને રાક્ષસના વંશજો કહેતાં વિવાદ સર્જાયો હતો.

આ મદ્દે કોંગ્રેસના પાદરાના પૂર્વ ધારાસભ્ય જશપાલસિંગ સોશ્યલ મીડિયા પર લાઈવ થયા હતા અને તેમણે ૫૦૦ કરોડના વિકાસના કામોની યાદીનો હિસાબ જાહેર કરી તમે શું કર્યું છે તેનો જવાબ આપો તેવો સવાલ પૂછ્યો હતો.

ત્યારબાદ તરત જ ધારાસભ્યએ તેમને અભણ કહ્યા હતા અને મારે કોઈ વિવાદમાં પડવું નથી.લોકો જાણે જ છે તેમ કહ્યું હતું.તો સામે પૂર્વ ધારાસભ્યએ જવાબમાં ધારાસભ્યને જુઠ્ઠાસિંહ કહીને સંબોધ્યા હતા અને કહ્યું હતું કે,મારે તમારા કોઈ સર્ટિફિકેટની જરૂર નથી. સ્કૂલ કે શેરીના બાળકોના ઝઘડાની જેમ પાદરા તાલુકાનો રાજકીય માહોલ ગરમાયો છે.જેને કારણે પંચાયત ભવનનું બબ્બે વાર ખાતમૂહુર્ત થયું છે.

ભાજપના જિલ્લા પંચાયતના મહિલા સદસ્યની ગ્રાન્ટમાંથી પાદરાના સરસવણી ગામે આશરે ૨૩ લાખના ખર્ચે પંચાયત ભવન બનાવવાના કામને મંજૂરી મળતાં ભાજપના ધારાસભ્યના હસ્તે ચાર દિવસ પહેલાં તા.૨૧મીએ ખાતમુહૂર્ત કરાયું હતું. આ કાર્યક્રમમાં કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યના નિકટના મનાતા અલ્પેશ પટેલના સરપંચ બનેલા પત્નીને આમંત્રણ આપવામાં આવ્યું નહતું.જેને કારણે ગઈકાલે સરપંચ દ્વારા ફરીથી ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.







સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
WWW.SWADESH.NEWS
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# જામનગરમાં રિલાયન્સના 'વંતારા'ની મુશ્કેલી વધી ! સુપ્રીમ કોર્ટ દ્વારા SITની રચના કરાઈ

## પ્રાણીસંગ્રહાલયમાં દેશવિદેશની અનેક પ્રાણીઓ લાવી આશરો અપાયો છે

**જામનગર**

રિલાયન્સ ફાઉન્ડેશને જામનગરમાં વંતારા ગ્રીન્સ ઝૂઓલોજિકલ રેસ્ક્યુ એન્ડ રિહેબિલિટેશન સેન્ટર બનાવ્યું છે, જેમાં દેશ-વિદેશથી લાવવામાં આવેલા સંખ્યાબંધ પ્રાણીઓને આશ્રય આપવામાં આવ્યો છે અને ઈજાગ્રસ્ત પ્રાણીઓની સારવાર માટે સુવિધા ઉભી કરવામાં આવી છે. આ સેન્ટરમાં પ્રાણીઓને લાવવા માટે કાયદાનું ઉલંઘન કરવામાં આવ્યું હોવાના આરોપો લાગવવામાં આવ્યા છે. હવે વંતારાની કામગીરીની તપાસ કરવા માટે એક સ્પેશીયલ ઈન્વેસ્ટીગેશન ટીમ (SIT) ની રચના કરવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ પંકજ મિથલ અને પ્રસન્ના બી. વરાલેની બેન્ચે એક પબ્લિક ઈન્ટરેસ્ટ લીટીગેશનની અરજી પર સુનાવણી કરતી વખતે SITની રચનાનો આદેશ આપ્યો હતો. બેન્ચે ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ જે. ચેલમેશ્વરના નેતૃત્વ હેઠળની SIT ની રચના કરી છે. આ SIT વંતારાની કામગીરીની તપાસ કરશે. આ ઉપરાંત આ SIT તપાસ કરશે કે ભારત અને વિદેશથી પ્રાણીઓને સેન્ટરમાં લાવવા માટે વન્યજીવન સંરક્ષણ કાયદા અને અન્ય સંબંધિત કાયદાઓની જોગવાઈઓનું યોગ્ય રીતે પાલન કરવામાં આવ્યું હતું કે નહીં.

પૂર્વ ન્યાયાધીશ ચેલમેશ્વરના આગેવાની હેઠળની આ SITમાં ઉત્તરાખંડ અને તેલંગાણા હાઈકોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ રાઘવેન્દ્ર ચૌહાણ, મુંબઈ પોલીસ કમિશનર હેમંત નાગરાલે અને કસ્ટમ્સના એડીશનલ કમિશનર અનિશ ગુપ્તાનો સમાવેશ થાય છે.

# સીમરણમાં માલધારીનો અનોખો વિરોધ, પશુઓ લઈ કચેરી પહોંચ્યા

## સરકારી અને ગૌચર જમીનો પર દબાણો થતાં રોષ

**સાવરકુંડલા**

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના સીમરણ ગામમાં આજે માલધારી સમાજે ગૌચર અને સરકારી ખરાબાની જમીન પર થયેલા ગેરકાયદેસર દબાણો દૂર કરવાની માંગ સાથે અનોખો વિરોધ પ્રદર્શન કર્યું હતું. ગામના માલધારીઓ મોટી સંખ્યામાં પોતાના પશુઓ સાથે મામલતદાર કચેરીએ પહોંચ્યા હતા અને આવેદનપત્ર આપી પોતાની રજૂઆત કરી હતી.

સીમરણ ગામમાં લગભગ 30 થી 40 જેટલા માલધારી પરિવારો વસવાટ કરે છે, જેમનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે. આ પરિવારોની આવકનો બીજો કોઈ સ્ત્રોત નથી અને તેઓ સંપૂર્ણપણે પોતાના પશુઓ પર નિર્ભર છે. જોકે, ગામની આશરે 1800 વીઘા ગૌચર જમીનમાંથી માત્ર 500 થી 600 વીઘા જ જમીન ખુલ્લી છે. બાકીની જમીન પર કેટલાક સ્થાનિક લોકોએ ગેરકાયદેસર કબજાઓ કરી લીધા છે. આ ઉપરાંત, ખુલ્લી ગૌચર જમીનમાં પણ ગાંડા બાવળનું સામ્રાજ્ય હોવાથી પશુઓને ચરાવવું મુશ્કેલ બન્યું છે.

# અમિત ખૂંટ આપઘાત કેસ : સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂક થઈ

**રાજકોટ**

રીબડામાં અમિત દામજીભાઈ ખૂંટ આત્મહત્યા કેસમાં ગૃહ વિભાગ તરફથી સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર (પીપી) અને આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂક કરવામાં આવી હતી. સ્પેશિયલ પીપી તરીકે ચેતન શાહ અને આસિસ્ટન્ટ પીપી તરીકે હિરેન પટેલની નિમણૂક કરવામાં આવી હતી. સમગ્ર કેસમાં અનિરુદ્ધસિંહ જાડેજા, રાજદીપસિંહ જાડેજા તેમ જ મકરાણી સહિતના વ્યક્તિઓ ફરાર છે. તાજેતરમાં સેશન્સ કોર્ટ દ્વારા અનિરુદ્ધસિંહ જાડેજાની આગોતરા જામીન અરજી રદ કરી હતી. તો સાથે જ પોપટ સોરઠિયા હત્યા કેસમાં અનિરુદ્ધસિંહને મળેલી સજા માફીનો હુકમ હાઈ કોર્ટે રદ કરી એક મહિનામાં જેલમાં સરેન્ડર કરવા હુકમ કર્યો હતો.

ગોંડલ તાલુકા પોલીસે અનિરુદ્ધસિંહ વિરુદ્ધ અમિત ખૂંટને આપઘાત માટે દુષ્પ્રેરણા આપવાનો ગુનો નોંધ્યો છે. પોલીસની ચાર્જશીટમાં અનિરુદ્ધસિંહને ફરાર બતાવવામાં આવ્યા છે.

અમિત ખૂંટ આત્મહત્યા કેસમાં પણ ગોંડલ કોર્ટે અનિરુદ્ધસિંહ જાડેજાની 19 ઓગસ્ટે આગોતરા જામીન અરજી નામંજૂર કરી હતી.

# ભાતીગળ તરણેતરના મેળાનો આરંભ થયો મંત્રીઓની ગેરહાજરી ઉડીને આંખે વળગી

## ધારાસભ્યો અને અધિકારીઓ દ્વાર ત્રિનેત્રેશ્વર મહાદેવની પુજા અર્ચના કરાઈ

સુરેન્દ્રનગર - સુરેન્દ્રનગર સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં પ્રખ્યાત એવો તરણેતરનો મેળો ખુલ્લો મુકવામાં આવ્યો છે. ચાર દિવસીય આ લોકમેળામાં ગ્રામીણ ઓલમ્પિક અને પશુ સ્પર્ધા પણ યોજાશે. આમંત્રણ પત્રિકામાં ઉલ્લેખ કરેલા એક પણ મંત્રી આ ઉદ્ઘાટન વેળાએ હાજર ન રહેતા લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. ધારાસભ્યો અને અધિકારીઓ દ્વાર ત્રિનેત્રેશ્વર મહાદેવની પુજા અર્ચના કરી મેળાને ખુલ્લો મુકાયો હતો. ચાર દિવસીય ગ્રામીણ ઓલિમ્પિકમાં રમતવીરો કૌવત બતાવશે.

પાંચાળનો સૌથી પૌરાણિક એવો તરણેતરનો મેળો સુરેન્દ્રનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આમંત્રણ પત્રિકામાં ઉલ્લેખ કરેલા એક પણ મંત્રી આ ઉદ્ઘાટન વેળાએ હાજર ન રહેતા માત્ર સ્થાનિક ધારાસભ્યો, અધિકારીઓ દ્વારા ભગવાન ત્રિનેત્રેશ્વર મહાદેવનું પુજન અર્ચન કરી પ્રજાજનો માટે ખુલ્લો મુક્યો હતો. મેળામાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ હોવા છતાં નેતાઓએ ફોટોગ્રાફી માટે ડ્રોન ઉડાડી નિયમોને નેવે મુક્યા હતા.

ચાર દિવસીય આ લોકમેળામાં ૨૦મી ગ્રામીણ ઓલમ્પિક અને પશુ સ્પર્ધા પણ યોજાશે. જેમાં રમતવીરો બતાવશે કૌવત મુખ્યમંત્રી, સહિતના મંત્રીઓ ચાર દિવસીય લોકમેળામાં અલગ અલગ દિવસે હાજરી આપશે.

# સાળંગપુર ધામમાં ગણેશ મહોત્સવ: શ્રી કષ્ટભંજન દેવને અષ્ટવિનાયક દેવની થીમનો કરાયો શણગાર

**સાળંગપુર**

સાળંગપુર ધામ સ્થિત સુપ્રસિદ્ધ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે ગણપતિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી છે. બુધવારે (27 ઓગસ્ટ) શ્રી કષ્ટભંજનદેવ હનુમાન દાદાને ગણેશજીની થીમવાળા વિશેષ વાઘા પહેરાવવામાં આવ્યા છે. આ સિવાય હનુમાન દાદાને અષ્ટવિનાયક દેવની થીમનો શણગાર કરવામાં આવ્યો છે.

બુધવારે વહેલી સવારે 9 વાગ્યે શ્રી હરિ મંદિરમાં ગણપતિ દાદાની પૂજા-અર્ચના કરવામાં આવી હતી. પૂજન બાદ, આરતી કરવામાં આવી હતી. ભક્તોએ આ દિવ્ય અને અનેરા દર્શનનો લાભ લીધો હતો.

આજના શણગાર વિશે વાત કરતા પૂજારીએ જણાવ્યું કે, 'આજે ગણેશ ચતુર્થીના પવિત્ર દિવસે શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજીને અષ્ટવિનાયક દેવની થીમનો શણગાર કરાયો છે. હનુમાનજીના સિંહાસને આઠ પ્રકારના ગણેશજીની પ્રતિમા મૂકવામાં આવી છે. દાદાને ગણેશજીની થીમવાળા વિશેષ વાઘા પહેરાવવામાં આવ્યા છે.'



# સુરેન્દ્રનગર પાસે ચુડામાં પાણીના પ્રવાહમાં દાદા-પૌત્ર તણાઈ જતા મોત

**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગરના જિલ્લાના ચુડા તાલુકાના ચમારડી ગામમાં એક કરુણ ઘટના બની છે, જ્યાં નદીના પ્રવાહમાં તણાઈ જવાથી દાદા અને પૌત્રનું મૃત્યુ થયું છે. આ ઘટનાથી માલધારી સમાજમાં ભારે ગમગીની છવાઈ ગઈ હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ માલધારી સમાજના કરણભાઈ કાનાભાઈ ચાવડા અને તેમનો પૌત્ર નરેશભાઈ દોલાભાઈ ચાવડા ગામ નજીક પશુ ચરાવી રહ્યા હતા. તે દરમિયાન પૌત્ર નરેશ નદીના પાણીના પ્રવાહમાં તણાઈ ગયો હતો. પૌત્રને બચાવવા માટે દાદા કરણભાઈએ પણ નદીમાં ઝંપલાવ્યું હતું, પરંતુ કમનસીબે તેઓ પણ પ્રવાહમાં તણાઈ ગયા હતા. નદીના કિનારે ઊભેલા અન્ય લોકોએ આ દાદા-પૌત્રને બચાવવા માટે ભારે જહેમત ઉઠાવી તેમને બહાર કાઢ્યા હતા. બાદમાં તેમને તાત્કાલિક ચુડા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ફરજ પરના તબીબે તપાસ કરતા દાદા અને પૌત્ર બંનેને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાને પગલે સમગ્ર ચમારડી ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટમાં ગેરકાયદે રહેતા 7 આફ્રિકન વિદ્યાર્થી ઝડપાયા, ડિપોર્ટેશનની તૈયારી શરૂ કરાઈ

**રાજકોટ**

રાજકોટમાં મંગળવારે એસઓજી અને ક્રાઈમ બ્રાન્ચની ટીમોએ કરેલી તપાસમાં આફ્રિકા ખંડના દેશોની ચાર યુવતી અને એક યુવાન વિઝાની મુદત પુરી થઈ ગઈ હોવા છતાં રહેતાં હોવાનું ખુલ્યું હતું. બુધવારે થયેલી તપાસમાં આફ્રિકા ખંડના દેશોની વધુ એક યુવતી અને એક યુવાન ગેરકાયદે રહેતા હોવાનું ખુલ્યું હતું. આ રીતે આ સાતેયને એસઓજીની ટીમોએ ડિટેન્શન સેન્ટરમાં મોકલી દેવાયા છે. ટૂંક સમયમાં આ સાતેયને ડિપોર્ટ કરાશે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મંગળવારની તપાસમાં સામે આવ્યું કે, ચારેય યુવતી યુગાન્ડાની છે, જ્યારે યુવક સાઉથ સુદાનનો છે. આજે મળેલી યુવતી તાન્ઝાનીયા અને યુવક કેન્યાનો છે.

# દયાળ ગામે યુવાનના હત્યામાં દંપતી અને તેના પુત્રને આજીવન કેદની સજા

## સાડા ચાર વર્ષ પૂર્વે અદાવતની દાઝ રાખી ખૂન કરી નાંખ્યું હતું

**ભાવનગર**

મહુવા તાલુકાના દયાળ ગામે સાડા ચાર વર્ષ પૂર્વે એક યુવાનની હત્યા કરનાર માતા-પિતા અને પુત્રને આજીવન કેદની સજા અને રોકડ રકમ ભરવાનો કોર્ટે હુકમ કર્યો છે.

પ્રાપ્ત વિગત અનુસાર મહુવાના દયાળ ગામે ગત તા.૨૮-૩-૨૦૨૧ના રોજ સાંજના ।સમયે પ્રતાપભાઈ ધનાભાઈ શિયાળ અને અજયભાઈ કાનાભાઈ શિયાળ નામના યુવાનો શાકમાર્કેટમાં પ્રવીણભાઈ ખસિયાની દુકાન પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે છેલ્લા છ માસથી ચાલી રહેલા ઝઘડાની દાઝ રાખી વિક્રમ ઉર્ફે મેકડોલ ધીરૂભાઈ ચૌહાણ, ધીરૂ કલાભાઈ ચૌહાણ અને પુનીબેન ધીરૂભાઈ ચૌહાણે આવી બોલાચાલી કરી છરીના ઘા ઝીંકી હત્યા કરી નાંખી હતી. જે બનાવ અંગે પોલીસે આઈપીસી ૩૦૨, ૧૧૪ અને જીપીએક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી ત્રણેયની ધરપકડ કરી હતી. આ અંગેનો કેસ મહુવાના બીજા એડીશનલ સેશન્જ જજ અતુલકુમાર પાટીલની અદાલતમાં ચાલી ગયો હતો.

# મોરબીના રફાળેશ્વર ગામે દારૂ પી વારંવાર ધમાલ કરતી મહિલાની હત્યા

**મોરબી**

મોરબીના રફાળેશ્વર ગામે રહેતા કાંતાબેન ગાંડુભાઈ સોલંકી નામના વૃદ્ધાએ આરોપીઓ હીના લક્ષ્મણ રાઠોડ, મનોજ ઉર્ફે મયુર રમેશ રાઠોડ, હુશેન ફિરોજ જુણેજા અને નર્મદાબેન લક્ષ્મણભાઈ રાઠોડ એમ ચાર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે કે ફરિયાદીની દીકરી લક્ષ્મીને દારૂ પીવાની ટેવ હતી અને દારૂ પીને અવારનવાર માથાકૂટ કરતી હતી તેથી કંટાળી જઈને હીના રાઠોડે લાકડી વડે માથામાં મારી તેમજ શરીરે ઈજા કરી હતી અને ફરિયાદીની દીકરી લક્ષ્મી તોફાન કરતી હોવાથી તેને બાંધવા માટે દોરડું આપતા હીના અને હુશેને લક્ષ્મીને ખાટલામાં સુવડાવી દોરડાથી બાંધી લાકડાના ધોકા માથામાં મારી હત્યા નીપજાવી હતી. મૃતક લક્ષ્મીબેન તેની માતા સાથે રહેતી હતી.



## વોર ટુ ફલોપ જતાં જુનિયર એનટીઆરએ ફિલ્મ ગુમાવી

મુંબઇ : હૃતિક રોશન અને જુનિયર એનટીઆરની ‘વોર ટુ’ બોક્સ ઓફિસ પર સદંતર ફલોપ જતાં વ્યથિત થયેલા યશરાજ ફિલ્મસના આદિત્ય ચોપરાએ હવે જુનિયર એનટીઆર સાથેની ‘એજન્ટ વિક્રમ’ ફિલ્મ પણ માંડી વાળી છે. ‘વોર ટુ’માં જુનિયર એનટીઆર હોવાથી તેલુગુ માર્કટને મોટાપાયે કેપ્ચર કરવાની આદિત્ય ચોપરાની ગણતરી હતી. પરંતુ, ફિલ્મ ત્યાં પણ ફલોપ થઈ ગઈ હતી. આથી આદિત્ય ચોપરા હવે સોલો હિરો તરીકે જુનિયર એનટીઆર સાથે હિંદી ફિલ્મ બનાવવાનું પણ જોખમ લેવા તૈયાર નથી.

સ્વદેશ





## ફિલ્મી સિતારાઓએ ઢોલ-નગારા સાથે બાપ્પાનું કર્યું સ્વાગત : સલમાને માતા-પિતા સાથે આરતી કરી



દેશભરમાં ગણેશ ચતુર્થીનું મહાપર્વ ધામધૂમથી ઉજવાઈ રહ્યું છે. ત્યારે મોટા પડદાથી લઈને નાના પડદા સુધીના સ્ટાર્સ સંપૂર્ણ ભક્તિભાવથી આ ઉત્સવમાં જોડાઈ રહ્યા છે. બુદ્ધિ, સમૃદ્ધિ અને નવી શરૂઆતના દેવતા ભગવાન ગણેશજીના સમ્માનમાં ઉજવવામાં આવતા આ ઉત્સવમાં ભક્તો પંડાલો શણગારે છે. બોલિવૂડ અભિનેતા સોનુ સૂદે પોતાના ઘરે ગણપતિ બાપ્પાનું સ્વાગત કરીને ઉત્સવની શરૂઆત કરી હતી. સોશિયલ મીડિયા પરના ઘણા વીડિયોમાં અભિનેતા પોતાની કારમાં બાપ્પાની મૂર્તિ મૂકીને અને આરતી કરતા જોવા મળે છે. ભારતી સિંહ અને તેમના પતિ હર્ષ લિંબાચિયાએ પણ ગણેશ ચતુર્થી પહેલા ઉજવણી કરી હતી. અંકિતા લોખંડે અને વિકી જૈને પણ તેમના ઘરે ભગવાન ગણેશનું સ્વાગત કર્યું હતું. બંને સ્ટાર્સે પૂજા દરમિયાન તેમની માતાઓની હાજરી સુનિશ્ચિત કરી અને કૌટુંબિક બંધનની ભાવનાત્મક ક્ષણોને કેદ કરી. ગોવિંદાની ભત્રીજી આરતી સિંહે પણ બાપ્પાનું તેના ઘરે સ્વાગત કર્યું. અભિનેત્રી હંસિકા મોટવાણી, જે તેના છૂટાછેડાને કારણે સમાચારમાં છે, તેણે પણ ગણપતિ બાપ્પાને ખૂબ જ ધામધૂમથી તેના ઘરે લાવી છે.

બોલિવૂડમાં એવી ઘણી મુસ્લિમ ફેમિલી છે, જે ગણેશોત્સવનો તહેવાર ધામ-ધૂમથી ઉજવે છે. આવો જ એક પરિવાર સલમાન ખાનનો છે, જે દર વર્ષે પૂરી શ્રદ્ધાથી ગણપતિની સ્થાપના કરે છે અને તેમની પૂજા-અર્ચના કરે છે. હાલમાં આવો જ એક વીડિયો સોશિયલ મીડિયા પર લોકોના દિલ જીતી રહ્યો છે જેમાં સલમાન ખાનનો આખો પરિવાર ગણપતિ બપ્પાની પૂજા-આરાધના કરતો નજર આવી રહ્યો છે. દર વર્ષની જેમ આ વખતે પણ ખાન પરિવાર પોતાના નજીકના મિત્રો અને ઈન્ડસ્ટ્રીના સાથીદારો સાથે ભગવાન ગણેશની પૂજા કરવા માટે એકઠા થયો અને પરંપરાને આગળ ધપાવી. સલમાન અને તેનો પરિવાર વર્ષોથી આ તહેવાર ઉજવી રહ્યો છે. સલમાન ખાન અને તેના પરિવારના તમામ લોકો ગણેશ ચતુર્થીના અવસર પર ઘરની સૌથી નાની દીકરી અર્પિતા ખાનના ઘરે એકઠા થયા હતા.

# હા, હા... હું સિંગલ છું! : તમન્ના ભાટિયા



શોબિઝની ગ્લેમરસ પણ ક્રૂર દુનિયામાં પ્રસિદ્ધિની એક કિંમત ચૂકવવી પડે છે. અહીં સતત ગોસિપ, અંગત જીવન ડહોળી નાખે એવી હરકતો અને ફેક ન્યુઝનો મારો થતો હોય છે. બહુ ઓછી સેલિબ્રિટી એવી છે, જે આવી અરાજક પરિસ્થિતિને ગરિમા અને રમૂજ સાથે હેન્ડલ કરી શકે. બોલિવુડ અને દક્ષિણ ભારતીય ફિલ્મ ઉદ્યોગોમાં પોતાની આગવી ઓળખ બનાવનાર પ્રસિદ્ધ અભિનેત્રી તમન્ના ભાટિયા એમાંની એક છે. તમન્નાની કારકિર્દીનો પથ રોમાંચક રહ્યો છે. તાજેતરમાં તેણે પોતાના જીવનને લાગતી કેટલીય અફવાઓ વિશે બિન્દાસપણે સ્પષ્ટતાઓ કરી હતી. ‘બાહુબલી’ સિરીઝથી પ્રસિદ્ધ થયેલી તમન્ના પોતાના પરફોર્મન્સ ઉપરાંત તેના કથિત રોમાન્સ બાબતે પણ લાઈમ લાઈટમાં રહી છે. આવી અફવાઓમાં બે નામ સતત બોલાતા રહ્યાં - ભારતીય ક્રિકેટ સુપરસ્ટાર વિરાટ કોહલી અને ભૂતપૂર્વ પાકિસ્તાની ક્રિકેટર અબ્દુલ રઝાક. તમન્નાએ આ અફવાઓ વિશે પ્રમાણિકતા અને ચતુરાઈથી ખુલાસા કરે છે. વિરાટ કોહલી સાથે ડેટિંગની અફવાઓ વિશે તમન્નાએ કહ્યું કે તે કોહલીને માત્ર એક જ વાર મળી છે અને તે પણ શૂટ દરમ્યાન. તમન્ના કબૂલ કરે છે કે તે વિરાટને એક જ વાર મળી હોવા છતાં તેની સાથે નામ સંકળાતા તે શરમજનક સ્થિતિમાં મુકાઈ હતી. તમન્નાએ આખરે એ બાબતની પુષ્ટિ કરી ખરી કે એ હાલ સિંગલ છે. તેનો છેલ્લો સંબંધ એક્ટર વિજય વર્મા સાથે હતો, જેની સાથે તેની પહેલી મુલાકાત ‘લસ્ટ સ્ટોરીઝ-ટુ’ના શૂટ દરમ્યાન થઈ હતી. બંનેએ તેમનો સંબંધ ૨૦૨૩માં જાહેર કર્યો હતો, પણ પછી તેઓ છૂટા પડી ગયાં. જો કે હજી પણ તેમની વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો છે જ.

## નેશનલ ક્રશ બની છવાયેલી તૃપ્તિ ડિમરીની એક પછી એક ફિલ્મો ફ્લોપ!

રણબીર કપૂર સ્ટારર ફિલ્મ ‘એનિમલ’ થી તૃપ્તિ ડિમરી નેશનલ ક્રશ બની ગઈ હતી. આ પછી તેને એક પછી એક ફિલ્મો મળતી રહી. એક્ટ્રેસે ‘વિક્કી વિદ્યા કા વો વાલા વીડિયો’, ‘બેડ ન્યૂઝ’, ‘ભૂલ ભુલૈયા 3’ જેવી ઘણી ફિલ્મો કરી. પરંતુ કોઈ પણ ફિલ્મ તૃપ્તિને ઓળખ અપાવવામાં મદદ ન કરી શકી. તેની એક પછી એક ફિલ્મો ફ્લોપ ગઈ. ‘એનિમલ’ ફિલ્મમાં તૃપ્તિ સાથે કામ કરનાર અભિનેતા સૌરભ સચદેવાએ આ વિશે વાત કરી છે. તેણે તૃપ્તિનો ફિલ્મ પસંદગીનો નિર્ણય જોખમી ગણાવ્યો. સૌરભે કહ્યું કે, ‘તૃપ્તિ જ્યાં સુધી આવી ફિલ્મો કરશે નહીં ત્યાં સુધી તેને કેવી રીતે ખબર પડશે કે તે આવી ફિલ્મો માટે યોગ્ય છે કે નહીં? તેને ત્યારે જ ખબર પડશે જ્યારે તે આ ફિલ્મો કરશે અને જોખમ લેશે. એક અભિનેતાનું કામ જોખમ લેવાનું છે, આપણે દરરોજ એક જ કામ નથી કરતા. આપણે એક્સપેરિમેન્ટ કરીએ છીએ અને ક્યારેક-ક્યારેક એક્સપેરિમેન્ટ ફેલ પણ થઈ શકે છે.’ ‘આનો અર્થ એ નથી કે તે નિષ્ફળ છે. હું શાળા અને રમતગમતમાં ઘણી વખત ફેલ થયો છું. પણ આનો અર્થ એ નથી કે હું નિષ્ફળ છું.’





## સૈયારા સ્ટાર અનીત પડ્ડાને વધુ એક રોમાન્ટિક ફિલ્મ મળી

પંજાબના બેકગ્રાઉન્ડ પર રોમાન્ટિક ફિલ્મ હશે

અનિત સામે હીરોની શોધ, ફિલ્મનું શૂટિંગ આવતાં વર્ષની મધ્યમાં શરુ થશે

મુંબઇ : ‘સૈયારા’ ફિલ્મની અણધારી સફળતાના કારણે રાતોરાત ચર્ચામાં આવી ગયેલી હિરોઈન અનીત પડ્ડાને વધુ એક રોમાન્ટિક ફિલ્મ મળી છે. જોકે, આ ફિલ્મમાં તેનો હિરો કોણ હશે તેની જાહેરાત હજુ થઈ નથી. આ ફિલ્મનું દિગ્દર્શન ‘બેન્ડ બાજા બારાત’ના દિગ્દર્શક મનીષ શર્મા કરવાના છે. ફિલ્મ પંજાબનાં બેકગ્રાઉન્ડ પર હશે. હાલ તેનું પ્રિ પ્રોડક્શન વર્ક ચાલુ થઈ ગયું છે અને મોટાભાગે આવતાં વર્ષના મધ્યમાં ફિલ્મનું શૂટિંગ શરુ થઈ જશે તેમ મનાય છે. ‘સૈયારા’ની સફળતા પછી અનેક મોટાં પ્રોડક્શન હાઉસ દ્વારા અનીતનો સંપર્ક કરવામાં આવ્યો હોવાનું કહેવાય છે. જોકે, તે બહુ સમજી વિચારીને ફિલ્મોની પસંદગીમાં આગળ વધી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અનિત પડ્ડાએ અનિતે પોતાની કારકિર્દીની શરૂઆત જાહેરાતોથી કરી હતી, જેમાં તેણીએ નેસ્કાફે, કેડબરી ડેરી મિલ્ક અને એમેઝોન ઇન્ડિયા જેવા બ્રાન્ડ્સ માટે કામ કર્યું હતું. 2022 માં, તેણીએ ‘સલામ વેંકી’ ફિલ્મથી અભિનયની દુનિયામાં પ્રવેશ કર્યો, જેમાં તેણીએ ‘નંદિની’ ની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મમાં, તેણીને કાજોલ, વિશાલ જેઠવા અને રાહુલ બોઝ જેવા કલાકારો સાથે કામ કરવાની તક મળી.



# ॥ સંસ્કૃતિ ॥




Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)

+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


### 15 વર્ષમાં 100 સેટેલાઈટ અવકાશમાં મોકલવાનું ભારતનું લક્ષ્ય

# ગગનયાનનું એરડ્રોપ સફળ, ભારત સ્પેસમાં કાઠુ કાઢશે

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

અમેરિકાના ટેરિફ બોમ્બના સમાચારો વચ્ચે ભારતમાં અવકાશ મિશનને તેજ બનાવવાનીતૈયારી ચાલી રહી છે. ભારતની અવકાશક્ષેત્રે સંશોધન કરતા ઈસરોએ તાજેતરમાં જ પોતાના અતિમહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ગગનયાનનું એરડ્રોપનું પરીક્ષણ સફળ રીતે પૂરું કર્યું હતું. આ ટેસ્ટને ઈન્ટીગ્રેટેડ એર ડ્રોપ ટેસ્ટ કહેવામાં આવે છે. આંધ્ર પ્રદેશના શ્રીહરિકોટા ખાતે સદીશ ધવન અંતરિક્ષ કેન્દ્ર પાસે આ ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. ભારતીય વાયુસેનાના ચિનુક હેલીકોપ્ટરની મદદથી તેને હવામાં ૪ કિલોમીટર ઉંચાઈએ લઈ જઈને બંગાળની ખાડીમાં છોડવામાં આવ્યું હતું. હવામાંથી જેવું ગગનયાન ડ્રોપ કરાયું કે તેમાં લાગેલા પેરાશૂટ ખુલી ગયા અને તે પછી તેને સુરક્ષિત રીતે દરિયામાં ઉતારી દેવાયું. જાણકારોના મતે આ સફળ ટેસ્ટિંગ બતાવે છે કે, આગામી સમયમાં જ્યારે ભારત આ યાનને અંતરિક્ષમાં મોકલશે, ત્યારે તેનું સુરક્ષિત અને સોફ્ટ લેન્ડિંગ થઈ શકે. હકીકતમાં ભારત પાસે હવે અંતરિક્ષમાં પોતાના યાત્રીઓને મોકલવાનો અને ત્યાં રાખી સંસોધન કરાવ્યા બાદ તેને ત્યાંથી સફળતાપૂર્વક પાછા લાવવાનો રસ્તો ખુલી ગયો છે. ગગનયાનના ટેસ્ટમાં ક્રૂ મોડયુલના પેરાશૂટ આધારે ડિસેલેરેશન સિસ્ટમની કાર્યક્ષમતાની ચકાસણી કરવામાં આવી હતી. તેમાં બે ડ્રોપ પેરાશૂટ અને ત્રણ મુખ્ય પેરાશૂટ જોડાયેલા હતા. આ પેરાશૂટ યાન મોડયુલની ઝડપને ઓછી કરીને તેને દરિયામાં સુરક્ષિત લેન્ડિંગ કરાવવાનું કામ કરે છે. આ પરીક્ષણ ઈસરો, ભારતીય વાયુસેના, ડીઆરડીઓ, ભારતીય નૌસેના અને કોસ્ટગાર્ડ ફોર્સના સંયુક્ત પ્રયાસથી પાર પાડવામાં આવ્યું હતું. ગગનયાન મિશન ભારતનું પહેલું માનવયુક્ત અંતરિક્ષ મિશન છે, જેને ઈસરો દ્વારા વિકસાવાયું છે. આ મિશનનો ઉદેશ ત્રણ અંતરિક્ષ યાત્રીઓને ૪૦૦ કિલોમીટર ઉંચાઈએ પૃથ્વીની નીચલી કક્ષામાં મોકલીને ત્રણ દિવસ માટે ભ્રમણ કરાવીને તેમને સુરક્ષિત રીતે પૃથ્વી ઉપર ઉતારવાનો છે.

ગગનયાનને સમજીએ તો તેના બે મોડયુલ બનાવાયેલા છે. એક ક્રૂ મોડયુલ અને બીજું સર્વિસ મોડયુલ. ક્રૂ મોડયુલ એવો ભાગ છે જેમાં ત્રણ અંતરિક્ષયાત્રીઓ સવાર થઈ શકે તેવી વ્યવસ્થા હોય છે. આ મોડયુલને અવકાશયાત્રી ત્રણ દિવસ સુરક્ષિત રહી શકે તે પ્રકારે વિકસાવવામાં આવ્યું છે. તેમાં તેમને તમામ સુવિધાઓ મળી રહેશે. બીજી તરફ સર્વિસ મોડયુલ એવું છે, જેમાં



પ્રોપલ્શન સિસ્ટમ, ઈલેક્ટ્રિસિટી સપ્લાય અને અન્ય ટેકનિકલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ જોડેલા હશે. તે એક સપોર્ટ મોડયુલ છે.

ગગનયાન મિશન ભારતનું પહેલું માનવયુક્ત અંતરિક્ષ મિશન છે. આ મિશનનો ઉદેશ ત્રણ અંતરિક્ષ યાત્રીઓને 400 કિલોમીટર ઉંચાઈએ પૃથ્વીની નીચલી કક્ષામાં મોકલીને ત્રણ દિવસ માટે ભ્રમણ કરાવીને તેમને સુરક્ષિત રીતે પૃથ્વી ઉપર ઉતારવાનો છે. ગગનયાનને GSLV Mk III રોકેટની મદદથી અંતરિક્ષમાં લઈ જવામાં આવશે. આ રોકેટ ભારતનું સૌથી શક્તિસાળી લોન્ડ વ્હીકલ છે. તે ગગનયાન મોડયુલને પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં લઈ જશે અને મુક્ત કરી દેશે. બીજી તરફ રોકેટ પરત આવશે નહીં. આ ફરીથી ઉપયોગમાં લેવાય તેવું રોકેટ નથી. તેના વિવિધ પાર્ટ પોતાનું કામ કરીને છુટા પડતા જશે અને નીચે દરિયામાં પડશે અથવા તો પૃથ્વીના વાતાવરણમાં જ ઘર્ષણ દરમિયાન બળીને રાખ થઈ જશે. જો કે, યાનને અવકાશમાં મોકલવાના કિસ્સામાં રોકેટ થકી ક્રાયોજેનિક સ્ટેજ પેલોડને કક્ષામાં પહોંચાડયા બાદ તે અવકાશમાં જ રહી જાય છે. ઘણી વખત તે વાયુમંડળમાં પ્રવેશીને બળી જાય છે. સામાન્ય રીતે એક GSLV Mk III રોકેટને બનાવવાથી માંડીને લોન્ચ કરવા સુધીનો સરેરાશ ખર્ચ ૪૦૦ કરોડ રૂપિયા જેટલો થાય છે. ગગનયાન ત્રણ દિવસ સુધી પૃથ્વીની આસપાસ ચક્કર મારશે અને યાનની અંદર રહેલા સંશોધકો વિવિધ પ્રયોગો કરશે. તેઓ માઈક્રોગ્રેવિટીના સાધનો, જૈવિક પ્રયોગ અને પૃથ્વીના અવલોકનનું કામ કરશે. આગામી 15 વર્ષમાં ભારત દ્વારા સરકારી ટેક્નોલોજી મિશન અને પ્રાઈવેટ સેક્ટર ઓપરેશનલ ફ્લાઈટ સહિત કુલ 100 જેટલા સેટેલાઈટ લોન્ચ કરવામાં આવશે. તે ઉપરાંત ચંદ્રયાન-4, શુક્ર મિશન, ભારતીય સ્પેસ સ્ટેશન તથા સમાનવ ચંદ્ર મિશન પણ પાર પાડવામાં આવશે. આ મિશનની મહત્ત્વની કામગીરી છે તેના અંતિમ તબક્કામાં છે. તેમાં કુ મોડયુલને પૃથ્વી ઉપર પરત લાવવાવનું કામ થશે. તેને સર્વિસ મોડયુલથી અલગ કરીને પ્રોપલ્શન સિસ્ટમ દ્વારા પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ કરાવાશે. ભારતીય નૌસેના અને કોસ્ટ ગાર્ડ આ મોડયુલને બહાર કાઢવા માટે સજ્જ રહેશે. આ ગગનયાનમાં એક એસ્કેપ સિસ્ટમ પણ લાગુ કરેલી છે. ગગનયાન ૨૦૨૬ના અંતમાં અંતરિક્ષમાં જવાનું છે. તે પહેલાં તેના ત્રણ જેટલા ટેસ્ટિંગ કરાશે, જેમાં બે ટેસ્ટિંગ માનવરહિત હશે અને એકમાં રોબોટને સવારી કરાવીને પરત લાવવામાં આવશે. થોડા સમય પહેલાં જ ઈસરોના વડા વી. નારાયણને જણાવ્યું હતું કે, ગગનયાનનું ટેસ્ટિંગ સફળ રહ્યું છે. હવે તેનું પહેલું મિશન હાથ ધરવામાં આવશે. આ ડિસેમ્બરમાં તેની પહેલી માનવ રહિત ઉતરાણ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. તેને જી૧ મિશન નામ આપવામાં આવ્યું છે. આ યાત્રાની ખાસિયત એ છે કે, તેમાં એક હાફ હ્યુમનોઈડ રોબોટનો ઉપયોગ કરવામાં આવશે. આ રોબોટને વ્યોમમિત્રા નામ આપવામાં આવ્યું છે. આગામી વર્ષના માર્ચ સુધીમાં બાકીના ૨૩૦૦ ટેસ્ટિંગ પણ પૂરા કરી દેવામાં આવશે. બીજી તરફ ભારતના પહેલાં માનવ રેટેડ લોન્ચ વ્હીકલનું પણ સંપૂર્ણ રીતે પરીક્ષણ કરવામાં આવ્યું છે. ઈસરો દ્વારા બનાવાયેલું આ લોન્ચ વ્હીકલ જ ગગનયાન મિશનનો ભાગ છે. તેના થકી જ અંતરિક્ષયાત્રીઓને અવકાશમાં મોકલવામાં આવશે. કેન્દ્રીય મંત્રી ડો. જિતેન્દ્ર સિંહે આ વિશે થોડા સમય પહેલાં જ જણાવ્યું હતું કે, ક્રૂ મોડયુલ અને સર્વિસ મોડયુલના પ્રોપલ્શન સિસ્ટમનું સફળતાપૂર્વક પરીક્ષણ કરી લેવાયું છે. તેની સાથે જ ક્રૂ એસ્કેપ સિસ્ટમના પણ પાંચ અલગ અલગ મોટર વિકસાવી લેવાઈ છે. તેનો પણ સ્ટેટિક ટેસ્ટ પૂરો કરી લેવાયો છે. ગગનયાન માટે કન્ટ્રોલસેન્ટર, ટ્રેનિંગ સેન્ટર અને લોન્ચ પેડમાં ફેરફાર પણ કરી લેવામાં આવ્યા છે. ઈસરોએ પહેલાં જ ઈસીએસના પરીક્ષણ માટે ટેસ્ટ વ્હીકલ ટીવી-ડી-૧ લોન્ચ કરી દીધું હતું. હવે ટીવી-ડીટુ અને આઈએડીટી-૦૧ ઉપર કામ કરવામાં આવી રહ્યું છે. તેની સાથે ગ્રાઉન્ડ નેટવર્ક અને કોમ્યુનિકેશન સિસ્ટમ પણ તૈયાર કરી દેવાઈ છે. ભારતીય નૌસેના અને કોસ્ટ ગાર્ડ દ્વારા રિકવરી પ્લાન બનાવી દેવાયો છે. ભારતીય સ્પેસ એજન્સી ઈસરોનું એક જ લક્ષ્ય છે, તે સ્પેસ સેક્ટરમાં ભારતને સુપરપાવર બનાવવા માગે છે. તેણે આ દિશામાં એક નવા જ યુગની શરૂઆત કરી દીધી છે. ભારત ૨૦૩૫ સુધીમાં પોતાનું સ્પેસ સ્ટેશન વિકસાવવાની નેમ રાખે છે. અહીંયા લોન્ગટર્મ એક્સપિરિમેન્ટ, સાયન્સ રિસર્ચ અને ગ્લોબલ સ્પેસ પાવરની રેસમાં ભારતને મજબૂત બનાવવા માટે કામગીરી કરવામાં આવશે. તે સિવાય ભારત ૨૦૪૦ સુધીમાં ભારત પોતાના અંતરિક્ષયાત્રીઓને ચંદ્રની સપાટી ઉપર ઉતારવા માગે છે. તેના થકી તે અમેરિકા, રશિયા અને ચીનની હરોળમાં આવવા માગે છે.

તાજેતરમાં ઈસરો દ્વારા આગામી ૧૫ વર્ષના પોતાના રોડમેપની રજૂઆત કરવામાં આવી હતી. તે ૨૦૪૦ સુધીમાં મોટા મોટા મિશન પાર પાડીને ભારતને આ સેક્ટરમાં સુપરપાવર બનાવી દેશે. ગગનયાનનું માનવ મિશન, ચંદ્રયાન-૪, શુક્ર મિશન, ભારતીય સ્પેસ સ્ટેશન અને ચંદ્ર ઉપર ભારતીય અંતરિક્ષયાત્રીઓની ઉતારવા સહિતના મોટા મિશન હાથ ધરાશે. આ ઉપરાંત આગામી ૧૫ વર્ષમાં ભારત દ્વારા સરકારી ટેક્નોલોજી મિશન અને પ્રાઈવેટ સેક્ટર ઓપરેશનલ ફ્લાઈટ સહિત કુલ ૧૦૦ જેટલા સેટેલાઈટ લોન્ચ કરવામાં આવશે. ઈસરો સાથે હવે ખાનગી કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સ પણ જોડાઈને સ્પેસ ડેવલપમેન્ટનું કામ કરી શકશે.

**ઈસરોની યોજના મુજબ ગગનયાન ત્રણ દિવસ સુધી પૃથ્વીની આસપાસ ચક્કર મારશે અને સંશોધકો વિવિધ પ્રયોગો સાથે તેઓ માઈક્રોગ્રેવિટીના સાધનો, જૈવિક પ્રયોગ અને પૃથ્વીનું અવલોકનનું કામ કરશે, મિશન માટે અત્યાર સુધી 7700 ટેસ્ટ થઈ ચૂક્યા છે**


Ganesha Accounting & Shiv Financial Services
proudly presents
Navratri 2025
Ganesha Accounting & Tax Services Inc.
Personal, Business & Corporate Tax
Accounting & Book Keeping
Financial Statement
Payroll, HST, WSIB Returns
New Business Registration & Incorporation
Manishaben Sevak
647-770-3876
ganesha.taxservices@gmail.com
SHIV FINANCIAL SERVICES
Super Visa Insurance & Visitor to Canada Medical Insurance
CALL FOR FREE QUOTE
Monthly / Annual Plans Available
Partial Refund if Parents Leave Early
Full Refund if No Visa Issued
Upto 45% Discount Available
JAGDISHBHAI SEVAK
647-236-7620
Garba Night
with
Jitendra Joshi
Legendry Garba Singer of
North America & India (Nadiadi)
13 | SEP | 2025
SATURDAY - 6:30PM
Sringeri Temple Hall
80 Brydon Drive, Etobicoke, ON
Title Sponsors
CENTURY 21. People's Choice Realty Inc.
Gaurang Nagar
Real Estate Broker
C : 647-760-0996
E : realtor.gaurang@gamil.com
MLS
Buy | Sell | Lease | Invest
Devang Vyas
Mortgage Agent | Level 2 | #M20003201
416-830-5349
mortgage.devang@gmail.com
www.mortgagebydevang.ca
703-100 Allstate Parkway, Markham, ON L3R 6H3
Independently Owned & Operated FSRA #13093
in association with
Yeshvi Travel
yeshvitravel@gmail.com
SERVICES
Auto Home, Commercial, Business, Insurance Life, Travel Critical illness insurance
15+ YEARS OF EXPERIENCE
DEALING WITH 15+ COMPANIES
Jay Brar
Email : jay.brar@fsbgroup.ca
647-400-5100
905-731-8572
GLORS Heating & AC
HEATING & AIR CONDITIONING
647-883-4051
GlorsHeating.com
We might not be the cheapest, but best in quality GUARANTEED
Classic Honda
SANDIP SHAH
Sales Consultant
sandip.shah@performance.ca
416-741-1115
ROHIT SHARMA
BARRISTER & SOLICITOR
info@rohitlaw.ca
www.rohitlaw.ca
206-1058A Albion Rd, Etobicoke, ON M9V 1A7
JYOTISH SONI
Certified Home Inspector
AUM PROPERTY INSPECTIONS INC.
Cell: 647-801-7664
www.AumPropertyInspections.ca
KRUPA SHAH LAW PROFESSIONAL CORPORATION
Krupa Shah
Barrister, Solicitor & Notary Public
11 Dawes Road, Brampton, ON - L6X 0R8
MARUTI CONSTRUCTION INC
Sandip Dave
647 501 9797
WE DO CUSTOM HOUSE, COMMERCIAL & INDUSTRIAL CONSTRUCTION & RENOVATION.
We Work with WSIB & Liability Insurance.
PESTISECT PEST CONTROL
Our Services includes
+1-647-924-2753
info@pestisect.ca
www.pestisect.ca
Pal Physio & Rehab
Jignesh Shah
6100 Finch Avenue W, Suite E-103, Etobicoke, ON. M9V 0A1
MAHARANI JEWELLERS LTD.
7112 Airport Rd. Malton, Mississauga
1011 Albion Rd. Etobicoke, ON
shreehari
CANADA PR, USA E2 L1
& all other immigration services
123 Pioneer Dr, Unit B203, Kitchener, Ontario N2P2A3
Ganesha Accounting & Tax Services Inc.
Manishaben Sevak
647-770-3876
SONI STUDIOS
PHOTOGRAPHY
DHARMIK SONI
647-323-1334
@SONISTUDIOS
PG TRADING LTD.
Remittance and Currency Exchange
MONEY TRANSFER
CANADA TO INDIA
INDIA TO CANADA
+1 437-955-0442
Media Support
ગુજરાત ન્યૂઝલાઈન
WWW.GUJARATNEWSLINE.CA
647 400 6248
ગુજરાત વીક્લી
સ્વદેશ

# સ્કાર બોરો હનુમાન ટેકરી સિનિયર્સ ગ્રૃપનો એક દિવસીય પ્રવાસ

## કેમ્પબેલફેર્ડ રાન્ની ધોધનો સસ્પેન્શન બ્રિજ, ટ્રેન્ટ-સેવન લિફ્ટ લૉક, પિટરબોરૉ કેસીનો અને વુટાઇ બુધ્ધ મંદિરની મુલાકાત લેવાઇ

**સ્કારબોરો**

હનુમાન ટેકરી સિનિય?સૅ ગૃપના આદ્યસ્થાપક જયંતીભાઈ પટેલની પ્રેરણા, પ્રમુખ હસમુખભાઈ તથા વડીલોની લાગણીને ધ્યાનમાં રાખીને ભાવેશભાઈ પટેલ દ્વારા ગત તા.૨૨/૦૮/૨૦૨૫ને શુક્રવારે એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.



બે લક્ઝરી કોચના પ્રવાસમાં ૧૨૦ વડીલોએ ભાગ લીધો હતો. આ દરમિયાન કેમ્પબેલફેર્ડ રાન્ની ધોધનો સસ્પેન્શન બ્રિજ, ટ્રેન્ટ-સેવન લિફ્ટ લૉક, પિટરબોરો કેસીનો અને વુટાઈ બુધ્ધ મંદિરની મુલાકાત કરી હતી. પ્રવાસમાં જોડાયેલા સૌએ કુદરતનાં સાન્નિધ્યમાં બગીચામાં, ઝરણા કિનારે ભોજન લેવાની મઝા માણી હતી. સ્વયંસેવકો અરવિંદભાઈ, ભીખાભાઈ, વનરાજભાઈ, દિપકભાઈ, મુકુંદભાઈ, નાનુભાઈ, લલીતભાઈ, રમણભાઈ અને મહિલા મંડળના સહયોગથી તાજી સુખડી, ફાળી ચેવડો, દાબેલી, વેફર્સ, પૂરી-શાક અને અથાણાં પીરસાયા હતા.

અત્યંત ભાવ-વિભોર થઈને વડીલ ભાઈ-બહેનોએ આયોજકોને ઝડપથી આવા બીજાં પ્રવાસનું આયોજન કરવા સુચનો કર્યા હતા. રમણભાઈ અને જયેન્દ્ર નાયકે સૌના વતી જયંતિભાઈ અને હનુમાન ટેકરી સિનિયર્સ ગ્રુપનો આભાર વ્યક્ત કર્યો હતો.

# કેનેડિયન સાધનો થકી 13 કરોડ પ્રકાશવર્ષ દૂરથી આવેલું એલિયન સિગ્નલ પકડાયું

## નવા સિગ્નલને રેડિયો બ્રાઇટેસ્ટ ફ્લેશ ઓફ ઓલ ટાઇમ નામ અપાયું

**નવી દિલ્હી**

માસાચ્યુસેટ્સ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીના ભૌતિક શાસ્ત્રીઓ સહિત આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિકોની ટીમે ડીપ સ્પેસમાંથી અત્યાર સુધીનું સૌથી મજબૂત સિગ્નલ રેકોર્ડ કર્યુ છે. ફાસ્ટ રેડિયો બર્સ્ટ  તે વાતને સમર્થન આપ્યું છે કે ૧૩ કરોડ પ્રકાશવર્ષ દૂર ઉર્સ મેજરના ઝુંડની ગેલેક્સીમાંથી રેડિયો સિગ્નલ આવ્યું હતું. તેને આરબીફ્લોટ એટલે કે રેડિયો બ્રાઈટેસ્ટ ફ્લેશ ઓફ ઓલ ટાઈમ નામ અપાયું છે. આ અલ્ટ્રાબાઈટ બર્સ્ટ મિલીસેકન્ડ પૂરતો જ મર્યાદિત હતો, પરંતુ તેણે આટલા સમયમાં પણ રેડિયો સંકેત પાઠવવામાં તેની ગેલેક્સીના અત્યાર સુધીના બધા રેડિસો સંકેતોને પાછળ ધકેલી દીધા હતા. ફાસ્ટ રેડિયા બર્સ્ટ અત્યંત તીવ્ર હતો, પરંતુ દૂરની ગેલેક્સીઓમાંથી ઝબકારા મારતા રેડિયો વેવ્સના ટૂંકા ઝબકારા કેટલીક મિલીસેકન્ડ્સ સુધી ચાલ્યા હતા. આ રેડિયો સકેતનો મૂળ સ્ત્રોત તો હજી સુધી જાણી શકાયો નથી, પરંતુ તેના આ વિસ્ફોટમાં એટલી જબરદસ્ત ઉર્જા હતી કે તે સૂરજને પણ કેટલાય દિવસો સુધી ઝાંખો પાડી દે. મોટાભાગના એફઆરબી અબજો પ્રકાશવર્ષ દૂર હોવાનું મનાય છે. તેના પરિણામે આરબીફ્લોટ તો ઘણો નજીકનો લાગે, કારણ કે



તે કરોડો પ્રકાશવર્ષ જ દૂર છે. ખગોળશાસ્ત્રીઓ આ જોઈને કુદરતી આ અનોખી લાક્ષણિકતાથી અભિભૂત થઈ ગયા છે. તેઓ આ નવા સંકેતના પગલે ખૂબ જ રોમાંચિત છે.

કેનેડિયન હાઈડ્રોજન ઈન્ટેન્સિટી મેપિંગ એક્સપરિમેન્ટ અને તેની સાથે ઉમેરાયેલા આઉટરિગર્સની મદદથી આ સંશોધન શક્ય બન્યું હતું. કોન્ટિનન્ટ સ્પેનિંગ એરેઝ એફઆરબીના સ્થળોને શોધી કાઢવા અસાધારણ ચોકસાઈ દાખવે છે. આ કમ્બાઈન્ડ ઈન્સ્ટ્રુમેન્ટ સિસ્ટમે આરબીફ્લોટ ગેલેક્સી એનજીસી ૪૧૪૧માં આવેલું છે તે ચોકસાઈપૂર્વક શોધી કાઢ્યું હતું.

# રિમોટ વર્ક ઘટવાથી વધુ કેનેડિયનો દ્વારા મુસાફરી વધી : સ્ટેટકેન ડેટા

## ઓટાવા-ગેટિનો વિસ્તારમાં ગત વર્ષની તુલનામાં મુસાફરોની સંખ્યા 10 ટકા વધી

**ઓન્ટેરિયો**

સ્ટેટિસ્ટિક્સ કેનેડાના અહેવાલમાં મંગળવારે જણાવાયું હતું કે, કામ પર જતા કેનેડિયનોની સંખ્યામાં સતત ચોથા વર્ષે વધારો થયો છે. કારણ કે, હાઈબ્રિડ કામદારો ઘરે કરતાં કાર્યસ્થળ પર વધુ સમય વિતાવી રહ્યા છે. એજન્સીએ જણાવ્યું હતું કે, જે લોકો મોટે ભાગે ઘરેથી કામ કરતા હતા, તેઓ નોકરી કરતા લોકોમાં 17.4 ટકા હતા, જે મે 2024 માં 18.7 ટકા હતા. જે લોકો ફક્ત ઘરની બહાર કામ કરતા હતા, તેઓ મે મહિનામાં કુલ 77.6 ટકા હતા, જે એક વર્ષ અગાઉ કરતા એક ટકા વધુ છે, ઘરે અને ઘરની બહાર બંને જગ્યાએ કામ કરતા હાઈબ્રિડ કામદારોની ટકાવારી મે મહિનામાં 5.1 હતી, જે 4.8 ટકા હતી. એજન્સીએ જણાવ્યું હતું કે, ઓટાવા-ગેટિનો વિસ્તારમાં આ વર્ષે મુસાફરોમાં સૌથી મોટો ઉછાળો જોવા મળ્યો હતો. જે લગભગ 10 ટકાનો વધારો હતો. અને તેના મુસાફરોનું સ્તર હવે ટોરોન્ટોની સમકક્ષ 76 ટકા છે. વાહનોનો ઉપયોગ પ્રબળ રહ્યો, પરંતુ થોડો ઘટાડો થયો, કારણ કે સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ જણાવ્યું હતું કે મે મહિનામાં કામ પર જવા માટે મુખ્યત્વે કાર, ટ્રક અથવા વાનનો ઉપયોગ કરતા મુસાફરોનો હિસ્સો ઘટીને 80.9 ટકા થયો છે, જે એક વર્ષ અગાઉ 81.5 ટકા હતો. જાહેર પરિવહન મુસાફરો 11.4 ટકાથી વધીને 11.9 ટકા થયા છે, જ્યારે કામ પર ચાલતા અથવા સાયકલ ચલાવતા લોકો 6.2 ટકા હતા, જે એક વર્ષ અગાઉ 6 ટકા હતા.અહેવાલમાં જણાવાયું છે કે, જાહેર પરિવહનનો ઉપયોગ કરનારાઓનો સરેરાશ મુસાફરી સમય 44 મિનિટનો હતો, જ્યારે કામ પર વાહન ચલાવતા લોકોનો સરેરાશ મુસાફરી સમય 25 મિનિટનો હતો. જેઓ કામ પર ચાલતા અથવા સાયકલ ચલાવતા હતા.

# ઓન્ટેરિયોમાં ઘરોનું બાંધકામ સ્થગિત હાઉસિંગ વિભાગના મંત્રી દ્વારા એકરાર

## મંત્રી વર્તમાન બાંધકામ સ્થિતિ માટે કારણો આપ્યા નહીં, ધિરાણ મેળનારાઓની સંખ્યા ઘટવાના સંકેત

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોના હાઉસિંગ વિભાગના મંત્રીએ હાલ પ્રાંતમાં નવા ઘરના બાંધકામ ‘સ્થગિત’ હોવાની વાતનો એકરાર કર્યો હતો. આ બાબત ફોર્ડ સરકારના 2031 સુધીમાં 1.5 મિલિયન ઘરો બનાવવાના લક્ષ્યાંકને ચોક્કસ અસર પહોંચાડી શકે તેમ છે.

ડગ ફોર્ડે લંડન શહેરને બિલ્ડીંગ ફાસ્ટર ફંડના ભાગ રૂપે $ 12 મિલિયન આપ્યા હતા. જો કે, પ્રોજેક્નીટ મંજૂરીઓને ઝડપી બનાવવા માટે મ્યુનિસિપાલિટીઝને પ્રોત્સાહિત કરવા માટે એક પ્રાંતીય કાર્યક્રમ - હાઉસિંગ મંત્રી રોબ ફ્લેકએ આ ક્ષેત્રનું નિરાશાજનક ચિત્ર દર્શાવ્યું હતુ. ફ્લેકએ કહ્યું હતુ કે, સંભવિત નવા ઘર ખરીદનારાઓએ પ્રતિક્ષા કરવાનું નક્કી કર્યું છે હોય તેમ લાગે છે. અમે હાઉસિંગ માર્કેટને સ્થિર થતું જોયું છે.

જ્યારે ફ્લેકે મંદી પાછળ ચોક્કસ કારણો રજૂ કર્યા ન હતા. તેમની ટિપ્પણીઓ એક નવા RBC રિપોર્ટના પગલે આવી છે. જેમાં નક્કી કરવામાં આવ્યું હતું કે, ઓન્ટેરિયોમાં “હાઉસિંગ કટોકટીનું મૂળ” રજૂ કરે છે. કેનેડા મોર્ટગેજ એન્ડ હાઉસિંગ કોર્પોરેશન (CMHC) ના તાજેતરના ડેટા દર્શાવે છે કે, ઓન્ટેરિયોમાં જુલાઈ 2025માં હાઉસિંગ સ્ટાર્ટ્સમાં 25 ટકાનો ઘટાડો થયો હતો, જે 2024માં સમાન સમયગાળાની તુલનામાં હતો. બ્રિટિશ કોલંબિયા એકમાત્ર એવો પ્રાંત હતો, જ્યાં ઘટાડો થયો હતો, જે ચાર ટકા હતો. બિલ્ડર્સ એસોસિએશનોના જણાવ્યા અનુસાર ઓછા વેચાણથી બાંધકામ માટે ધિરાણ મેળવવાની તેમની ક્ષમતા મર્યાદિત થશે.

# ઓન્ટેરિયોમાં પાલતુ પ્રાણીઓ પર વૈજ્ઞાનિક પરીક્ષણ અટકશે : પ્રતિબંધ મુકવા હિલચાલ

**ઓન્ટેરિયો**

પ્રીમિયર ફોર્ડ કડક ચેતવણીઓ આપ્યા પછી ઓન્ટેરિયોમાં ‘પાલતુ પ્રાણીઓ’ પર વૈજ્ઞાનિક પરીક્ષણ પર પ્રતિબંધ મૂકવા માટે કાયદો ઘડવા હિલચાલ થઈ રહી છે.

ઓન્ટારિયોના પ્રીમિયર ડગ ફોર્ડે પુનરોચ્ચાર કર્યો છે કે, તેઓ બિલાડીઓ અને કૂતરાઓ પર તબીબી પરીક્ષણ પર પ્રતિબંધ મૂકવાનો કાયદો રજૂ કરવાની યોજના ધરાવે છે, અને સોમવારે તે વિસ્તાર કરીને ઉમેર્યું છે કે તે “પાલતુ પ્રાણીઓ” ગણાતા પ્રાણીઓ પર પ્રયોગ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

ફોર્ડે સૌપ્રથમ બે અઠવાડિયા પહેલા કૂતરાઓ અને બિલાડીઓ પર વૈજ્ઞાનિક સંશોધન પર પ્રતિબંધ મૂકવાનો ઉલ્લેખ કર્યો હતો, જ્યારે તેમણે લંડનની લોસન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અને સેન્ટ જોસેફ હેલ્થ કેર લંડનમાં કૂતરા સંશોધનનો






ઉલ્લેખ કરતા એક અહેવાલ સાંભળ્યા પછી આવા કામ કરતા કોઈપણને “શિકાર” કરવાનું શરૂ કરવાનું વચન આપ્યું હતું.

ટોરોન્ટો યુનિવર્સિટીના ડલ્લા લાના સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થ ખાતે ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ બ્યુરો (IJB)ના અહેવાલમાં ખુલાસો થયો હતો કે, સંશોધકો કૂતરાઓને મૃત્યુદંડ આપતા પહેલા ત્રણ કલાકના હૃદયરોગના હુમલાનું કારણ બની રહ્યા છે. સોમવારે ફોર્ડ લંડનમાં એક ન્યૂઝ કોન્ફરન્સમાં સીબીસી દ્વારા તબીબી પરીક્ષણમાં કૂતરાઓ અને બિલાડીઓનો ઉપયોગ કરવા પર કડક કાર્યવાહી કરવાની તેમની યોજનાઓ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેઓ હાઉસિંગ જાહેરાત કરવા માટે હતા. તેમણે કહ્યું કે નવા કાયદાની આસપાસના માપદંડ ટૂંકા અને સરળ હશે.

# ખેડૂતોનું નુકસાન નહીં થવા દઉં : મોદીનો અમેરિકાને જવાબ

## આતંકવાદી અને તેમના આકાઓને અમે છોડતા નથી: PM મોદી, ગણેશોત્સવ પહેલા અનેક પરિયોજનાઓનો શ્રીગણેશ થયો

**અમદાવાદ**

વડાપ્રધાન મોદી 25 અને 26 ઓગસ્ટે ગુજરાતના બે દિવસીય પ્રવાસે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદ એરપોર્ટ પર ઉતર્યા બાદ નિકોલમાં આયોજિત રોડ શો માટે રવાના થયા હતા. વડાપ્રધાને નિકોલમાં રૂ. 5477 કરોડથી પણ વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યા બાદ જનસભા સંબોધિત કરી જેમાં તેમણે અનેક મહત્ત્વના મુદ્દાઓ આવરી લીધા હતા.



દેશભરમાં ગણેસોત્સવનો અદ્ભુત ઉત્સાહ છે. ગણપતિ બાપાના આશીર્વાદથી આજે ગુજરાતના વિકાસ સાથે જોડાયેલી અનેક પરિયોજનાઓનો પણ શ્રીગણેશ થયો છે. મારું સૌભાગ્ય છે કે આજે મને વિકાસના અનેક પ્રોજેક્ટ જનતા જનાર્દનના ચરણોમાં સમર્પિત કરવાનો, તમને સોપવાનું સૌભાગ્ય મળ્યું છે.

સંબોધનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાનું નામ લીધા વિના ટ્રમ્પને જવાબ આપ્યો હતો. PM મોદીએ કહ્યું, કે 'દુનિયામાં આજે આર્થિક સ્વાર્થની નીતિ જોવા મળી રહી છે. પણ હું મારા નાના બિઝનેસમેન અને ખેડૂતોને વાયદો કરું છું કે મારા માટે તમારું હિત સર્વોપરી રહેશે. મારી સરકાર ક્યારેય ખેડૂતો અને પશુપાલકોનું નુકસાન થવા દેશે નહીં. દબાણ ભલે ગમે તેટલું હોય, અમે આપણી શક્તિ વધારતાં જઈશું.'

જ્યારે હુલ્લડબાજો પતંગ ચગાવવા જેવી લાઇનમાં ઢાળી દે, કરફ્યુમાં જીવન ગુજારવું પડે, વાર તહેવારે અમદાવાદની ધરતી રક્ત રંજીત થઈ જતી, અમારું લોહી વહાવતા હતા. દિલ્હીમાં બેઠેલી કોંગ્રેસ સરકાર કંઈ કરતી નહતી. આજે આતંકવાદી અને તેમના આકાઓને અમે છોડતા નથી પછી તે ક્યાંય પણ છુપાયા હોય, દુનિયાએ જોયું છે પહલગામનો બદલો ભારતે કેવી રીતે લીધો. 22 મિનિટમાં આ બધું સફાચટ કરી નાખ્યું. સેંકડો કિલોમીટર અંદર જઈને નક્કી કરેલા નિશાન પર વાર કરીને આતંકવાદની નાભી પર હુમલો કર્યો. ઓપરેશન સિંદૂર આપણી સેનાનું શૌર્ય અને સુદર્શન ચક્રધારી મોહનના ભારતની ઈચ્છાશક્તિનું પ્રતિક બની ગયું છે. ચરખાધારી મોહન આપણા પૂજ્ય બાપુએ ભારતની સમૃદ્ધિનો રસ્તો સ્વદેશીમાં બતાવ્યું હતું.

# વાહનોની સંખ્યા મામલે ગુજરાત દેશમાં પાંચમા ક્રમે, યુપીમાં સૌથી વધુ 5 કરોડ

**અમદાવાદ**

ગુજરાતમાં નોંધાયેલા વાહનોની સંખ્યા 2.68 કરોડ છે અને આ પૈકી 46.57 લાખ એટલે કે 17.24 ટકા વાહનો હાઇ સિક્યુરિટી નંબર પ્લેટ (એચએસઆરપી) નંબર પ્લેટ વગર જ રસ્તામાં ફરી રહ્યા છે.

દેશના જે રાજ્યમાં સૌથી વધુ વાહનો એચએસઆરપી વગર ફરતા હોય તેવા મોટા રાજ્યોમાંથી આંધ્ર પ્રદેશ 88.80 ટકા સાથે મોખરે છે. આંધ્ર પ્રદેશમાં કુલ વાહનોની સંખ્યા 1.84 કરોડ છે અને તેમાંથી 1.84 કરોડ વાહનોમાં એચએસઆરપી નંબર પ્લેટ જ નથી. આ સિવાય કેરળમાં 74.55 ટકા, મધ્ય પ્રદેશમાં 73.24 ટકા, તામિલનાડુમાં 68.70 ટકા, મહારાષ્ટ્રમાં 53.95 ટકા, દિલ્હીમાં 53.59 ટકા, ઉત્તર પ્રદેશમાં 44.77 ટકા વાહનો એચએસઆરપી નંબર પ્લેટ વગર ફરે છે.

એચએસઆરપી નંબર પ્લેટ સરેરાશ સૌથી વધુ વાહનોમાં હોય તેમાં જમ્મુ કાશ્મીર 6 ટકા સાથે મોખરે છે. સમગ્ર દેશમાં સરેરાશ 49.69 ટકા વાહનો એચએસઆરપી નંબર પ્લેટ વગર ફરી રહ્યા છે. સૌથી વધુ નોંધાયેલા વાહનોની સંખ્યામાં ઉત્તર પ્રદેશ 5.18 કરોડ સાથે મોખરે અને ગુજરાત પાંચમાં સ્થાને છે.

# અમદાવાદ ક્રાઈમ બ્રાંચે અજમેર ટ્રિપલ મર્ડર કેસમાં વોન્ટેડ ત્રણ આરોપી ઝડપ્યા

### માત્ર પાંચ લાખ રૂપિયાના વિવાદમાં વાત વણસી હતી

**અમદાવાદ**

અમદાવાદ ક્રાઈમ બ્રાંચે અજમેરમાં થયેલા ટ્રિપલ મર્ડર કેસમાં મોટી કાર્યવાહી કરીને ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ એ જ સનસનાટીપૂર્ણ કેસ છે જેમાં માત્ર 5 રૂપિયાના વિવાદમાં ત્રણ લોકોની નિર્દયતાથી હત્યા કરી દેવામાં આવી હતી. આ ઘટનામાં ઘણા લોકો ઘાયલ પણ થયા હતા, જેના કારણે વિસ્તારમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ કેસ અજમેરના રામગંજ પોલીસ સ્ટેશનમાં વિવિધ કલમો હેઠળ નોંધવામાં આવ્યો હતો. તપાસકર્તાઓએ જણાવ્યું કે આ ઘટના કુરેશી સમુદાય વચ્ચે ચિકનની કિંમતોને લઈને થયેલી હિંસક અથડામણના કારણે બની હતી, જેને લઈને વોટ્સએપ ગ્રુપમાં ચર્ચા ચાલી રહી હતી. 15 જુલાઈએ રામગંજ પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળના ખાનપુરામાં મુસ્લિમ સમુદાયના બે જૂથ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. આ ઝઘડો પાકીઝા મીટ શોપ પર જૂની અદાવતને કારણે શરૂ થયો હોવાનું કહેવામાં આવી રહ્યું છે. જેમાં બંને પક્ષોએ તીક્ષ્ણ હથિયારો અને અન્ય શસ્ત્રોનો ઉપયોગ કર્યો.

આ હુમલામાં દસ લોકો ઘાયલ થયા હતા અને ઇમરાન, શાહનવાઝ અને ગુલામ કુરેશી નામના ત્રણ વ્યક્તિઓને હોસ્પિટલ લઈ જતાં રસ્તામાં જ દમ તોડ્યો હતો. સલમાન, શાહરૂખ અને ઈરફાન સહિત અન્ય કેટલાકને ગંભીર ઈજાઓ થઈ હતી.

# ભાજપના પૂર્વ ધારાસભ્ય કનુભાઈ ડાભીનો લેટર બોમ્બ, ગરીમા ન જળવાતી હોવાની હૈયાવરાળ

**કપડવંજ**

કપડવંજ-કઠલાલ વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય અને ભાજપના વરિષ્ઠ નેતા કનુભાઈ ડાભીએ જાહેર જીવનમાં બે દાયકાથી વધુ સમય સુધી પાર્ટી માટે કરેલા નિષ્ઠાપૂર્વકના કાર્ય છતાં સ્થાનિક સ્તરે સતત અવગણના થતી હોવાનો આક્ષેપ કર્યો છે. કનુભાઈ ડાભી ખેડા જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ અને ગુજરાત પ્રદેશ ભાજપના પૂર્વ ઉપપ્રમુખ તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.

કનુભાઈ ડાભીનો લેખિત પત્ર ખેડા જિલ્લાના મહુધા વિધાસસભાના એક ગ્રુપમાં વાઈરલ થયો છે. એ પત્રમાં દાવો કર્યો છે કે ભાજપમાં જૂથવાદના કારણે તેમના પૂર્વ ધારાસભ્ય પદની ગરીમા જળવાતી નથી અને વિકાસ કામોમાં પણ સંકલન મળતું નથી. તેમણે દુઃખ વ્યક્ત કરતાં જણાવ્યું વધુમાં જણાવ્યું કે કોંગ્રેસમાંથી આવેલા લોકોને પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવે છે, જ્યારે વર્ષો સુધી પાર્ટી માટે કામ કરનાર જૂના કાર્યકર્તાઓની અવગણના થાય છે. કનુભાઈ ડાભીનું નિવેદન માત્ર વ્યક્તિગત દુઃખ નહીં, પણ જૂના કાર્યકર્તાઓના સન્માન અને પાર્ટી અંદરના સમતુલન અંગે એક ગંભીર સંકેત તરીકે જોવામાં આવી રહ્યું છે.

કનુભાઈ ડાભી 2010ની પેટાચૂંટણીમાં કઠલાલ વિધાનસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે વિજયી થયા હતા. તેમણે 21,547 મતની લીડથી કોંગ્રેસના ઘેલાભાઈ ઝાલાને હરાવ્યા હતા, જે ભાજપ માટે કઠલાલમાં પ્રથમ વિજય હતો. ધારાસભ્ય તરીકે તેમણે વિસ્તારના વિકાસ અને લોકસંપર્ક પર ભાર મૂક્યો હતો અને 2012ની સામાન્ય ચૂંટણીમાં તેઓ શંકરસિંહ વાઘેલાની સામે 6,597 મતથી પરાજિત થયા હતા.

# PMના કાર્યક્રમમાંથી પરત ફરતી કોન્સ્ટેબલ-108 મહિલા કર્મીનું મોત

**અમદાવાદ**

અમદાવાદમાં આજે સોમવારે (25 ઓગસ્ટ) વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો રોડ શો થયો હતો. વડાપ્રધાનનો બંદોબસ્ત પતાવી પરત આવતા મહિલા કોન્સ્ટેબલ અને 108 મહિલા કર્મચારીનું અકસ્માતમાં મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું છે.

અમદાવાદ શહેરના કઠવાડા વિસ્તારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પોલીસ બંદોબસ્ત સુપેરે સંભાળીને પાછા ફરતા બે મહિલા કર્મચારીઓને ગમખ્વાર અકસ્માત નડયો હતો. જેમાં એક્ટિવા લઈને જતી વખતે ડમ્પરચાલકે ટક્કર મારતાં મહિલા પોલીસકર્મી અને 108 મહિલા કર્મચારીને કચડી નાખ્યા હતા. અકસ્માત બાદ ડમ્પરચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. બંને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પરંતુ ટૂંકી સારવાર બાદ મહિલા પોલીસ કર્મી અને 108 મહિલા કર્મીના મોત થયા હતા. અકસ્માતના બનાવમાં પોલીસકર્મી વિરલ રબારી અને 108 સેન્ટરની કર્મચારી હિરલ રાજગોરનું કરુણ મોત નીપજ્યું છે, ત્યારે પોલીસે સમગ્ર ઘટનાને લઈને જી ડિવિઝને ફરિયાદ નોંધીને ફરાર ડમ્પરચાલકને ઝડપી પાડવા તપાસ આદરી છે.

# રાજ્યમાં એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સનું ગઠન થશે

**ગાંધીનગર**

ગુજરાત સરકારે રાજ્યને ડ્રગ્સ મુક્ત બનાવવા માટે વધુ એક મોટું પગલું ભર્યું હતું. રાજ્યમાં ઝોન મુજબ કુલ 6 નવી એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ યુનિટ્સ શરૂ કરવામાં આવશે, જે ડ્રગ્સના વેચાણ, હેરફેર અને ઉત્પાદન પર અંકુશ લગાવશે. આ યુનિટ્સની સ્થાપનાથી ગુજરાતમાં ડ્રગ્સ સામેની લડાઈ વધુ મજબૂત બનશે. વર્તમાનમાં કાર્યરત નાર્કોટિક્સ સેલને વધુ શક્તિશાળી બનાવવા માટે આ એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ યુનિટ્સ ઊભા કરવામાં આવશે. તેમાં એક એસ.પી., છ ડીવાયએસપી અને 13 પીઆઇ સહિત કુલ 177નું વધારાનું મહેકમ મંજૂર કરવામાં આવ્યું હતું.

# ગુજરાતમાં યોજાશે ફિલ્મફેર એવોર્ડ જૌહર-વિક્રાંત મેસીની હાજરીમાં MOU

### આયોજનથી ઈકોનોમીને મદદ મળશે તથા રોજગાર ઉત્પન્ન થશે

**ગાંધીનગર**

ગુજરાતમાં સતત બીજીવાર ફિલ્મફેર એવોર્ડ્સ આયોજિત થવા જઈ રહ્યો છે. ૭૦માં ફિલ્મફેર એવોર્ડસના આયોજન માટે ટુરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ અને વર્લ્ડ વાઈડ મીડિયા પ્રા. લિમિટેડ વચ્ચે હૈં કરવામાં આવ્યા હતા. ગાંધીનગર ખાતે આયોજિત સમારોહમાં મુખ્યમંત્રી, પ્રવાસન મંત્રી, ફિલ્મ મેકર કરન જોહર અને વિક્રાંત મેસી ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી પ્રસંગે જણાવ્યું હતું કે, ભારતીય ફિલ્મ જગતના સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મફેર એવોર્ડ્સનું ગુજરાતમાં આયોજન થવાથી લોકલ ઈકોનોમીને બુસ્ટ મળશે તથા એમ્પ્લોયમેન્ટ જનરેશન પણ થઈ શકશે. ગુજરાત પ્રવાસન નિગમના સચિવે જણાવ્યું હતું કે, હિન્દી ફિલ્મ જગતનો પ્રસિદ્ધ ફિલ્મફેર એવોર્ડ- ૨૦૨૫ ગુજરાતમાં બીજી વાર યોજાવા જઈ રહ્યો છે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના ડિરેક્ટર કરન જોહરે કહ્યું હતું કે, જ્યારે આપણી ફિલ્મો નોમિનેટ થાય છે અને જીતીએ છીએ, ત્યારે તે આપણાં સૌ માટે એક ઐતિહાસિક પળ હોય છે. આમ ફિલ્મ ફેર એવોર્ડ્સ આપણા બધા માટે ખૂબ મહત્ત્વપૂર્ણ છે.

# સુપ્રીમ કોર્ટને મળશે વધુ એક ગુજરાતી ન્યાયાધીશ

**અમદાવાદ**

ગુજરાતના વતની, ગુજરાત હાઈકોર્ટના તત્કાલિન ન્યાયાધીશ અને હજુ ગત મહિને જ પટણા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે બઢતી પામેલા જસ્ટિસ વિપુલ પંચોલીની સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે નિયુક્તિ માટે સુપ્રીમ કોર્ટની કોલેજીયમે મહત્ત્વની ભલામણ કરી છે. આ સાથે જ સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ આલોક આરાધને પણ સુપ્રીમ કોર્ટ ન્યાયાધીશ તરીકે નિયુક્તિ આપવા માટે ભલામણ કરી છે. જો આગામી દિવસોમાં કેન્દ્રમાંથી અને ભારતના રાષ્ટ્રપતિની સત્તાવાર મહોર લાગી જશે તો, જસ્ટિસ વિપુલ પંચોલીની નિમણૂંક સાથે જ સુપ્રીમ કોર્ટમાં ગુજરાતના ત્રણ ન્યાયાધીશ થઈ જશે.

# કમર પરથી જાણો સ્ત્રીઓ કેટલી સૌભાગ્યશાહી હોય છે

**પાતળી અને સુડોળ કમર**

**સ્વભાવ :** જે મહિલાઓની કમર પાતળી અને સુડોળ હોય છે, તેમને અત્યંત ભાગ્યશાળી અને આકર્ષક માનવામાં આવે છે. તેઓ સ્વભાવે ખૂબ વિનમ્ર, શાલીન અને શાંત હોય છે. આવા જાતકોમાં સર્જનાત્મકતા અને કલા પ્રત્યે પ્રેમ જોવા મળે છે.

**જીવન :** તેમને જીવનમાં ધન અને સુખની કમી ભાગ્યે જ વર્તાય છે. તેઓ આર્થિક રીતે સમૃદ્ધ હોય છે અને પોતાના પરિવારને સુખ-સમૃદ્ધિ પ્રદાન કરનારી મનાય છે. દાંપત્યજીવનમાં પણ તેઓ સુખી હોય છે અને પતિનો પ્રેમ તથા સહયોગ મેળવે છે. તેઓ સામાજિક કાર્યોમાં પણ રુચિ ધરાવે છે.

**જાડી અથવા પહોળી કમર**

**સ્વભાવ :** જે મહિલાઓની કમર પાતળી ન હોય, પરંતુ પ્રમાણમાં જાડી કે પહોળી હોય, તેઓ સ્વભાવે થોડા જિદ્દી અને આત્મનિર્ભર હોય છે. તેમને પોતાની રીતે કામ કરવાનું વધુ પસંદ હોય છે અને તેઓ બીજાની દખલગીરી પસંદ કરતી નથી.

**જીવન :** આર્થિક દૃષ્ટિએ તેમને ઘણીવાર સંઘર્ષ કરવો પડી શકે છે, પરંતુ તેઓ પોતાની મહેનત અને લગનથી સફળતા પ્રાપ્ત કરે છે. પારિવારિક જીવનમાં તેમને કેટલીક નાની-મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે, પરંતુ તેઓ તેને પોતાની રીતે હલ કરવાની ક્ષમતા ધરાવે છે.

**કમર પાતળી, પરંતુ નીચેનો ભાગ પહોળો**

**સ્વભાવ :** આ પ્રકારની કમર ધરાવતી મહિલાઓ અત્યંત આકર્ષક અને ખુશમિજાજી હોય છે. તેઓ સ્વભાવે ઉદાર, દયાળુ અને ભાવુક હોય છે. તેમને લોકો સાથે ભળવું ગમે છે અને તેઓ સારા મિત્રો બનાવે છે.

**જીવન :** તેમને જીવનમાં સુખ અને વૈભવની પ્રાપ્તિ થાય છે. તેઓ ધનવાન હોય છે અને પરિવાર માટે પણ શુભ માનવામાં આવે છે. આવા જાતકો સંતાનસુખમાં પણ ભાગ્યશાળી હોય છે. દાંપત્યજીવનમાં તેઓ પોતાના પાર્ટનર પ્રત્યે અત્યંત સમર્પિત અને પ્રેમાળ હોય છે.



**કમર ખૂબ જ પાતળી અથવા અત્યંત સંકુચિત**

**સ્વભાવ :** કેટલીક મહિલાઓની કમર શરીરના પ્રમાણમાં અસામાન્ય રીતે પાતળી કે સંકુચિત હોય છે. આવી મહિલાઓ સ્વભાવે થોડી ચિંતિત અને અસુરક્ષિત અનુભવી શકે છે. તેઓ સંકોચી સ્વભાવની પણ હોઈ શકે છે.

**જીવન :** તેમને સ્વાસ્થ્ય સંબંધિત કેટલીક નાની-મોટી સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. આર્થિક દૃષ્ટિએ પણ તેમને મધ્યમ ફળ મળે છે. જોકે, તેમની મહેનત અને નિષ્ઠા તેમને જીવનમાં આગળ વધવામાં મદદ કરે છે.

**સીધી કમર**

**સ્વભાવ :** જે મહિલાઓની કમર અને ધડ વચ્ચેનો કર્વ (વળાંક) ઓછો સ્પષ્ટ હોય અને કમર સીધી દેખાય, તેઓ સ્વભાવે વ્યવહારુ અને સીધાબોલા હોય છે. તેઓ ઓછા ભાવુક હોય છે અને તાર્કિક રીતે વિચારે છે.

**જીવન :** આવા જાતકો વ્યાવસાયિક જીવનમાં સફળતા મેળવી શકે છે, કારણ કે તેઓ પોતાનાં લક્ષ્યો પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમને આર્થિક સ્થિરતા પ્રાપ્ત થાય છે, પરંતુ પારિવારિક સંબંધોમાં કેટલીકવાર તેમને વધુ પ્રયાસો કરવા પડે છે.

**કમર પરનાં નિશાન અને તેમના અર્થ**

કમર પરના કોઈ ખાસ નિશાન, તલ, મસા અથવા અન્ય ચિહ્નો પણ સામુદ્રિકશાસ્ત્રમાં મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે :

**કમર પર તલ**

**જમણી બાજુ તલ :** જો મહિલાની કમરની જમણી બાજુ તલ હોય, તો તે સકારાત્મક અને શુભ માનવામાં આવે છે. આવી મહિલાઓ સાહસિક, ભાગ્યશાળી અને ધનવાન હોય છે. તેમને જીવનમાં સરળતાથી સફળતા મળે છે અને તેઓ સુખી જીવન જીવે છે.

**ડાબી બાજુ તલ :** જો કમરની ડાબી બાજુ તલ હોય, તો તે મિશ્ર ફળદાયી હોય છે. આવી મહિલાઓ મહેનતુ હોય છે, પરંતુ તેમને સફળતા મેળવવા માટે વધુ પ્રયાસો કરવા પડે છે. આર્થિક રીતે તેઓ સ્થિર હોય છે, પરંતુ તેમને સંઘર્ષ કરવો પડી શકે છે.

**કમરના મધ્યમાં તલ :** કમરના મધ્યમાં તલ હોવો એ સારા સ્વાસ્થ્ય અને સ્થિર જીવનનું પ્રતીક છે.

**કમર પર નિશાન અથવા મસા :** જો કમર પર જન્મથી કોઈ નિશાન કે મસો હોય, તો તેનો અર્થ તેના સ્થાન અને આકાર મુજબ બદલાઈ શકે છે. સામાન્ય રીતે શુભ આકારના નિશાન સકારાત્મકતા દર્શાવે છે, જ્યારે અનિયમિત કે અશુભ આકારનાં નિશાન કેટલીક મુશ્કેલીઓ સૂચવી શકે છે.

**કમર પરની કરચલીઓ-રેખાઓ :** કેટલીક મહિલાઓની કમર પર કુદરતી કરચલીઓ કે રેખાઓ જોવા મળે છે. જો આ રેખાઓ સ્પષ્ટ અને સમાન હોય, તો તે શુભ માનવામાં આવે છે, જે સ્થિર અને સમૃદ્ધ જીવનનો સંકેત આપે છે. જો રેખાઓ અસ્પષ્ટ કે કપાયેલી હોય, તો તે જીવનમાં કેટલાક ઉતાર-ચઢાવ દર્શાવે છે.

**પુરુષોની કમર**

સામુદ્રિકશાસ્ત્ર જે શરીરનાં અંગોના આધારે ભવિષ્યકથન કરે છે, તે પુરુષોની કમરને પણ તેમના સ્વભાવ અને ભાગ્યનું સૂચક માને છે. કમરનો આકાર, પહોળાઈ અને તેના પરનાં નિશાન વિવિધ અર્થો દર્શાવે છે.

**પાતળી અને સુડોળ કમર :** જે પુરુષોની કમર પાતળી અને પ્રમાણસર હોય છે, તેઓ સામાન્ય રીતે આકર્ષક, કલાપ્રેમી અને બુદ્ધિશાળી હોય છે. આવા જાતકો આર્થિક રીતે સમૃદ્ધ હોય છે અને જીવનમાં ઉચ્ચ પદ પ્રાપ્ત કરે છે. તેમને સુખી દાંપત્યજીવન અને સંતાનસુખ મળે છે. તેઓ સ્વભાવે નમ્ર અને વિવેકી હોય છે.

**જાડી અથવા પહોળી કમર :** જો પુરુષોની કમર પ્રમાણમાં જાડી કે પહોળી હોય, તો તેઓ સામાન્ય રીતે પરિશ્રમી, વ્યવહારુ અને જિદ્દી સ્વભાવના હોય છે. તેમને પોતાનાં લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે વધુ મહેનત કરવી પડે છે, પરંતુ તેઓ દૃઢ નિશ્ચયી હોય છે. આર્થિક રીતે તેઓ સ્થિર હોય છે, પરંતુ જીવનમાં કેટલીકવાર સંઘર્ષનો સામનો કરવો પડે છે.

**કમર પર તલ કે નિશાન**

**કમરની જમણી બાજુ તલ :** શુભ માનવામાં આવે છે, જે ભાગ્યશાળી અને ધનવાન હોવાનો સંકેત આપે છે. આવા પુરુષો જીવનમાં સફળતા પ્રાપ્ત કરે છે.

**કમરની ડાબી બાજુ તલ :** મિશ્ર ફળદાયી હોય છે. તેમને સફળતા માટે વધુ સંઘર્ષ કરવો પડે છે.

**કમર પર સ્પષ્ટ રેખાઓ :** જો કમર પરની રેખાઓ સ્પષ્ટ હોય, તો તે સ્થિર અને સુખી જીવન સૂચવે છે.

# ચહેરા પરના વાળને લાઈટ કરી ડાઘ ધબ્બા દૂર કરે છે બ્લીચ

ત્વચાની સમસ્યાને દૂર કરવા માટે અનેક પ્રકારની પ્રોડક્ટ્સ બજારમાં ઉપલબ્ધ છે. એમાં ચહેરા પરના વાળની વાત કરીએ તો તેને વેક્સથી દૂર કરી શકાય છે અને બ્લીચથી તેને છુપાવી શકાય છે. સ્કિન બ્લીચ એ એક પ્રકારની કોસ્મેટિક પ્રોડક્ટ છે, જેનો ઉપયોગ ચહેરાના વાળને હળવા એટલે કે વાળના રંગને લાઈટ કરવા માટે થાય છે. એનાથી વાળ ત્વચા સાથે ભળી જાય છે. ત્વચાનો રંગ તેજસ્વી બને છે. બ્લીચ ચહેરા પરના કાળા ડાઘ, ટેનિંગ અથવા પિગ્મેન્ટેશનને ઘટાડવાનું કામ કરે છે. તે ત્વચાનો રંગ કાયમી ધોરણે બદલતું નથી, પરંતુ મેલાનિન અને વિકૃતિકરણને ઘટાડીને કામચલાઉ ચમક અને બ્રાઈટનેસ આપે છે.



**સ્કિન બ્લીચના પ્રકાર**

(1) **ક્રીમ બ્લીચ** - ચહેરાના વાળને હળવા કરવા અને તાત્કાલિક ચમક આપવા માટે ક્રીમ બ્લીચનો ઉપયોગ કરી શકાય છે. તેમાં રહેલા મુખ્ય ઘટકોની વાત કરીએ તો એમાં હાઈડ્રોજન પેરોક્સાઈડ, એમોનિયા, હર્બલ અર્ક બધા પ્રકારની ત્વચા માટે યૂઝ કરી શકાય છે. દર 3-4 અઠવાડિયામાં એકવાર ઉપયોગ કરી શકાય.

(2) **હાઈડ્રોક્વિનોન બ્લીચ - (પિગ્મેન્ટેશન ટ્રીટમેન્ટ)** - કાળા ડાઘ, મેલાસ્મા અને હાયપર પિગ્મેન્ટેશન દૂર કરવા હાઈડ્રોક્વિનોન બ્લીચનો ઉપયોગ કરી શકાય છે. એમાં મુખ્ય ઘટક હાઈડ્રોક્વિનોન હોય છે. તેને ડર્મેટોલોજિસ્ટની સલાહ મુજબ વાપરવું ફાયદાકારક છે. આ બ્લીચ મેલાનિન ઉત્પાદન ઘટાડે છે.

(3) **કોજિક એસિડ બ્લીચ** - તેનો ઉપયોગ ત્વચાને તેજસ્વી બનાવવા, ખીલના ડાઘની સારવાર કરવા માટે કરવામાં આવે છે. એમાં ચોખા, મશરૂમ્સ મેળવેલ હોય છે. તે ક્રીમ, સીરમ તેમજ સાબુ સ્વરૂપે ઉપલબ્ધ છે. કોજિક એસિડ બ્લીચથી ત્વચાની આડઅસર ઓછી થાય છે અને દૈનિક ત્વચાને તેજસ્વી બનાવવા માટે ઉત્તમ છે.

(4) **આલ્ફા આર્બુટિન બ્લીચ** - ત્વચાનો રંગ સરળ બનાવવા અને ડાર્ક એરિયાને હળવા કરવા આલ્ફા આર્બુટિન બ્લીચનો ઉપયોગ કરવામાં આવે છે. તેમાં બેરબેરી પ્લાન્ટનો ઉપયોગ થાય છે. તે ક્રીમ અને સીરમ સ્વરૂપે ઉપલબ્ધ છે. તે સેન્સિટિવ સ્કિન અને લાંબા ગાળાના ઉપયોગ માટે શ્રેષ્ઠ છે.

(5) **ફ્રૂટ અને હર્બલ બ્લીચ** - બ્લીચિંગ અને સ્કિનને તેજસ્વી બનાવવા તેમાં ઓરેન્જ પીલ, પપૈયું, એલોવેરા, હળદર, દૂધ જેવી પ્રોડક્ટ વપરાય છે. આ બ્લીચ દરેક સ્કિન માટે ફાયદાકારક છે. ખાસ કરીને સેન્સિટિવ સ્કિન માટે તે વધુ ફાયદાકારક છે.

**બ્લીચ કરવાના ફાયદા**

ચહેરાના વાળને હળવા બનાવે છે, જેથી તે ત્વચા સાથે ભળી જાય છે. ટેન, કાળા ડાઘ, પિગ્મેન્ટેશન ઘટાડે છે, ત્વચાને તેજસ્વી, સ્વચ્છ અને વધુ સમાન બનાવે છે. કોઈ ઈવેન્ટ પહેલાં તાત્કાલિક ગ્લો જોઈતો હોય ત્યારે બ્લીચ વધુ ફાયદાકારક છે. પ્રદૂષણ અથવા સૂર્યના સંપર્કને કારણે થતી નિસ્તેજતામાં મદદ કરે છે.

**ઘરે ચહેરા પર બ્લીચ કેવી રીતે કરી શકાય?**

કોઈ પણ બ્લીચનો ઉપયોગ કરતા પહેલાં કાનની પાછળના ભાગ પર પેચ ટેસ્ટ કરવો જોઈએ. જો વધારે પડતી બળતરા થાય તો બ્લીચ કરવાનું ટાળવું જોઈએ.

**સામગ્રી :** બ્લીચ ક્રીમ, એક્ટિવેટર પાઉડર (કિટ સાથે આવે છે.) મિક્સિંગ બાઉલ અને સ્પેચ્યુલા (સ્પૂન), કોટન પેડ અથવા ટિશ્યૂ અને મોઈશ્ચરાઈઝરનો ઉપયોગ કરી શકાય.

**સ્ટેપ -1 :** ચહેરો સાફ કરો. ફેસ પરનું ઓઈલ ડર્ટ અથવા મેકઅપ દૂર કરવા માટે હળવા ક્લીન્ઝરથી ફેસવોશ કરવો. નરમ ટોવેલથી કોરો કરવો.

**સ્ટેપ - 2 :** બ્લીચ મિક્સ કરો. પ્લાસ્ટિકના બાઉલમાં કિટ પર જણાવ્યા મુજબ બ્લીચ ક્રીમ + એક્ટિવેટર મિક્સ કરો. 1 ચમચી ક્રીમ + 1/4 ચમચી એક્ટિવેટ. સરળ ન થાય ત્યાં સુધી પ્લાસ્ટિકની સ્પેચ્યુલા વડે તેને મિક્સ કરો.

**સ્ટેપ - 3 :** યોગ્ય રીતે એપ્લાય કરવું. ચહેરા તેમજ ગરદન પર લગાવવું. ખાસ કરીને તે આંખની નીચેના ભાગ પર, આઈબ્રો પર તેમજ હોઠ પર લગાવવું નહીં. સમાનરૂપે લાગુ કરવા માટે ઉપર તરફના સ્ટ્રોકનો ઉપયોગ કરવો.

**સ્ટેપ - 4 :** બ્લીચ ચહેરા પર લગાવ્યા બાદ 10-15 મિનિટ સુધી રહેવા દો. જેમની સ્કિન ફેર હોય તેમણે 10 મિનિટ સુધી રાખવું. મીડિયમ સ્કિન હોય તો 12-13 મિનિટ અને ડાર્ક સ્કિન હોય તો 15 મિનિટ રાખવું. બ્લીચ વધુ સમય માટે ન રાખવું. તેનાથી સ્કિન પર બળતરા થવી તેમજ સ્કિન દાઝી જવી જેવી સમસ્યા થાય છે.

**સ્ટેપ - 5 :** બ્લીચ દૂર કરવું. ભીના કોટન પેડથી સાફ કરો.

**સ્ટેપ - 6 :** મોઈશ્ચરાઈઝ કરો. વોટર બેઝ્ડ મોઈશ્ચરાઈઝર અથવા એલોવેરા જેલ લગાવો. બ્લીચ કર્યા બાદ 24 કલાક માટે મેકઅપ, સ્ક્રબિંગ અને સૂર્યના સંપર્કમાં જવાનું ટાળો. સનસ્ક્રીનનો ઉપયોગ કરો.

# જમ્મુ-કાશમીરમાં આભ ફાટતા ભૂસ્ખલન, 60નાં મોત

**જમ્મુમાં 15 ઇંચ, ઉધમપુરમાં 25 ઇંચ વરસાદ : નદીઓએ ભયજનક સપાટીએ, 10 હજાર લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા, અનેક ટ્રેનો રદ**



**શ્રીનગર**

જમ્મુ કાશ્મીરમાં ભારે વરસાદ વચ્ચે વાદળ ફાટવાથી સ્થિતિ વધુ કથળી ગઇ છે. ભુસ્ખલન સહિતની વિવિધ વરસાદી ઘટનાઓમાં કુલ મૃત્યુઆંક 60એ પહોંચી ગયો છે. મોટાભાગના મૃતકો વૈષ્ણોદેવીના શ્રદ્ધાળુઓ છે કે જેઓ પર ભુસ્ખલનની આફત આવી પડી હતી. જમ્મુમાં વરસાદે 52 વર્ષનો રેકોર્ડ તોડયો હતો. જેને પગલે પ્રાંતની તમામ નદીઓ ભયજનક સપાટીએ પહોંચી હતી. જ્યારે જમ્મુ સાથે જોડાયેલી અનેક ટ્રેનોને રદ કરી દેવામાં આવી છે.

વાદળ ફાટયા બાદ વૈષ્ણોદેવી માર્ગ પર ભુસ્ખલન થયું હતું જેને કારણે વાહનો સાથે અનેક લોકો દટાયા છે. જ્યારે મૃત્યુઆંક 60એ પહોંચી ગયો છે. અનેક લોકો ઘાયલ થયા છે જેમાંથી કેટલાકની સ્થિતિ ગંભીર હોવાથી મૃત્યુઆંક વધી શકે છે. અત્યાર સુધીમાં ૧૦ હજારથી વધુ લોકોને સુરક્ષીત સ્થળે ખસેડવામાં આવ્યા છે. જિલ્લા પ્રશાસન, જમ્મુ કાશ્મીર પોલીસ, એનડીઆરએફ દ્વારા તો રેસ્ક્યૂ ઓપરેશન ચાલી જ રહ્યું હતું હવે મોટા પ્રમાણમાં સૈન્યના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. હેલિકોપ્ટરોની મદદથી લોકોને રેસ્ક્યૂ કરાઇ રહ્યા છે.

જમ્મુમાં વરસાદે તમામ રેકોર્ડ તોડયા હતા અને ૩૮૦ મીમી વરસાદ ખાબક્યો હતો જ્યારે ઉધમપુરમાં ૬૨૯ મીમી વરસાદ પડયો હતો. વર્ષ ૧૯૧૦ પછીનો સૌથી વધુ વરસાદ માનવામાં આવે છે, જેને પગલે આસપાસના વિસ્તારોમાં પૂર આવ્યું છે, રીઆસીના એસએસપી પરમવીરસિંહે કહ્યું હતું કે ભુસ્ખલન વૈષ્ણોદેવી માર્ગ પર આવેલા અધકવારી ગુફા મંદિર પાસે થયું હતું. યોગી આદિત્યનાથે મૃતકોના પરિવારજનોને 4 લાખ રૂપિયાની આર્થિક સહાય કરવાની જાહેરાત કરી છે.

## હિમાચલ પ્રદેશમાં મેઘરાજાનું રૌદ્ર રૂપ, 1000 કરોડના રસ્તા ધોવાયા, ટોલ પ્લાઝાની ઉપરથી વહી રહી છે નદી

**દહેરાદૂન**

હિમાચલ પ્રદેશમાં કુદરતી આફતોએ ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણની મુશ્કેલી વધારી દીધી છે. ભારે વરસાદ અને ભૂસ્ખલનના કારણે કીરતપુર-મનાલી ફોરલેન માર્ગનો પાંડોહથી મનાલી સુધીનો વિસ્તાર સંપૂર્ણપણે ધોવાઈ ગયો છે. માત્ર બે વર્ષમાં જ આ માર્ગનું અસ્તિત્વ ગુમ થઈ ગયું છે અને હવે તેનું નવેસરથી નિર્માણ કરવું પડશે.

વરસાદ અને ભૂસ્ખલનના કારણે NHAIને અત્યાર સુધીમાં 1000 કરોડ રૂપિયાથી પણ વધુનું નુકસાન થયું છે, જે 2023ની આપત્તિની તુલનામાં ચાર ગણું વધારે છે. સોમવારે મોડી રાત્રે બિયાસ નદીમાં પૂર આવ્યું છે, જેના લીધે કુલ્લુથી મનાલી સુધીનો માર્ગ વચ્ચે છ સ્થળો ગંભીર રીતે નુકસાન પામ્યા છે. બિંદુ ઢાંક ખાતેના માર્ગનું નામોનિશાન રહ્યું નથી. આ ઉપરાંત રાયસન, મનાલીમાં લક્ઝરી બસ સ્ટેન્ડ અને



ડોહલૂ ટોલ બેરિયર પાસે પણ રોડનો મોટો ભાગ પાણીમાં તણાઈ ગયો છે. આ તમામ સ્થળોએ તાત્કાલીક કામ કરવા માટે મશીનો પહોંચાડવાના પ્રયાસો ચાલી રહ્યા છે. માર્ગ ફરી શરુ કરવા માટે એનએચએઆઈએ તાત્કાલિક 20 મશીનો કામે લગાવ્યા છે. ઝલોગીમાં માર્ગનો એક મોટો ભાગ જમીનમાં ધસી ગયો છે.

## પંજાબમાં ભારે વરસાદથી પાણીમાં શાળા ગરકાવ થતાં 400 વિદ્યાર્થીઓ ફસાયા, NDRF-આર્મીની ટીમો રવાના

પંજાબ સરકારે ભારે વરસાદને કારણે શાળાઓમાં રજા જાહેર કરી હોવા છતાં, દીનાનગરના ગામ દબૂરીમાં આવેલી જવાહર નવોદય વિદ્યાલયના પ્રિન્સિપાલની બેદરકારીને કારણે લગભગ 400 વિદ્યાર્થીઓ 4-5 ફૂટ પાણીમાં ફસાયા છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, સ્થાનિક પ્રશાસન અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગને જાણ કરવામાં આવી છે. જોકે પ્રિન્સિપાલનું કહેવું છે કે બધા સુરક્ષિત છે.

**બચાવકાર્ય માટે NDRF-આર્મીની ટીમો રવાના**

બાળકોને બચાવવા માટે ટીમોએ કામ શરુ કરી દીધું છે. ડીસીએ જણાવ્યું કે, રહેણાંક વિસ્તારમાં આવેલી શાળામાં મોટી સંખ્યામાં બાળકો અને શિક્ષકો ફસાયેલા છે, જેમાં લગભગ 400 બાળકોનો સમાવેશ થાય છે. બાળકોને સુરક્ષિત બહાર કાઢવા માટે NDRF સહિત પ્રશાસનની અન્ય ટીમો મોકલવામાં આવી છે. મુખ્યમંત્રી દ્વારા 26 ઑગસ્ટે ભારે વરસાદને કારણે રાજ્યની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી. આ આદેશ છતાં, દબૂરીની નવોદય વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને બોલાવાયા અને શાળા પ્રશાસને તેમને બહાર જવા દીધા નહીં. સતત વરસાદને લીધે શાળાની આસપાસ પાણી ભરાયું, જેના કારણે વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ અંદર ફસાયા.

## ગઢચિરોલીમાં પોલીસ સાથેની અથડામણમાં 4 માઓવાદી ઠાર, દારૂગોળો-રાઈફલો જપ્ત

**ગઢચિરોલી**

મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લામાં પોલીસ અને માઓવાદીઓ વચ્ચે અથડામણ થઈ છે. આ દરમિયાન બંને તરફથી સામસામે આડેધડ ગોળીબાર થયો છે, જેમાં પોલીસે ચાર માઓવાદીને ઠાર કર્યા છે. ઘટના સ્થળ પરથી મોટી સંખ્યામાં દારુગોળો જપ્ત કરવામાં આવ્યો છે. અથડામણમાં માર્યા ગયેલા માઓવાદીમાં ત્રણ મહિલા અને એક પુરુષ હોવાનું સામે આવ્યું છે.

મળતા અહેવાલો મુજબ, ગટ્ટા દલમ, કંપની નંબર-10 અને ગઢચિરોલી ડિવિઝનના માઓવાદીઓઓ




ગઢચિરોલી-નારાયણપુર સીમા પાસેના કોપરશી જંગલ વિસ્તારમાં છુપાયેલા હોવાની પોલીસને ગુપ્ત સૂચના મળી હતી. ત્યારબાદ એડિશનલ પોલીસ અધિક્ષક એમ.રમેશની આગેવાની હેઠળ સી60ની 19 ટીમો અને સીઆરપીએફ ક્યૂએટીની બે ટીમો માઓવાદીઓને શોધવા માટે ત્યાં પહોંચી હતી.

જંગલ વિસ્તારમાં ભારે વરસાદ પડી રહ્યો હતો, છતાં ટીમોએ સવારથી ત્યાં શોધખોળ અભિયાન ચાલુ રાખ્યું હતું. આ દરમિયાન માઓવાદીઓએ અચાનક પોલીસ દળ પર આડેધડ ગોળીબાર શરૂ કરી દીધો હતો. તો પોલીસે પણ માઓવાદીઓને વળતો જવાબ આપ્યો હતો. લગભગ આઠ કલાક સુધી અથડામણ ચાલી હતી, જેમાં ત્રણ મહિલા સહિત ચાર માઓવાદીઓને જ ઠાર કરી દેવાયા છે. પોલીસની ટીમોએ ઘટનાસ્થળ પરથી એક એસએલઆર રાઈફલ, બે ઈન્સાસ રાઈફલ અને 1.303 રાઈફલ જપ્ત કરી છે.

## નૈનીતાલ અને કિશ્તવાડામાં લાગી આગ, એકનું મોત, અનેક ઘાયલ

**નૈનીતાલ**

નૈનીતાલના મલ્લીતાલ બજારમાં બુધવાર સાંજે ભીષણ આગ લાગવાની ઘટના ઘટી હતી. આગ જૂના સમયની એક ઐતિહાસિક બિલ્ડિંગમાં લાગી, જેને ઓલ્ડ લંડન હાઉસથી પણ ઓળખવામાં આવે છે. અંગ્રેજોના જમાનાની આ બિલ્ડિંગ પોતાના શાનદાર બનાવટ અને સુંદરતા માટે ખૂબ જ પ્રખ્યાત હતી. અચાનક આગ લાગવાથી આ વિસ્તારમાં અફરા તફરી મચી ગઈ, જોકે, વહીવટીતંત્રની ત્વરિત કાર્યવાહીને કારણે, આગ પર મોટા પ્રમાણમાં કાબુ મેળવી લેવામાં આવ્યો છે. આ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. આ ઘટનાની જાણકારી મળતા ફાયર બ્રિગેડ અને વહીવટી તંત્રની ટીમ ઘટના સ્થળે પહોંચી.આગ ઓલવવા માટે મલ્લીતાલ બજારમાં લાગેલા હાઈડ્રેન્ટસની મદદ લેવી પડી. નૈનીતાલના એસએસપીના જણાવ્યા અનુસાર,આગ પર હાલ કાબૂ મેળવી લીધો છે. તેમણે કહ્યુ કે આગ લાગવાનુ કારણ શોર્ટ સર્કિટ માનવામાં આવે છે. જોકે તપાસ હજુ પણ ચાલુ છે. કોઈ પણ પ્રકારનો અવાજ કે ધડાકો થયો નથી. હાલ આ બાબતે આગળ તપાસ હાથ ધરાઈ રહી છે. આ ઘટનામાં એક વ્યક્તિના મોતના સમાચાર સામે આવ્યા છે.

## મિઝોરમ રાજ્યમાં ભીખ માગવા પર હવે પ્રતિબંધ, વિધાનસભામાં બિલ પાસ

**પટણા**

મિઝોરમ વિધાનસભાએ બુધવારે મિઝોરમ પ્રોહિબિશન ઓફ બેગરી બિલ 2025 પસાર કર્યું. આ કાયદાનો હેતુ માત્ર ભિખારીઓ પર પ્રતિબંધ મૂકવા અને તેમને મદદ અને રોજગાર આપીને સમાજમાં ઊભા રહેવાનો પણ છે.

અહેવાલો અનુસાર, બિલ હેઠળ સરકાર એક રાહત બોર્ડ બનાવશે અને એક રિસીવિંગ સેન્ટર ખોલશે. અહીં ભિખારીઓને અસ્થાયી રૂપે રાખવામાં આવશે અને 24 કલાકની અંદર તેને રાજ્ય અથવા ઘરે પાછા મોકલવામાં આવશે. સમાજ કલ્યાણ વિભાગના સર્વે મુજબ, હાલમાં આઈઝોલમાં 30થી વધુ ભિખારીઓ છે, જેમાંથી ઘણાં બહારથી આવ્યા છે.

## મેંગલોરમાં બસ સ્ટેન્ડ સાથે બસ ટકરાતા 5 લોકોના મોત, 7ને ઈજા

**બ્રેક ફેલ થતા બસ અન્ય બસના સ્ટેનમાં ઘૂસી જતાં દુર્ઘટના બની**

**મેંગલોર**

બપોરે બનેલી આ ઘટનામાં બસ સ્ટેન્ડમાં રાહ જોઈ રહેલા ચાર લોકોનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું છે. મૃતકોમાં એક જ પરિવારના ત્રણ મહિલા અને એક પુરુષનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એક બાળક પણ આ અકસ્માતનો ભોગ બન્યું અને તેણે પણ જીવ ગુમાવ્યો. કેટલાક મૃતકો બસ સ્ટેન્ડ પાસે એક ઓટો રિક્ષામાં બેઠા હતા. અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા અન્ય સાત લોકોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. કેટલાકની હાલત ગંભીર હોવાનું જણાવાયું છે. સ્થાનિક પોલીસ અને રાહત ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. આ દુર્ઘટના બસની બ્રેક ફેલ થવાને કારણે થઈ હોવાનું મનાય છે. બસ ડ્રાઈવરે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો અને તે સીધી બસ સ્ટેન્ડમાં ઘૂસી ગઈ હતી. આ ઘટનાની વિગતવાર તપાસ ચાલી રહી છે, અને પોલીસ અકસ્માત પાછળના ચોક્કસ કારણો જાણવા પ્રયાસ કરી રહી છે.

## ટ્રમ્પના આદેશના પાંચ જ કલાકમાં મોદીએ પાકિસ્તાન સાથે યુદ્ધ રોક્યું : રાહુલ

**પટના**

વિપક્ષના રાહુલ ગાંધી હાલ બિહારમાં મતદાર અધિકાર યાત્રા કાઢી રહ્યા છે. દરમિયાન રાહુલ ગાંધીએ પાકિસ્તાન-ભારત વચ્ચે શસ્ત્ર વિરામને લઈને મોદી પર પ્રહાર કર્યા હતા અને દાવો કર્યો હતો કે ટ્રમ્પે શસ્ત્ર વિરામ કરવા આદેશ આપ્યા તેના પાંચ જ કલાકમાં મોદીએ પાકિસ્તાન સાથેનું યુદ્ધ અટકાવી દીધુ હતું. બિહારના મુઝફ્ફરપુરમાં રેલીને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે શું તમે લોકો જાણો છો કે ટ્રમ્પે આજે શું કહ્યું છે? ટ્રમ્પે કહ્યું છે કે જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે મે મહિનામાં ઘર્ષણ ચાલી રહ્યું હતું, યુદ્ધની સ્થિતિ હતી ત્યારે મે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કરીને કહ્યું કે ભારત પાકિસ્તાન સાથેનું યુદ્ધ અટકાવે, મે મોદીને ૨૪ કલાકનો સમય આપ્યો છે.

# મહારાષ્ટ્રના વિરારમાં એપાર્ટમેન્ટ ધરાશાયી, 15ના મોત

## અનેક લોકો ઈજાગ્રસ્ત થયા, 7ને સુરક્ષિત સ્થળે ખસેડાયા, બિલ્ડર અને જમીન માલિક સામે FIR દાખલ કરવામાં આવી

**વિરાર**

મહારાષ્ટ્રના વિરારમાં ગુરુવારે એક એપાર્ટમેન્ટ ધરાશાયી થવાથી થયેલા ભયાનક અકસ્માતમાં અત્યાર સુધીમાં 15 લોકોના મોત નિપજ્યા હતા. આ દુ:ખદ અકસ્માતને 30 કલાકથી વધુ સમય વીતી ગયો છે, પરંતુ બચાવ કામગીરી હજુ પણ ચાલુ છે. NDRFની 5મી બટાલિયનની બે ટીમો, વસઈ-વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ અને સ્થાનિક પોલીસ દિવસ-રાત રાહત અને બચાવ કાર્યમાં રોકાયેલા છે.

આ અકસ્માત એવા સમયે થયો જ્યારે વિરાર (પૂર્વ)ના વિજય નગરમાં જૉયલ પરિવાર તેમની દીકરી ઉત્કર્ષાના પહેલા જન્મદિવસની ઉજવણી કરી રહ્યો હતો. પરિવારે ઘરને સજાવ્યું, કેક કાપી અને ખુશીના ક્ષણોને ફોટામાં કેદ કર્યા. તેમણે આ ફોટા તેમના સંબંધીઓને પણ મોકલ્યા. પરંતુ, કેક કાપ્યાના માત્ર પાંચ મિનિટ પછી, રમાબાઈ એપાર્ટમેન્ટનો પાછળનો ભાગ નજીકની ચાલી પર



તૂટી પડ્યો, જેના કારણે ખુશીનો માહોલ શોકમાં પરિણમ્યો હતો. આ અકસ્માતમાં માસૂમ ઉત્કર્ષ અને તેની માતા આરોહી જોયલનું મૃત્યુ થયું, જ્યારે પિતા ઓમકાર જોયલનો હજુ કાટમાળમાં ગુમ છે.

વળી, અકસ્માત બાદ NDRF ટીમ આવે તે પહેલાં જ સ્થાનિક નાગરિકોએ હિંમત બતાવી અને કાટમાળમાંથી સાત લોકોને સુરક્ષિત રીતે બચાવી લીધા હતાં. જેમાંથી કેટલાકને નાની-મોટી ઈજાઓ થઈ હતી. આ ઈજાગ્રસ્તોને વિરાર અને નાલાસોપારાની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. વસઈ-વિરાર શહેરમાં ગેરકાયદે અને અનધિકૃત ઈમારતોનું નેટવર્ક સતત લોકોના જીવનને બરબાદ કરી રહ્યું છે. આ પહેલી ઘટના નથી. 15 દિવસ પહેલા પણ ગેરકાયદે બાંધકામમાં કાચનો સ્લેબ પડવાથી બે મજૂરોના મોત થયા હતા. જેના કારણે, સ્થાનિક વહીવટીતંત્રની બેદરકારી અને નબળી કાર્યશૈલી પર ગંભીર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. વિરાર પોલીસે બિલ્ડર નીતલ ગોપીનાથ સાને અને આ અકસ્માત માટે જવાબદાર જમીન માલિક સામે કેસ નોંધ્યો છે. આ કેસ મહારાષ્ટ્ર રિજનલ ટાઉન પ્લાનિંગ એક્ટની કલમ 52, 53 અને 54 અને ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ 105 હેઠળ નોંધવામાં આવ્યો છે. જો કે, આ કેસમાં હજુ સુધી કોઈ ધરપકડ કરવામાં આવી નથી.

# બિહારમાં હાઇએલર્ટ, નેપાળના રસ્તે જૈશના 3 આતંકી ઘૂસ્યાની આશંકા

**પટના**

બિહાર હાલમાં હાઈ અલર્ટ પર છે. ત્રણ પાકિસ્તાની આતંકવાદીઓની ઘુસણખોરીના કારણે પોલીસ મુખ્યાલયે રાજ્યમાં હાઈ અલર્ટ જાહેર કર્યો છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, પાકિસ્તાનના ત્રણ આતંકવાદીઓ નેપાળના માર્ગે બિહારમાં પ્રવેશ્યા છે. આ ત્રણે આતંકીઓના નામ હસનૈન અલી, આદિલ હુસેન અને મોહમ્મદ ઉસ્માન છે. હસનૈન અલી રાવલપિન્ડીનો, આદિલ હુસેન ઉમરકોટનો અને મોહમ્મદ ઉસ્માન બહાવલપુરનો રહેવાસી છે.

જૈશ એ મોહમ્મદના આ ત્રણે આતંકીઓ નેપાળના માર્ગે બિહારમાં પ્રવેશ્યા છે. આ ત્રણેના પાસપોર્ટ સાથે સંબંધિત માહિતી સીમાવર્તી જિલ્લાઓ સાથે શેર કરવામાં આવી છે. બિહારમાં વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને આતંકી પ્રવૃત્તિઓ પર કડક નજર રાખી રહી છે. આ ત્રણે આતંકી ઓગસ્ટના બીજા સપ્તાહમાં કાઠમંડુ પહોંચી ગયા હતા. ત્યાંથી તેઓ ગયા સપ્તાહે બિહારમાં ઘુસ્યા છે. આશંકા છે કે આ આતંકી દેશના કોઈ હિસ્સામાં મોટી આતંકી ઘટનાને અંજામ આપવાની સાજિશ ઘડી રહ્યા છે.

# ગુગલ મેપ્સ ફરી બન્યો કાળ! બંધ પડેલો રસ્તો બતાવ્યો, કાર નદીમાં પડતાં 3 લોકોના મોત

**જયપુર**

રાજસ્થાનના ચિત્તોડગઢ જિલ્લામાં મંગળવારે મોડી રાત્રે એક વાન નદીમાં વહી જતાં ત્રણ લોકોના મોત થયા હતા અને એક બાળક ગુમ થયું હતું. વાન એક જ પરિવારના સભ્યોને લઈ જઈ રહી હતી. બનાસ નદીના જોરદાર પ્રવાહમાં વાન ઘણા અંતર સુધી તણાઈ ગઈ હતી, જેના કારણે ચાર લોકો ડૂબી ગયા હતા જ્યારે પાંચ લોકોએ વાનની છત પર બેસીને પોતાનો જીવ બચાવ્યો હતો. આ અકસ્માત મંગળવારે રાત્રે લગભગ 1:30 વાગ્યે થયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર વાનમાં સવાર પરિવાર ભીલવાડા જિલ્લામાં એક ધાર્મિક સ્થળની મુલાકાત લઈને ઘરે પરત ફરી રહ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે વાન ચાલકે રસ્તો શોધવા માટે ગુગલ મેપ્સનો ઉપયોગ કર્યો હતો, જેના કારણે તેઓ બનાસ નદી પરના પુલ પર ગયા હતા જે લાંબા સમયથી બંધ હતો. ચિત્તોડગઢના પોલીસ અધિક્ષક મનીષ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે બનાસ નદીમાં પૂરને કારણે નદીને પાર કરતા બધા રસ્તા બંધ થઈ ગયા હતા. પરંતુ આ પરિવાર આવા જ એક બંધ પુલને પાર કરીને સોમી-ઉપ્રેડા પુલ પર ગયો, જે થોડા મહિનાઓથી બંધ હતો. તેમણે કહ્યું કે ડ્રાઈવરે નદી પાર કરવાનો પ્રયાસ કરતા જ કાર પુલ પર ફસાઈ ગઈ અને નદીના જોરદાર પ્રવાહમાં વહેવા લાગી હતી. અધિકારીએ કહ્યું કે વાનમાં સવાર લોકોએ બારી તોડીને તેની છત પર ચઢી ગયા અને તેમાંથી એકે પોતાના સંબંધીને ફોન કર્યો હતો, જેમણે પોલીસને ઘટનાની જાણ કરી હતી. તેમણે કહ્યું કે સ્ટેશન ઈન્ચાર્જ રશ્મિ દેવેન્દ્ર સિંહ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા અને બોટની વ્યવસ્થા કરી હતી.

# ઉત્પલ ચૌધરીના અનેક ઠેકાણે ઈડીના દરોડા 7 લાખ રોકડા-ઘણા નકલી ઓળખ કાર્ડ જપ્ત

## ત્રિપુરા, દિલ્હી, હરિયાણા અને પશ્ચિમ બંગાળમાં સ્થિત અનેક સ્થળો પર દરોડા પડાયા

**ત્રિપુરા**

ત્રિપુરાના ઉત્પલ કુમાર ચૌધરી વિરુદ્ધ PMLA, 2002 હેઠળ ચાલી રહેલી તપાસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ મોટી કાર્યવાહી કરી છે. ઈડીએ ત્રિપુરા, દિલ્હી, હરિયાણા અને પશ્ચિમ બંગાળમાં સ્થિત અનેક સ્થળો પર દરોડા પાડ્યા. ઈડીએ પશ્ચિમ બંગાળ પોલીસમાં નોંધાયેલી અનેક FIRના આધારે આ તપાસ શરૂ કરી હતી.

ઉત્પલ ચૌધરી પોતાને ભારત સરકારનો વરિષ્ઠ અધિકારી હોવાનો દાવો કરતો

ઉત્પલ કુમાર ચૌધરીએ આવી સંસ્થાઓનું નેટવર્ક બનાવ્યું હતું, જેના નામ સરકારી વિભાગો અને જાહેર ક્ષેત્રના ઉપક્રમો જેવા હતા. આમાં ઉચ્ચ શિક્ષણ નિયામક, ત્રિપુરા, બ્રિજ અને રૂફ કંપની અને ભારતીય વસ્ત્ર પરિષદ નિયામક જેવી સંસ્થાઓનો સમાવેશ થાય છે. તેમણે રોકાણ માટે લોકોને ગેરમાર્ગે દોરવા માટે આ નામોનો ઉપયોગ કર્યો હતો. ઈડીએ આરોપ લગાવ્યો હતો કે ઉત્પલ ચૌધરી પોતાને ભારત સરકારનો વરિષ્ઠ અધિકારી હોવાનો દાવો કરતો હતો અને સરકારી કોન્ટ્રાક્ટ મેળવવાના ખોટા આશ્વાસનો આપતો હતો. આ રીતે તેણે ઘણા લોકોને કરોડો રૂપિયાની છેતરપિંડી કરી હતી. તે પોતાને ત્રિપુરાના ઉચ્ચ શિક્ષણ નિયામકના વડા તરીકે ઓળખાવતો હતો. તેના પર શૈક્ષણિક સંસ્થાઓ અને મધ્યાહન ભોજન યોજનાના ટેન્ડરોમાં વિદ્યાર્થીઓને ભલામણ કરવાનું વચન આપીને છેતરપિંડી કરવાનો આરોપ છે.

# ઉત્તરાખંડના હલ્દ્વાનીમાં ૪૦ બાળકોને લઈ જતી સ્કૂલ બસ નાળામાં ખાબકી

**હલ્દ્વાની**

ઉત્તરાખંડના હલ્દ્વાનીના જયપુર બીસા ગામમાં આજે ગુરૂવારે ભયાવહ અકસ્માત સર્જાયો છે. એક ખાનગી સ્કૂલની બસ બેકાબૂ બનતાં નાળામાં ખાબકી હતી. જેમાં ૪૦ વિદ્યાર્થીઓ સવાર હતા. ૧૨થી વધુ બાળકોને ઈજા થઈ છે. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બસ ડ્રાઈવર અને કંડક્ટરને ગંભીર ઈજા થઈ છે.

સ્થાનિક લોકોએ અકસ્માત બનતાં તુરંત જ બચાવ કામગીરી હાથ ધરી હતી. બસનો કાચ તોડી તમામ વિદ્યાર્થીઓને બહાર કાઢવામાં આવ્યા હતા. જેમાં ૧૨થી વધુ બાળકો ઘાયલ થયા હતા. આ દુર્ઘટના હલ્દ્વાનીમાં બરેલી રોડ પર સ્થિત જયપુર બીસા ગામમાં બની હતી. આ બસ રામપુર રોડથી બાળકોને શાળાએ લઈ જઈ રહી હતી. ત્યાં બે બસ ચાર રસ્તા નજીક સાઈડ લઈ રહી હતી, તે દરમિયાન બસ રોડ પરથી ઉતરી જતાં નાળામાં ખાબકી હતી. સ્થાનિકો અને પ્રત્યક્ષદર્શીઓએ તુરંત બચાવ કામગીરી હાથ ધરી હતી. તેમજ પોલીસને પણ અકસ્માતની જાણ કરી હતી. ગામના સરપંચ રમેશ ચંદ્ર જોષીએ આ અકસ્માત માટે બસ ડ્રાઈવરની બેદરકારીને જવાબદાર ઠેરવી છે.

# બિહારમાં મંત્રી પર જીવલેણ હુમલો, ગ્રામીણોએ અનેક કિમી ભગાડ્યા, બોડીગાર્ડ ઈજાગ્રસ્ત

**પટના**

બિહારના નાલંદા જિલ્લામાં ગામડાના લોકોએ નીતિશ સરકારના ગ્રામીણ વિકાસ મંત્રી અને જેડીયુ નેતા શ્રવણ કુમારના કાફલા પર હુમલો કરી દીધો હતો. જેમાં તેમનો બોડીગાર્ડ ઈજાગ્રસ્ત થયાની માહિતી સામે આવી છે. આ ઘટના હિલસા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા મલાવા ગામે બની હતી. અહીં ગ્રામીણ વિકાસ મંત્રી માર્ગ અકસ્માતમાં માર્યા ગયેલા 9 લોકોના પરિજનોને મળવા ગયા હતા. આ દરમિયાન જ તેમના કાફલા પર અચાનક હુમલો થયો હતો. ગામના લોકોએ તેમને અને તેમના કાફલાનો એક કિમી સુધી પીછો કર્યો હતો. જેમને મારીને ગામમાંથી ભગાડ્યા હતા. પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. ગામમાં સુરક્ષા વધારવામાં આવી છે.

# હે-મા મેડિકો એજન્સીના માલિકની 1 કરોડ રોકડા અને નકલી દવાઓ સાથે ધરપકડ

## નકલી દવાઓનો કારભાર રોકવા એસટીએફની કવાયત

**લખનઉ**

ઉત્તર પ્રદેશની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF)એ નકલી દવાઓના ધંધા કરનારા સામે વધુ એક મોટી સફળતા મેળવી છે. આગ્રાની હે-મા મેડિકો એજન્સીના માલિક હિમાંશુ અગ્રવાલની ધરપકડ કરવામાં આવી છે અને નકલી દવાઓના એક વિશાળ નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ કામગીરીમાં STFએ હિમાંશુ પાસેથી 1 કરોડ રૂપિયા રોકડા, 500 રૂપિયાની નોટોના 200 બંડલ અને મોટી માત્રામાં નકલી દવાઓનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. થોડા દિવસો પહેલા જ આ ગેરકાયદેસર ધંધા પર કડક કાર્યવાહી કરવાની ઝુંબેશ વધુ તીવ્ર બનાવવામાં આવી છે. મૂળ આગ્રાના રહેવાસી હિમાંશુ અગ્રવાલ 20 વર્ષથી નકલી દવાઓના ધંધામાં સંકળાયેલા હતા. નાની દુકાનથી શરૂ થયેલો વ્યવસાય 12 રાજ્યોમાં ફેલાઈ ગયો. હિમાંશુની હી-મા મેડિકો એજન્સી નકલી દવા સપ્લાયનું એક મોટું કેન્દ્ર હતું. જે ઓક્સીટોસિન ઈન્જેક્શન અને નાર્કોટિક્સ દવાઓ સહિત ઘણી નકલી દવાઓનું વિતરણ કરતી હતી.

# ભારત ઈજિપ્તમાં અમેરિકાની આગેવાની હેઠળના 43 દેશોના યુદ્ધાભ્યાસમાં ભાગ લેશે

**નવી દિલ્હી**

ભારતીય સશસ્ત્ર દળો અને જોઈન્ટ કમાન્ડ સ્ટાફ હેડક્વાર્ટરમાંથી ૭૦૦થી વધુ ભારતીય જવાન ઈજિપ્તમાં થનારા બહુપક્ષીય લશ્કરી અભ્યાસ બ્રાઈટ સ્ટાર ૨૦૨૫માં ભાગ લેશે. આ અભ્યાસમાં ભારતીય ભૂમિદળ, નૌકાદળ અને હવાઈદળના સંયુક્ત પ્રયત્નો જોવા મળશે. ઈજિપ્તે જાહેરાત કરી હતી કે આ સંયુક્ત લશ્કરી કવાયત ઈજિપ્તમાં યોજાશે.

આ સંયુકત લશ્કરી કવાયતમાં કુલ ૪૩ દેશ ભાગ લેશે. તેમા ૧૩ દેશના લગભગ આઠ હજાર સૈનિક સીધા સામેલ થશે. જ્યારે ૩૦ દેશ નિરીક્ષક તરીકે રહેશે. આ અભ્યાસ જુદી-જુદી લશ્કરી પ્રવૃત્તિઓ પર કેન્દ્રિત હશે, જે ત્રણેય લશ્કરોની ક્ષમતાઓનું પ્રદર્શન કરશે.

# એશિયા કપ અગાઉ BCCIને ઝટકો, DREAM-11 ભારતને સ્પોન્સર નહીં કરે

## ભારતના ટોચના ક્રિકેટરોને ફટકો : કોહલીને રૂ.200 કરોડનો, તો રોહિત શર્માને રૂ.60 કરોડનો ફટકો





નવીદિલ્હી : એશિયા કપ 2025 પહેલા ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ને મોટો ઝટકો લાગ્યો છે. Dream11 એ BCCIને જાણ કરી છે કે, તે હવે ભારતીય ક્રિકેટ ટીમને સ્પોન્સર નહીં કરે. હાલમાં જ સંસદમાં પ્રમોશન અને રેગ્યુલેશન ઑફ ઓનલાઈન ગેમિંગ બિલ, 2025 પસાર કરવામાં આવ્યું છે. આ બિલ હેઠળ, ભારતમાં રિયલ મની ગેમિંગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જેના કારણે Dream11ના ફૂલેલા ફાલેલા બિઝનેસ પર મોટી અસર થઈ છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે Dream11ના પ્રતિનિધિઓ મુંબઈમાં BCCI ઑફિસમાં આવ્યા હતા અને CEO હેમાંગ અમીનને આ નિર્ણય અંગે જાણકારી આપી હતી. હવે BCCI ટૂંક સમયમાં એક નવું ટેન્ડર બહાર પાડશે. એશિયા કપ 2025 9 સપ્ટેમ્બરથી સંયુક્ત આરબ અમીરાત(UAE)માં શરુ થવાનું છે. હવે Dream11 સ્પોન્સરશીપ પાછી ખેંચી લેતા BCCI એ ટૂંક સમયમાં એક નવો સ્પોન્સર શોધવો પડશે. ભારતીય ટીમના દિગ્ગજ ક્રિકેટરો વિરાટ કોહલી, રોહિત શર્મા, હાર્દિક પંડ્યા સહિત અનેક ખેલાડીઓને મોટો આર્થિક ફટકો પડ્યો છે. વાસ્તવમાં ઓનલાઈન મની ગેમિંગ પર પ્રતિબંધ બિલ કાયદો બની ગયો છે, જેના કારણે ટીમ ઈન્ડિયાની સ્પોન્સર્સ ડ્રીમ-11 પણ ઘરભેગી થઈ ગઈ છે. રિપોર્ટ મુજબ વિવિધ ઓનલાઈન સટ્ટાબાજી એપ્સના આશરે 22 કરોડ ભારતીય યુઝર્સ છે, જે પૈકી 11 કરોડ નિયમિત રીતે તેનો ઉપયોગ કરે છે. એક અંદાજ મુજબ, દર વર્ષે 20 હજાર કરોડથી વધારે રકમ ગુમાવે છે. ક્રિકબઝની રિપોર્ટ મુજબ, વિરાટ કોહલીને એમપીએલનો પ્રચાર કરવા માટે વાર્ષિક 175-200 કરોડ રૂપિયા મળતા હતા, રોહિત શર્મા ડ્રીમ-11થી વાર્ષિક 50-60 કરોડ રૂપિયાની કમાણી કરતો હતો, તેવી જ રીતે જસપ્રીત બુમરાહ, હાર્દિક પંડ્યા અને કૃણાલ પંડ્યા, મોહમ્મદ સિરાજ, શુભમન ગિલ અને યશસ્વી જયસ્વાલ જેવા ખેલાડીઓ ઓનલાઈન ગેમિંગનો પ્રચાર કરતા હતા. જોકે હવે આ પ્લેટફોર્મ બંધ થવાથી હવે આ બધા ખેલાડીઓ પોતાની આવક ગુમાવશે.

# વન ડે રેન્કિંગ ભારતનોમાં દબદબો : ટોપ 5માંથી 3 ભારતના, રોહિત-ગિલ ટોપ પર

**નવીદિલ્હી**

ICC ના તાજેતરના રેન્કિંગમાં શુભમન ગિલ અને રોહિત શર્મા બેટ્સમેનોની યાદીમાં ટોપ પર યથાવત છે, જ્યારે વિરાટ કોહલી ચોથા નંબર પર છે. બીજી તરફ તાજેતરમાં મેકેમાં સીરિઝની છેલ્લી મેચમાં દક્ષિણ આફ્રિકા સામે રેકોર્ડ જીત બાદ ઓસ્ટ્રેલિયન ખેલાડીઓને પણ ફાયદો થયો છે. જોકે, દક્ષિણ આફ્રિકાએ સીરિઝ જીતી લીધી હતી. ગિલ (784 રેટિંગ પોઈન્ટ) અને રોહિત (756) અનુક્રમે પ્રથમ અને બીજા સ્થાને યથાવત છે, જ્યારે પાકિસ્તાનનો બાબર આઝમ (739) ટોપ 3માં સામેલ છે. કોહલીના 736 પોઈન્ટ છે. ભારતીય ટીમે તાજેતરના મહિનાઓમાં વનડેમાં હિસ્સો નથી લીધો, પરંતુ બોલરોની તાજેતરની વનડે રેન્કિંગમાં કુલદીપ યાદવ (650) અને રવિન્દ્ર જાડેજા (616) હજુ પણ અનુક્રમે ત્રીજા અને નવમા નંબર પર છે. રોહિત અને કોહલીએ T20 અને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે પરંતુ તેઓ બંને વનડે ફોર્મેટમાં સક્રિય છે. રોહિત અને કોહલી બંનેએ છેલ્લે ફેબ્રુઆરી 2025માં સંયુક્ત આરબ અમીરાતમાં ICC ચેમ્પિયન્સ ટ્રોફી દરમિયાન વનડે મેચ રમી હતી, જેમાં તેઓએ ભારતના ટાઈટલ અભિયાનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

ઓસ્ટ્રેલિયાએ દક્ષિણ આફ્રિકા સામે મેકેમાં રમાયેલી ત્રીજી અને અંતિમ વનડેમાં બે વિકેટ પર 431 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો જેમાં તેના ત્રણ બેટ્સમેન ટ્રેવિસ હેડ (142), મિશેલ માર્શ (100) અને કેમેરોન ગ્રીન (અણનમ 118) એ સદી ફટકારી હતી. આ પ્રદર્શનના કારણે આ ત્રણેયને રેન્કિંગમાં ઘણો ફાયદો થયો છે.

# BWF ચેમ્પિયનશિપ : પીવી સિંધૂએ વિશ્વની નંબર-૨ ખેલાડીને હરાવી

**પેરિસ**



ભારતની દિગ્ગજ બેડમિન્ટન સ્ટાર પીવી સિંધૂએ ગુરુવારે બીડબલ્યૂએફ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં શાનદાર પ્રદર્શન કરીને સાબિત કરી આપ્યું છે કે તે હજુ સુધી પૂર્ણ થઈ નથી અને તેનામાં હજુ પણ જીતની ભૂખ બાકી છે. ૩૦ વર્ષીય સિંધૂએ પોતાનો વિન્ટેજ ટચ પાછો મેળવતા વિશ્વની નંબર બે ખેલાડી વાંગ ઝી યીને હરાવીને આગેકૂચ કરી હતી. વાંગ ઝી યી વર્તમાન સીઝનમાં સૌથી સાતત્યતાપૂર્ણ પ્રદર્શન કરનારી બેડમિન્ટન ખેલાડી રહી છે. સિંધૂએ વાંગને સીધા સેટમાં હરાવીને ટૂર્નામેન્ટની બહાર કરી દીધી હતી. સિંધૂએ ૨૧-૧૭, ૨૧-૧૫થી જીત મેળવી હતી અને આ જીતની સાથે જ ભારતીય બેડમિન્ટન સ્ટાર ટૂર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશી ગઈ છે. તે ૨૦૨૧ બાદ પહેલીવાર આ વર્લ્ડ ચેમ્પિયનશિપની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશી છે.

# દિગ્ગજ ભારતીય બેટ્સમેન ચેતેશ્વર પુજારાની તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ

**રાજકોટ**



ભારતના દિગ્ગજ બેટ્સમેન અને સૌરાષ્ટ્રના સુપરસ્ટાર ખેલાડી ચેતેશ્વર પુજારાએ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી છે. ટેસ્ટ ક્રિકેટમાં લાંબો સમય પીચ પર ટકીને મોટી ઈનિંગ રમવા માટે જાણીતા ૩૭ વર્ષના પુજારાએ ૧૩ વર્ષની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં ૧૦૩ ટેસ્ટમાં ૪૩.૬૦ની સરેરાશથી કુલ ૭૧૯૫ રન નોંધાવવાની સાથે વિક્રમોની હારમાળા સર્જી હતી. તેણે ટેસ્ટમાં ૧૯ સદી અને ૩૫ અડધી સદી પણ નોંધાવી હતી.

ટેસ્ટ સ્પેશિયાલીસ્ટ બેટ્સમેન તરીકેની ઓળખ ધરાવતા પુજારાએ સોશિયલ મીડિયામાં ભાવુક પોસ્ટ લખીને ભારતીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી. ઘરઆંગણાના ક્રિકેટમાં પણ રનના ઢગલા ખડકનારા પુજારાની નિવૃત્તિની અપેક્ષા ભારતીય ક્રિકેટ ચાહકોને હતી. તે છેલ્લે ૨૦૨૩ની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં રમ્યો હતો, અને ત્યાર બાદ પસંદગીકારોએ યુવા ખેલાડીઓ તરફ વધુ ધ્યાન આપતાં તેને તક મળી નહતી. પુજારાએ સોશિયલ મીડિયા પોસ્ટમાં નિવૃત્તિ જાહેર કરતાં તેનું સમર્થન કરનારા તમામનો આભાર માન્યો હતો.

# દિગ્ગજ સ્પિનર રવિચંદ્રન અશ્વિનની IPLમાંથી પણ સંન્યાસની જાહેરાત

**। ચેન્નઈ ।**



ટીમ ઈન્ડિયાના પૂર્વ દિગ્ગજ સ્પિનર રવિચંદ્રન અશ્વિને હવે આઈપીએલમાંથી પણ નિવૃત્તિની જાહેરાત કરી છે. તેણે બુધવારે એક ટ્વિટ મારફત આઈપીએલમાંથી સન્યાસની જાહેરાત કરી હતી. તે IPLની ગત સિઝનમાં પાંચ વાર ચેમ્પિયન રહેલી ચેન્નઈ સુપર કિંગ્સ ટીમનો ભાગ હતો. જોકે, તેનું પ્રદર્શન ખાસ રહ્યું નહોતું. ચેન્નઈએ અશ્વિનને ૯.૭૫ કરોડની માતબર રકમ આપીને ખરીદ્યો હતો. છેલ્લા કેટલાક સમયથી આ વાતો ચાલી રહી હતી કે સીએસકીની ટીમ અશ્વિનને રિલીઝ કરી શકે છે. આ મુદ્દે અશ્વિને ફ્રેન્ચાઈઝી પાસે સ્પષ્ટીકરણ પણ માગ્યું હતું. જેનાથી સ્પષ્ટ થયું હતું. કે અશ્વિન અને સીએસકે વચ્ચે બધું ઠીકઠાક નથી. હવે તેણે નિવૃત્તિની જાહેરાત કરીને ફરીવાર બધાને ચોંકાવી દીધા છે. કહેવાય છે કે અશ્વિનનો સીએસકેથી મોહ ભંગ થઈ ગયો છે. અશ્વિને આ ફ્રેન્ચાઈઝી સાથે જ પોતાની 111. કેરિયરની શરૂઆત કરી હતી અને તેમાં જ પોતાની 1P1. કેરિયરનો અંત આણ્યો છે. ચેન્નઈનો રહેવાસી અશ્વિન ૨૦૦૯થી ૨૦૧૫ સુધી ચેન્નઈ સુપર કિંગ્સનો ભાગ હતો. આ વર્ષે IPLમાં તે નવ મેચ રમ્યો હતો જેમાં તેના નામે સાત વિકેટ જ હતી.

# ભારતીય ફૂટબોલની પ્રતિષ્ઠા દાવ પર : FIFA 30 ઓક્ટો. સુધીનું અલ્ટિમેટમ

**નવીદિલ્હી :** વિશ્વ ફૂટબોલની નિયામક સંસ્થા FIFAએ અખિલ ભારતીય ફૂટબોલ મહાસંઘ (AIFT) ને તેના બંધારણના અમલીકરણમાં વિલંબ મુદ્દે પત્ર લખ્યો છે અને સાથે જ સસ્પેન્શનની પણ ધમકી આપી છે. પત્રમાં કહેવાયું હતું કે અખિલ ભારતીય ફૂટબોલ મહાસંઘના સંશોધિત બંધારણને અંતિમ સ્વરુપ પદાન કરવા અને તેને લાગૂમાં કરવામાં સતત નિષ્ફળતાને કારણે ભારતીય ફૂટબોલમાં અસ્થિર શૂન્યતા અને કાનૂની અનિશ્ચિતના પેદા થઈ ગઈ છે. AIFFને ૩૦ ઓક્ટોબર સુધીની સમયમર્યાદા આપતા ફિફાએ તેને સર્વોચ્ચ અદાલતથી ALFFના બંધારણને મંજૂરી આપનાર એક નિશ્ચિત આદેશ પ્રાપ્ત કરવા માટે કહેવાયું છે.

# એશિયા કપ હોકીનો આજથી પ્રારંભ

## એશિયા કપમાં દર્શકોને મળશે ફ્રી એન્ટ્રી

**રાજગીર**



ત્રણ વારની ચેમ્પિયન ભારતીય ટીમ છેલ્લા કેટલાક અરસાથી જોવા મળી રહેલા નબળા ફોર્મને પાછળ રાખીને એશિયા કપ હોરી ટૂર્નામેન્ટ જીતીને આવતા વર્ષે યોજાનારા વર્લ્ડ કપમાં સ્થાન મેળવવાના ઈરાદા સાથે મેદાનમાં ઊતરશે. ટીમ ઈન્ડિયાએ પોતાની પહેલી મેચ શુક્રવારે ચીન સામે રમવાની છે. ભારત અને ચીન પૂલ-એમાં જાપાન અને કઝાકિસ્તાન સાથે છે. જ્યારે પૂલ-બીમાં પાંચ વારની ચેમ્પિયન ટીમ દક્ષિણ કોરિયા, મલેશિયા, બાંગ્લાદેશ અને ચાઈનીઝ તાઈપેઈ છે. પાકિસ્તાને સુરક્ષા કારણોસર પોતાનું નામ ટૂર્નામેન્ટમાંથી પરત લઈ લીધું હતું. હોકી ઈન્ડિયાએ ગુરુવારે જાહેરાત કરી કે 29 ઓગસ્ટથી શરૂ થનારી એશિયા કપમાં દર્શકોને મેચ જોવા નિશુલ્ક પ્રવેશ મળશે. હોકી ઈન્ડિયાએ એક જાહેરાતના જણાવ્યું કે દર્શકો www.ticketgenie.in અથવા હોકીની ડિજિટલ વેબ સાઈટ પરથી નિ:શુલ્ક ટિકિટ મેળવી શકે છે.

# બે વારની વિમ્બલ્ડન ચેમ્પિયન પેત્રા ક્વિતોવાની નિવૃત્તિની જાહેરાત



**ન્યૂયોર્ક :** બે વારની વિમ્બલ્ડન ચેમ્પિયન પેત્રા કિવતોવાએ પોકેશનલ ટેનિસને અલવિદા કહી દીધું છે. અમેરિકન ઓપન ૨૦૨૫ના પહેલા રાઉન્ડમાં ડાયને પેરી સામે થયેલા પરાજય બાદ આ દિગ્ગજ મહિલા ટેનિસ ખેલાડીએ રિટાયરમેન્ટની જાહેરાત કરી હતી. વિતોવાનો ૬-૧ અને ૬-૦થી સીધા સેટમાં પરાજય થયો હતો. મેચ પૂરી થયા બાદ આ ખેલાડીની આંખોમાં આંસુ આવી ગયા હતા. પ્રેક્ષક ગેલેરીમાં હાજર તેના પતિ અને કોચ જિરિ વાનેકે તેને ગળે લગાવી લીધી હતી. ગયા વર્ષે જુલાઈમાં પોતાના પુત્રને જન્મ આપનારી ક્વિતોવા ૧૭ વર્ષ બાદ કોર્ટ પર પરત ફરી હતી. તેણે આ વર્ષની શરૂઆતમાં જ કહી દીધું હતું કે આ વર્ષે અમેરિકન ઓપન તેની અંતિમ ટૂર્નામેન્ટ રહેશે.

# ટેરિફ સામે ભારત 40 દેશો સાથે મળી ડીલનો પ્લાન ઘડશે

## ભારતે કાપડ નિકાસ વધારવા સાથે બ્રિટન, જાપાન અને દક્ષિણ કોરિયા સહિત 40 મુખ્ય બજારોમાં પ્રવેશ કરવાની યોજના બનાવી

**વૉશિંગ્ટન**

અમેરિકન ટેરિફને કારણે ટેક્સટાઈલ સેક્ટર(કાપડ ક્ષેત્રે) સૌપ્રથમ અને સૌથી મોટું સંકટ તોળાઈ રહ્યું છે, કારણ કે અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર કુલ 50 ટકા ટેરિફ લાદ્યો છે, જેમાંથી 25 ટકા પેનલ્ટી તરીકે છે. ભારતે અમેરિકાના આ નિર્ણયને એકતરફી અને અયોગ્ય ગણાવ્યો છે. આ સાથે ભારતે અન્ય વિકલ્પો પર પણ વિચાર કરવાનું શરૂ કર્યું છે, જેથી ટેરિફની અસર ઘટાડી શકાય.

વાસ્તવમાં ભારતમાં મોટી સંખ્યામાં લોકો ટેક્સટાઈલ સેક્ટર સાથે સંકળાયેલા છે, જેના કારણે લાખો લોકોની નોકરીઓ જોખમમાં છે, કારણ કે ટેરિફને કારણે અમેરિકામાંથી કપડાંની માગ ઘટવાની છે. જો ઓર્ડરમાં ઘટાડો થશે, તો તેની અસર ઉત્પાદન પર જોવા મળશે, જેની સીધી અસર રોજગાર પર પડશે. તેથી, હવે ભારત સરકાર અમેરિકન બજારના વિકલ્પ તરીકે લગભગ 40 અન્ય બજારો એટલે કે અન્ય દેશોમાં કપડા નિકાસ કરવાનું વિચારી રહી છે.

સમાચાર એજન્સી પીટીઆઈએ બુધવારે જણાવ્યું હતું કે, ભારતે તેની કાપડ નિકાસ વધારવાની અને બ્રિટન, જાપાન અને દક્ષિણ કોરિયા સહિત 40 મુખ્ય બજારોમાં પ્રવેશ કરવાની યોજના બનાવી છે જેથી યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા લાદવામાં આવેલી 50 ટકા દંડાત્મક આયાત ડ્યુટીની અસર ઓછી થાય.



## રઘુરામ રાજને ટેરિફ મુદ્દે ભારતને ચેતવતા કહ્યું, વેપાર હવે હથિયાર બની ગયો છે

ભારતીય રિઝર્વ બેન્કના પૂર્વ ગવર્નર અને પ્રખ્યાત અર્થશાસ્ત્રી ડૉ. રઘુરામ રાજને અમેરિકા દ્વારા ભારત પર લાદવામાં આવેલા ટેરિફને અત્યંત ચિંતાજનક ગણાવ્યું હતું. તેમણે ભારતને કોઈપણ એક વેપાર ભાગીદાર પર નિર્ભરતા ઘટાડવાને લઈને સ્પષ્ટ ચેતવણી જણાવી હતી. બુધવારથી અમલમાં આવેલા અમેરિકાના 50 ટકા ટેરિફ વિશે વાત કરતા ડૉ. રાજને ચેતવણી આપી હતી કે, 'આજની વૈશ્વિક વ્યવસ્થામાં, વેપાર, રોકાણ અને નાણાંકીય તેજીને હથિયાર બનાવવામાં આવી રહ્યું છે અને આ માટે ભારતને નિશાનો બનાવવામાં આવી રહ્યું છે. એક ઈન્ટરવ્યુમાં વાતચીત દરમિયાન તેમણે કહ્યું કે, 'આ એક ચેતવણી છે. આપણે પૂર્વની તરફ જોવું જોઈએ. યુરોપ, આફ્રિકા બાજુ જોવું જોઈએ અને અમેરિકાની સાથે પણ સંબંધ શરૂ રાખવા જોઈએ. આ સિવાય એવા સુધાર કરવા પડશે જેના કારણે આપણે 8 થી 8.5 ટકાની વૃદ્ધિ હાંસલ કરી શકીએ અને પોતાના યુવાનોને રોજગાર આપી શકીએ. રશિયન ક્રૂડ ઓઈલની આયાત પર પોતાની નીતિ વિશે ફરી એકાવર વિચાર કરવો જોઈએ. આપણે પૂછવું જોઈએ કે, આનાથી કોને ફાયદો થઈ રહ્યો છે અને કોને નુકસાન? રિફાઈનરીઓ ભારે નફો કમાઈ રહ્યા છે. પરંતુ, નિકાસકારો ટેરિફ દ્વારા કિંમત ચૂકવી રહ્યા છે.

## ભારત પીછેહઠ નહીં કરે તો કોઈ રાહત નહીં મળેઃ ટ્રમ્પના સલાહકાર કેવિન હેસેટે

અમેરિકા અને ભારત વચ્ચે વેપાર તણાવ ફરી એકવાર વધ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નિકાસ કરાયેલા માલ પર 50% ટેરિફ લાદી દીધો છે. આ દરમિયાન યુએસ નેશનલ ઈકોનોમિક કાઉન્સિલના ડિરેક્ટર અને વ્હાઈટ હાઉસના સલાહકાર કેવિન હેસેટે કહ્યું છે કે જો ભારત અમેરિકન ઉત્પાદનો માટે પોતાનું બજાર નહીં ખોલે, તો પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાનું વલણ નરમ નહીં કરે. હેસેટે કહ્યું કે જો ભારત પીછેહઠ નહીં કરે, તો મને નથી લાગતું કે પ્રમુખ ટ્રમ્પ પણ કોઈ છૂટ આપશે. વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાત કરતી વખતે તેમણે ભારત સામે અમેરિકન ઉત્પાદનો માટે પોતાનું બજાર ન ખોલવામાં હઠીલું વલણ અપનાવવાનો આરોપ લગાવ્યો અને સંકેત આપ્યો કે જો ભારત પીછેહઠ કરવાનો ઈનકાર કરશે તો પ્રમુખ ટ્રમ્પ પોતાનું વલણ કડક કરી શકે છે.

## 'આ મોદીનું યુદ્ધ છે' પીટર નાવારોએ રશિયા-યુક્રેન યુદ્ધને ભારત સાથે જોડ્યું

અમેરિકન રાજદૂત અને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સલાહકાર પીટર નાવારોએ ભારત અને રશિયા વચ્ચેના તાજેતરના ક્રૂડ ઓઈલ કરાર અંગે ચોંકાવનારૂ નિવેદન આપ્યું છે. તેમણે આરોપ લગાવ્યો કે, ભારત દ્વારા ડિસ્કાઉન્ટેડ રશિયન ક્રૂડ ઓઈલની ખરીદીએ રશિયાના આક્રમણને પ્રોત્સાહન આપ્યું છે અને અમેરિકન કરદાતાઓ પર ભારે બોજ નાખ્યો છે. એટલું જ નહીં, નવારોએ રશિયા-યુક્રેન સંઘર્ષને 'મોદીનું યુદ્ધ' ગણાવ્યું અને ચેતવણી આપી કે, જો ભારત આ નીતિ ચાલુ રાખશે તો અમેરિકાને તેના પર કડક વલણ અપનાવવું પડશે. જો ભારત રશિયન ક્રૂડ ઓઈલ ખરીદવાનું બંધ કરશે તો અમેરિકાના ટેરિફમાં 25% રાહત મળી શકે છે. એક ઈન્ટરવ્યુમાં નવારોએ કહ્યું કે, 'ભારત અસ્પૃશ્ય નથી અને શાંતિનો માર્ગ આંશિક રીતે ભારતમાંથી પસાર થાય છે. નવારોનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે (27 ઓગસ્ટ) ભારતમાંથી આવતા માલ પર 50% ટેરિફ લાદ્યો હતો, જે પશ્ચિમી દબાણ છતાં ભારત દ્વારા રશિયન ક્રૂડ ઓઈલની ખરીદીને રોકવા માટે લાદવામાં આવ્યો છે.

# અમેરિકાની સ્કૂલમાં ગોળીબાર થતાં 3નાં મોત 17 ઘાયલ, હુમલાખોર ભારતનો હતો દુશ્મન

## શાળાના મેદાનમાં બાળકો સવારની પ્રાર્થના કરી રહ્યાં હતાં ત્યારે ગોળીઓ વરસાવી

**મિનિયાપોલીસ**

અમેરિકાના મિનિયાપોલીસ શહેરમાં આવેલ એક કેથોલિક સ્કૂલમાં બુધવારે સવારે કરવામાં આવેલ ગોળીબારમાં ત્રણ લોકોનાં મોત થયા છે અને ૧૭ લોકો ઘાયલ થયા છે.

પોલીસના જણાવ્યા અનુસાર સ્કૂલની બાજુમાં આવેલા ચર્ચની બારીમાંથી હુમલાખોરે ગોળીબાર કર્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર શાળામાં બાળકો સવારની પ્રાર્થના કરી રહ્યાં હતાં ત્યારે આ ગોળીબાર કરવામાં આવ્યો હતો.



હવે અહેવાલો સામે આવ્યા છે કે, હુમલાખોર રોબિન વેસ્ટમેન ભારતનો દુશ્મન હતો. તેણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા એક વીડિયોમાં ભારત પર બોમ્બ ફેંકવાનો મેસેજ પણ જોવા મળ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર હુમલાખોર પાસે રાયફલ, શોટગન અને પિસ્તોલ હતી. મૃતકોમાં હુમલાખોર પણ સામેલ છે. હુમલાખોરની ઉંમર ૨૦ વર્ષની આસપાસ હોવાનો અંદાજ છે. મૃત્યુ પામેલા બાળકોની ઉંમર ૮ થી ૧૦ વર્ષની વચ્ચે છે. સ્થાનિક મીડિયાના જણાવ્યા અનુસાર બાળકો શાળાના મેદાનમાં સવારની પ્રાર્થના કરી રહ્યાં હતાં ત્યારે આ ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ સ્કૂલ કેથોલિક ચર્ચની બાજુમાં અને મિનિયાપોલીસના દક્ષિણ પૂર્વમાં આવેલા રહેણાંક વિસ્તારમાં આવેલી છે.

# યોર્કશાયરના જંગલમાં આગ ફાટી નીકળ્યા બાદ અચાનક વિસ્ફોટ થયા

**યોર્કશાયર**

ઈંગ્લૅન્ડના યોર્કશાયરના જંગલમાં આગ ફાટી નીકળ્યા બાદ અચાનક વિસ્ફોટ થયા હતા. આ વિસ્ફોટના કારણે જંગલમાં આગ ઝડપથી પ્રસરી હતી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન કાદવ-કીચડવાળા વિસ્તારમાં છુપાવેલા બોમ્બ અને ટેન્ક શેલ જંગલના દાવાનળની ઝપેટમાં આવી જતાં વિસ્ફોટ થયા હતા.

મીડિયા રિપોર્ટ અનુસાર, નોર્થ યોર્ક મૂર્સના જંગલ વિસ્તારમાં દાવાનળ ફાટ્યો હતો. જેના કારણે, બીજા વિશ્વયુદ્ધ દરમિયાન છુપાવેલા અજાણ્યા બોમ્બ અને ટેન્ક શેલ ફૂટી રહ્યા છે. વિસ્ફોટને કારણે આસપાસના લોકો ભયભીત બન્યા છે. લોકો પોતાનું ઘર છોડી સુરક્ષિત વિસ્તારમાં આશરો લઈ રહ્યા છે. વહીવટીતંત્રે સ્થાનિક રહેવાસીઓને હાલ આ વિસ્તારથી દૂર રહેવાની ચેતવણી આપી છે. ગત સપ્તાહે આ દાવાનળ પર કાબૂ મેળવાયો હતો, પરંતુ હવાની દિશા બદલાતા અને તાપમાન વધતાં 24 કલાકમાં જ આગએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. જંગલમાં એકપછી એક બોમ્બ બ્લાસ્ટના કારણે અન્ય વિસ્તારોમાંથી ઈમરજન્સી ટુકડીઓ મદદ માટે બોલાવવામાં આવી છે. ફાયર બ્રિગેડની ટીમ છેલ્લા બે સપ્તાહથી લેંગડેલ મૂરમાં આગ ઓલવવાનો પ્રયાસ કરી રહી છે.

## જાપાન અને ભારત પાંચ વર્ષમાં પાંચ લાખ સ્કિલ્ડ લોકોનું આદાન પ્રદાન કરશે

**ટોક્યો**

જાપાનના વડાપ્રધાન ઈશિબા શિગેરુ અને તેમના ભારતીય સમકક્ષ નરેન્દ્ર મોદી આગળના પાંચ વર્ષોમાં બંને દેશો વચ્ચે ૫ લાખથી વધુ લોકોના આદાન પ્રદાન સંબંધી સમજૂતી પર વિચાર કરી રહયા છે. જાપાનના સમાચારપત્ર એનએચકેના જણાવ્યા અનુસાર ઈશિબા અને મોદી શુક્રવારે જાપાનમાં વાતચીત કરશે જેમાંનો એક મુખ્ય વિષય લોકોના આદાન પ્રદાનને વધારવાનું રહેશે. જાપાન ભારતથી ૫૦ હજાર લોકો લાવવાનું યોજના બનાવી રહયું છે. આ ઉચ્ચ કૌશલ કર્મીઓ ખાસ કરીને વિજ્ઞાન અને એન્જીનિયરિંગના ક્ષેત્રમાં જાપાનને આર્થિક વિકાસ અને ક્ષેત્રીય પુનરોધ્ધાર માટે મદદ કરશે. બંને નેતાઓ વચ્ચે ચંદ્રના દક્ષિણ ધ્રુવની આસપાસના ક્ષેત્રમાં સંશોધન માટે પણ સહમતિ થવાની શકયતા છે.

## નેતાઓની ધરપકડના વિરોધમાં બલુચોના કલાત, કરાચી અને ઈસ્લામાબાદમાં દેખાવો

**કલાત**

જે બલુચ નેતાઓને બળજબરીથી પાકિસ્તાની લશ્કરે ઉઠાવી જઈ તેમને 'ગુપ્તવાસ'માં ધકેલી દીધા છે. તે નેતાઓનાં કુટુમ્બીજનો ૪૦ દિવસથી ધરણાં કરી રહ્યાં છે, વિવિધ દેખાવો યોજી રહ્યા છે. હાથમાં પ્લેકાર્ડઝ લઈ પોતાનો વિરોધ પ્રદર્શિત કરી રહ્યાં છે. આ કરામ તથા ઈસ્લામાબાદમાં પણ રહેલા બલુચોએ પણ માર્ગો ઉપર બેસી જઈ માર્ગો બંધ કરી બહુવિધ દેખાવો યોજ્યા હતા. આ દેખાવકારોની આગેવાની 'બલુચ-માનવ-અધિકાર સમિતિ' બલુચ-યકજેથી-કમીટીએ



(બીવાયસીએ) લીધી છે. આ દેખાવકારોમાં જે નેતાઓને બળજબરીથી ઉઠાવી દેવાયા છે. તેમનાં કુટુમ્બીજનો તો છે જ સાથે અન્ય બલુચો પણ જોડાયા છે. બલુચિસ્તાનમાં ભયંકર તડકો અને ઓચિંતા થતાં વરસાદનાં ઝાપટાં વચ્ચે પણ આ દેખાવકારોનાં ધરણાં ચાલુ રહ્યાં છે. આજે તે દેખાવોનો ૪૨મો દિવસ છે.

## અમેરિકન એરફોર્સનું એક F-35 જેટ અલાસ્કામાં ક્રેશ થયું, પાયલટનો બચાવ

**લંડન**

અમેરિકાને પોતાના F-35 ફાઈટર જેટ પર ખૂબ જ ગર્વ છે અને તે તેને વિશ્વનું સૌથી અદ્યતન ફાઈટર જેટ કહે છે. પરંતુ, તાજેતરની ઘટનાઓએ આ જેટ વિશે વિશ્વભરમાં આશ્ચર્ય પેદા કર્યું છે. અહેવાલો અનુસાર, અમેરિકન એરફોર્સનું એક F-35 જેટ અલાસ્કામાં ક્રેશ થયું હતું. અકસ્માત પહેલા, પાયલોટે વિમાનને બચાવવા માટે શક્ય તમામ પ્રયાસો કર્યા હતા. વિમાનની ખરાબીને ઠીક કરવા પાયલોટે લૉકહીડ માર્ટિનના પાંચ એન્જિનિયરો સાથે 50 મિનિટ સુધી હવામાં કોન્ફરન્સ કોલ પર વાત કરી. જ્યારે આ પ્રયાસ નિષ્ફળ ગયો, ત્યારે પાયલોટે પેરાશૂટની મદદથી વિમાનમાંથી કૂદવું પડ્યું અને બાદમાં જેટ અલાસ્કામાં રનવે પર ક્રેશ થયું હતું.


HONEST - DEDICATED - TEAMWORK
Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.
PINNACLE
REAL ESTATE GROUP
CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!
Free Staging
Free Professional Photography & virtual tour
Free Marketing, Flyers, Newspapers, Media Advertising
Free Comparative Market Analysis
Team of Professional for same price as hiring a single realtor
Over 15 years of combined experience
No Pressure
No Obligation
Just Answers to Your Questions.. Its that Simple!
JUST LISTED
594 Herbert St. Pembroke
$499,000
Welcome to this charming East End Hi-Ranch home, perfectly situated within walking distance to schools, shopping, and all essential amenities! This spacious and well-maintained home features 5 bedrooms, 2 full bathrooms, and the potential for a 6th bedroom in the lower level ideal for growing families, those seeking additional space or for an investment. On the main floor, you'll find: A bright and open living room flowing seamlessly into the dining area, An updated kitchen with plenty of cabinetry, counter space, and direct access to the back deck. Step outside to enjoy the deck, perfect for entertaining or relaxing, plus a storage shed included with the home. Three well-sized bedrooms, including a primary bedroom with cheater-door access to the 5-piece main bathroom featuring a double vanity. The fully finished lower level offers, Two additional bedrooms, A large family room with a cozy electric fireplace, A multi-purpose office/workshop (which can easily be converted into a 6th bedroom), A laundry room, storage room, and a utility closet. You can easily turn the basement into a rental suite for an extra income. This home has lots to offer, you won't be disappointed.
JUST LISTED
163 Atkinson Blvd. London (Trafalgar/Clarke)
$649,000
Live upstairs and rent the basement for an extra income. Thousands spent $$$ on this two- bedroom Legal basement 2 bedroom apartment with an ensuite laundry. Three good-sized bedrooms on the main floor, renovated bathroom. The updated kitchen has a new backsplash, breakfast bar, and stainless steel appliances. No carpet. There is a large double-sized driveway for multiple car parking. It is close to all amenities, such as schools, colleges, parks, transit, Hwy 401, and much more. Near Fanshawe College and Western University.
JUST LISTED
129 Pullen Lane, Ajax
$699, 900
Must see 3 Bedroom 3 Bath impeccably finished home in Ajax! Spectacular carpet free floors throughout, stainless steel appliances, and more. Open concept main floor with powder room, recreational style finished basement with custom-finished flat ceiling, spacious bedrooms with excellent lighting on the upper floor. Master bedroom has walkout balcony, overlooking expansive park/green space. Close to schools, shopping, restaurants, hiking trails, cinema. You don't want to miss this rare opportunity.
You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.
Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !
Shamim & Amin Kharodia
Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676
Grand Centurion Office
Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.


હવે પ્રાથના હોલ અને સ્મશાન ઘર એકજ સ્થળે
Chapel Ridge
Funeral Home & Cremation Centre
North Toronto
Crematorium Inc.
in partnership with
Chapel Ridge
FUNERAL HOME & CREMATION CENTRE
North Toronto
CREMATORIUM
Vilo
Licensed Funeral Director
(416) 993-0826
Harjinder
Licensed Funeral Director
(647) 966-0093
Christeen
Licensed Funeral Director
(416) 258-6759
Kirti
Licensed Funeral Preplanner
(416) 417-0182
Complete Funeral Package Pricing $4895.00 Includes HST
GUARANTEED LOWEST PRICE
Same Day Funeral Service with 1 hour visitation prior to service, including all professional fees and preparation
Batesville Grey Doeskin Casket
Cremation and Witnessing Fee at North Toronto Crematorium or St John's Dixie Crematorium in Mississauga
Coroner, Death Registration and BAO Fee
Not included: Flowers, Limousines, Clergy or Musician Fees, Urns
Facilities also available in Mississauga
Everything in one Place!
2 Stalwart Industrial Drive, Gormley
(close to Highway 404 and Stouffville Road)
Newly built large Chapel with Crematorium on-site - everything in one place!
8911 Woodbine Ave., Markham (4 blocks north of Hwy 7)
info@chapelridgefh.com • www.chapelridgefh.com
905-305-8508
info@northtorontocrematorium.com
www.northtorontocrematorium.com
289-578-1288

# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent,
QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 /
+1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200
Colonnade Road,
Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1,
Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 /
+1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge,
ON N1R 6R8
+1-647-394-6030 /
+1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com



# MOTEL for SALE

## NIRAJ PANCHOLI, REALTOR®

Mechanical Engineer (Ahmedabad, India)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011

Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



**MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels**

**SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner**

**36 Room EconoLodge by Choice Hotels in Huntsville - $4.2M**
Built by the current owener 20 years ago
Well maintained Rooms – No PIP

- **54 Room RESORT in Gananoque (1000 Islands) – Asking $3.2M (Seasonal Operation)**
7 Acres Land, Indoor / Outdoor Pool, Restaurant, Bar, Party Room – Option to operate year round

- **54 Room HOTEL in Gananoque (1000 Islands) – Asking $5.5M (Year Round Operation)**
Renovated and Upgraded Room, Outdoor Pool, Restaurant and Bar

**17 Room Motel in Huntsville - $2.5M**
Renovated and Upgraded Room
Located in downtown, everything is close by

- **78 Room HOTEL Ramada By Wyndham Hotels – Asking $6.9M - SOLD**

- 43 Room Motel + Restaurant 241 Pizza with Building in Cochrane – $4.5M
- 40 Room Motel only (without Restaurant Building & 3 Motel Rooms) - $3.8M
- Only Restaurant 241 Pizza Builing with 3 Motel Room - $900K

Both businesses are money making, both are Absentee Owner – ideal for owner operator
(Buyers option – to buy entire property OR just Motel OR just Restaurant & Building)

**21 Room Motel in Gravenhurst - $1.7M**
100% occupancy by longterm customers
living for many years – Selling AS IS – Buyer
to assume all customers on closing

**12 Room Motel in Blind River - $1,050,000**
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

**17 Room Motel near Chatham - $1.7M**
With 2 BR fully renovated house, One Man
Opertion and operating costs are under $40K

**Motel Jobs AND Working Partner (min 200K to invest) opportunity – Northern Ontario**
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
**(must be on WP, PR or Citizen)**
Acomodation + Compititive Salary

**15 Room Motel + 1BR Apt nr Sudbury - $1.2M**
Indoor Corridor, Restaurant & Bar (closed)
Easy one man operation

**10 Room Motel & Restaurant in Manitulin Island - $799,000**
Nicely renovated, year round buniness

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100